અમદાવાદ સ્ટોક ટુડે

સોમવાર, 2 નવેમ્બર, 2026 ■ વર્ષ 13 અંક-107 | અમદાવાદ ■ તંત્રી : સીમા શાહ

કિંમત : ₹ 2 કુલ પાના-16 | વાર્ષિક લવાજમ ₹104

RNI No. GUJGUJ/2013/52004 ■ TC Code : GUJGUJ14760 ■ Rg. No. 124559

Subject to Juridiction Ahmedabad Email : stocktodaynews@gmail.com

સુવિચાર

બહુ મોટા બનવાની કોશિશ ન કરતા સાહેબ કારણ કે મોટા થવાથી તો માતા પણ કેરેથી નીચે ઉતારી દે છે. તો પછી આ તો દુનિયા છે

પેજ-16

ખેડૂત પ્રશ્ને ભાજપ સરકાર સામે કોંગ્રેસનું આંદોલન, વિવિધ ઝોનમાં 'કિસાન અધિકાર ધરણાં' યોજાશે

અમદાવાદમાં રમાઈ રહેલી કોમનવેલ્થ કબડ્ડી ચેમ્પિયનશિપમાં બાંગ્લાદેશને હરાવી ભારતીય પુરૂષ કબડ્ડી ટીમ ફાઇનલમાં



નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી ઉપસ્થિત રહી ખેલાડીઓનો ઉત્સાહ વધાર્યો

અમદાવાદઃ અમદાવાદમાં યોજાઈ રહેલી કોમનવેલ્થ કબડ્ડી ચેમ્પિયનશિપ-2026માં ભારતીય પુરુષ કબડ્ડી ટીમે શાનદાર પ્રદર્શન કરીને ફાઇનલમાં પ્રવેશ મેળવ્યો છે. નારણપુરા સ્થિત વીર સાવરકર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતે રમાયેલી સેમિફાઇનલમાં ભારતે બાંગ્લાદેશને 56-27ના વિશાળ અંતરથી પરાજય આપ્યો હતો.

ભારત અને બાંગ્લાદેશ વચ્ચે રમાયેલી આ સેમિફાઇનલ મેચ નિહાળવા રાજ્યના નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી ખાસ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે સ્ટેડિયમમાં હાજર રહી ભારતીય ખેલાડીઓનો ઉત્સાહ વધાર્યો હતો અને તેમના શાનદાર પ્રદર્શનને બિરદાવ્યું હતું.

મેચ પૂર્ણ થયા બાદ ટૂર્નામેન્ટમાં પોતાની સફર પૂર્ણ કરનારી બાંગ્લાદેશની ટીમના ખેલાડીઓ તેમજ કોચિંગ સ્ટાફનું પણ હર્ષ સંઘવીના હસ્તે મેડલ અને ટ્રોફી એનાયત કરીને સન્માન કરવામાં આવ્યું હતું. ઉલ્લેખનીય છે કે, આ ચેમ્પિયનશિપમાં ભારતીય મહિલા કબડ્ડી ટીમ પણ અગાઉ ફાઇનલમાં પ્રવેશ મેળવી ચૂકી છે. આમ, ભારતીય પુરુષ અને મહિલા બંને ટીમોએ ફાઇનલમાં સ્થાન મેળવી દેશનું ગૌરવ વધાર્યું છે.

રવિ ઈન્ફ્રાબિલ્ડના ભાગીદાર રવિકુમાર સામે ચેક રિટર્નની ફરિયાદ



અમદાવાદ સ્થિત રવિ ઈન્ફ્રાબિલ્ટ પાર્ટનરશીપ ફર્મના ભાગીદાર રવિકુમાર જગદીશભાઈ સુથાર કે જેઓ અમદાવાદ મુકામે કન્સ્ટ્રક્શનનું કામકાજ કરે છે, જેઓને તેમના ધંધાની જરૂરીયાત અર્થે બિલ્ડીંગ મટીરીયલની ખરીદી રાજકોટ મુકામે આવેલ એવી મેટાલોયઝ ભાગીદારી પેઢી પાસેથી રકમ રૂા.8,59,438નો ઉધારમાં માલ ખરીદ કરેલ. બાકી લેણી રકમ ચુકવવા રવિ ઈન્ફ્રાબિલ્ટ પાર્ટનરશીપ ફર્મનો ચેક રવિકુમાર સુથારએ સહિ કરી એવી મેટાલોયઝ ભાગીદારી પેઢીને આપેલ. ચેક ફંડ ઈન્સફીશ્યન્ટના શેરા સાથે વગર વસુલે પરત ફરેલ. જેથી રાજકોટની કોર્ટમાં ફરિયાદ દાખલ કરાઈ હતી. ફરીયાદના આધારે કોર્ટે આરોપી સામે પ્રોસેસ ઈસ્યુ કરી કોર્ટમાં હાજર થવા હુકમ કરેલ છે. આ કેસમાં ફરીયાદી પેઢી વતી એડવોકેટ કિરણભાઈ રૂપારેલીયા, કૃણાલ જે. હાંસલીયા તથા નિરવ કે. રૂપારેલીયા રોકાયેલ છે

પુષ્ય લક્ષ્મીનો મહાસંયોગ, સોના-ચાંદી, ચોપડા, ઘરવખરીની ખરીદી માટે ઉત્તમ દિવસ

સોના-ચાંદીના ભાવ તૂટતાં આજે 1,10 અને 100 ગ્રામના સિક્કાનું ધૂમ વેચાણ થયું



અમદાવાદ : આજે ધાર્મિક અને જ્યોતિષશાસ્ત્રની દ્રષ્ટિએ અત્યંત પવિત્ર ગણાતા ૨૭ નક્ષત્રોના રાજ પુષ્ય નક્ષત્રનો મહાસંયોગ સર્જાયો છે. દિવાળીના પાવન પર્વાના આગમન પુર્વ આવતું આ ખાસ ખરીદી, રોકાણ અને ધાર્મિક કાર્યો માટે અમૃત સિદ્ધ યોગ સમાન માનવામાં આવે છે. વેપારી વર્ગ માટે આગામી નવા વિક્રમ સંવત વર્ષના હિસાબી ચોપડા અને બહી-ખાતા ખરીદવા માટે આ દિવસ સર્વોતમ મનાય છે. નવું મકાન, જમીન, દુકાનનું બુકિંગ કરાવવા કે નવું વાહન ખરીદવા માટે આ મુહુર્ત અતિ શુભ છે. ઘરમાં સુખ-સુવિધા વધારતા ઉપકરણો જેમ કે ફ્રિજ, ટીવી, કેમેરા કે અત્ય હોમ અપ્લાયન્સિસ ખરીદવા માટે પણ નાગરિકોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. તા. ૧થી નવેમ્બરને રવિવારના રોજ રવિ પુષ્ય નક્ષત્રનો દુર્લભ યોગ હોવાથી લોકો આ શુભ સમયગાળામાં પોતાની યથાશક્તિ પ્રમાણે સોનું અને ચાંદી ખરીદયો. છેલ્લા સપ્તાહ દરમિયાન સોના-ચાંદીના બજારમાં મોટો કડાકો જોવા મળ્યો છે, જેના કારણે વેપારીઓમાં એવી ધારણ ધાસુલા છે કે આ વખતે સોનાના ૧ ગ્રામથી માંડીને ૧૦ સુધીના અને ચાંદીના ૧ ગ્રામથી ૧૦૦ ગ્રામ સુધીના સિક્કાઓની ખરીદી મોટા પ્રમાણમાં નીકળશે. આ બાબતને ધ્યાનમાં રાખીને વેપારીઓ લાજા અબાઉથી જ સોના અને ચાંદીના વિવિધ વજનના આદર્થક વેપારીઓના જણાવ્યા મુજબ, ઊંચા ભાવથી સોના-ચાંદીમાં ઘટાડો નોંધાતા આ વખતે નવા રોકાણકારો પણ મોટી સંખ્યામાં ખરીદી માટે આગળ આવે તેવી પૂરી શક્યતા છે. શુકવારના રોજ ચાંદીનો પ્રતિ કિલો બંધ ભાવ રૂ. ૧.૭૮ લાખ હતો, જ્યારે રોકડ વ્યવહારમાં કેટલાક વેપારીઓ દ્વારા રૂ. ૧.૮૨ લાખથી રૂ. ૧.૮૪ લાખ સુધીના ભાવે વેચાણ થઈ રહ્યું છે. દિવાળી પૂર્વના આ શુભ સમયગાળામાં બજારમાં ચાંદીના પાર્કે બિસ્કીટ, ૧ ગ્રામથી ૧૦૦ ગ્રામ સુધીના વિવિધ સિક્કાઓ તેમજ ૧ રૂપિયા અને ૨૫ પૈસાના પતિકાત્મક સિક્કાઓ સહિત માંગ મુજબના ગ્રામના સિક્કાઓ ઉપલબ્ધ બનયાછે, જેનાથી અવેરી બજારમાં ભારે સોનક જોવા મળી રહી છે. તૈયાર કરાયીને રાખવામાં આવ્યા છે. શનિવાર અને રવિવારના રોજ બજાર બંધ રહેતી હોવાથી સોના-ચાંદીના નવા ભાવ ખુલતા નથી, પરિલામે આહકોને શુકવારના બંધ ભાવ મુજબ જ વેચાણ કરવામાં આવશે.

જિલ્લા અદાલતોમાં પડતર કેસો : અમદાવાદ દેશમાં ચોથા ક્રમે, સુરત 80મા સ્થાને

અમદાવાદ : દેશની જિલ્લા અદાલતોમાં અટકેલા (પેન્ડિંગ) કેસો અંગેનાં એક રાષ્ટ્રીય સર્વેક્ષણમાં બહાર આવ્યું છે કે, અમદાવાદ જિલ્લા અદાલત 3.6 લાખથી વધુ પેન્ડિંગ કેસો સાથે સમગ્ર દેશમાં ચોથા ક્રમે છે.

આ ઉપરાંત, કાયદા અને ન્યાય મંત્રાલય દ્વારા દેશભરમાંથી દર્શાવવામાં આવેલા સૌથી વધુ કેસો ધરાવતાં 100 'હોટસ્પોટ' જિલ્લાઓની યાદીમાં ગુજરાતના સુરત જિલ્લાનો પણ સમાવેશ થયો છે, જે 1.3 લાખ કેસો સાથે 80મા ક્રમે છે. અદાલતો પરનું ભારણ ઘટાડવા અને આ સમસ્યાના ઉકેલ માટે કેન્દ્ર સરકાર દ્વારા આ વિશેષ સર્વે કરવામાં આવ્યો છે.



કેન્દ્રીય કાયદા મંત્રાલયની સૂચના મુજબ, 'ગુજરાત નેશનલ લો યુનિવર્સિટી' (GNLU) હવે અમદાવાદ અને સુરત જિલ્લા અદાલતો સાથે મળીને કામ કરશે. આ પ્રોજેક્ટ હેઠળ યુનિવર્સિટીના સંશોધકો અને વિદ્યાર્થીઓ કેસોમાં વિલંબ થવાના મુખ્ય કારણો અને અડચણોનું ગ્રાઉન્ડ લેવલ પર પૃથ્થકરણ (વિશ્લેષણ) કરશે. GNLU ના ડિરેક્ટર પ્રો. એસ. શાંથાકુમારના નેતૃત્વમાં એક ટીમ અદાલતોમાં કેસોનો ઝડપી નિકાલ કરવા માટે જરૂરી વ્યૂહરચનાઓ અને ઉપાયો સૂચવશે.

ન્યાયિક ડેટા અનુસાર, અમદાવાદ જિલ્લા કોર્ટમાં પેન્ડિંગ કેસોમાંથી લગભગ 5 ટકા કેસો 10 વર્ષથી વધુ જૂના છે, જ્યારે 10 ટકા જેટલા કેસો 5 થી 10 વર્ષથી પેન્ડિંગ છે. ન્યાયિક સત્તાધીશો સાથેની પ્રાથમિક ચર્ચામાં જાણવા મળ્યું છે કે, પેન્ડિંગ કેસોમાં ગુનાહિત (ક્રિમિનલ) કેસોની સંખ્યા વધુ છે. પક્ષકારોની ગેરહાજરી, જરૂરી પુરાવા અને દસ્તાવેજોનો અભાવ, વકીલોની ગેરહાજરી અને તકનીકી સમસ્યાઓ જેવા કારણોસર કેસો લાંબા સમય સુધી ખેંચાય છે.

દેશભરની તમામ કોર્ટમાં હાલ 5.8 કરોડથી વધુ કેસો પેન્ડિંગ છે, જેમાં સૌથી વધુ કેસો જિલ્લા અને સબ-ઓર્ડિનેટ અદાલતોમાં છે. કેન્દ્રીય કાયદા રાજ્ય મંત્રી અર્જુન રામ મેઘવાલે દેશની 19 નેશનલ લો યુનિવર્સિટીઓના વાઇસ-ચાન્સેલરો સાથે બેઠક યોજીને આ સમસ્યા પર ચર્ચા કરી હતી. જેમાં બિનજરૂરી કેસોની ઓળખ કરવી, સમાધાન (મેડિએશન), પ્લી બાર્ગેનિંગ અને લોક અદાલત જેવા માધ્યમો દ્વારા કેસોનો ઝડપી નિકાલ લાવવાની સલાહ આપવામાં આવી છે.

આર્મીના 65 વર્ષના રિટાયર્ડ કેપ્ટને ગિરિરાજની પરિક્રમા શીર્ષાસન સાથે કરવાની શરૂ કરી



આર્મીના રિટાયર્ડ કેપ્ટન પૂરન સિંહ ૬૫ વર્ષના છે, પરંતુ ફિટનેસ ભલભલાને હંફાવી દે એવી છે. તેમણે ૨૬ ઑક્ટોબરે શીર્ષાસન કરીને મથુરાના ગિરિરાજજીની પરિક્રમા લગાવવાની શરૂઆત કરી છે. દાનઘાટી મંદિરથી શરૂ થયેલી આ પરિક્રમા ૨૧ કિલોમીટરની છે. તેમની સાથે તેમનાં પત્ની અને અન્ય સહાયક લોકો પણ છે. પૂરન સિંહ શીર્ષાસન કરીને માથા પર આખું બૉડી બૅલેન્સ કરે છે. એ પછી હાથનો સહેજ સહારો લઈને શરીરને હવામાં હલકું ઉઠાવે છે અને થોડુંક આગળ ધપે છે. આ રીતે એક જમ્પમાં તેઓ માત્ર ૧૦-૨૦ સેન્ટિમીટર જેટલું ખસે છે. પહેલા દિવસે તેમણે આ રીતે લગભગ ૫૦૦ મીટર અને બીજા દિવસે ૬૫૦ મીટર અંતર કાપ્યું હતું. એ જોઈને લાગે છે કે તેઓ ૩૫ દિવસ પહેલાં જ શીર્ષાસન સાથે પરિક્રમા પૂરી કરી લેશે. તેઓ દર ૧૦૦ મીટરના અંતરે એક બ્રેક લે છે. સવારે ૮ વાગ્યે પરિક્રમા શરૂ થાય છે જે બપોરે બાર વાગ્યા સુધી ચાલે છે. પરિક્રમા દરમ્યાન તેમનાં પત્ની અને અન્ય સહાયકો શેતરંજી અને કપડું પાથરીને આગળનો માર્ગ તૈયાર રાખે છે. આ પહેલાં પૂરન સિંહે લગાતાર ૪ કલાક સુધી શીર્ષાસન કરવાનો વર્લ્ડ રેકૉર્ડ બનાવ્યો છે.

જબલપુરમાં પત્નીએ પતિને કિડની આપીને જીવ બચાવ્યો, ICUમાં જ કરી કરવા ચૌથની પૂજા



જબલપુરમાં કરવા ચોથના પર્વ પર એક પત્નીએ પતિના લાંબા આયુષ્ય માટે માત્ર ઉપવાસ અને મનોકામના જ નહોતી કરી, પરંતુ તે ખરા અર્થમાં જીવનદાયી બની હતી. બે વર્ષથી દીપક ગુપ્તા નામના પંચાવન વર્ષના ભાઈ કિડનીની ગંભીર બીમારીને કારણે ડાયાલિસિસ પર જીવતા હતા. છેલ્લા ૭ મહિનાથી તો તેમની હાલત ખૂબ જ બગડી ગઈ હતી. એ સમયે પત્ની રશ્મિ ગુપ્તાએ પતિને કિડની ડોનેટ કરી હતી. પચીસ ઑક્ટોબરે રશ્મિ અને દીપક ગુપ્તાનું કિડની ટ્રાન્સપ્લાન્ટનું ઑપરેશન થયું હતું. એ પછી હજીયે બન્ને હૉસ્પિટલમાં જ ભરતી છે. પત્નીની કિડની હવે પતિના શરીરમાં ઍક્ટિવ અને સ્વીકૃત થઈ ગઈ છે અને પતિની હાલત સુધારા પર છે. એમ છતાં હજી ઇન્ટેન્સિવ કૅર યુનિટ (ICU)માં જ સારવાર લઈ રહેલા પતિ માટે પત્નીએ કરવા ચૌથનું વ્રત રાખ્યું હતું અને હૉસ્પિટલમાં જ પૂજા કરી હતી. હૉસ્પિટલ-મૅનેજમેન્ટે પણ તેમને એમ કરવા માટે જરૂરી પ્રોવિઝન કરી આપ્યું હતું. રશ્મિએ હૉસ્પિટલના કપડાંમાં જ વ્હીલચૅર પર બેસીને માસ્ક સાથે જ પતિની દૂરથી પૂજા કરી હતી.

અવાજથી પણ આગ બુઝાવી શકાય એવી ટેક્નોલૉજી બનાવી મેક્સિકોની ટીનેજરે



સામાન્ય રીતે આગ લાગે અથવા તો કોઈ કટોકટીભરી સ્થિતિ સરજાય ત્યારે લોકો સ્વાભાવિકપણે બચાવ માટે બૂમો પાડતા હોય છે. જો આ અવાજ ચોક્કસ ફ્રીક્વન્સીનો હોય તો આગ બુઝાવવામાં મદદરૂપ થઈ શકે છે એવો મેક્સિકોની એક ટીનેજરે દાવો કર્યો છે. ૧૭ વર્ષની ઍન્જેલા કરીમ હનાડિર્ઝે એવું ડિવાઇસ તૈયાર કર્યું છે જે અવાજની મદદથી આગ બુઝાવી શકે છે. આ પ્રોજેક્ટ માટે ટીનેજરને ઇન્ડોનેશિયામાં યોજાયેલા ઇન્ટરનૅશનલ સાયન્સ ઍન્ડ ઇન્વેન્શન ફેરમાં ગોલ્ડ મેડલ મળ્યો છે. ઍન્જેલાએ તેના અંકલ જોસ આર્તુરોની મદદથી વોર્ટેક્સ ટેક નામનું ડિવાઇસ બનાવ્યું છે જે ૩૦ હર્ટ્સની ખૂબ જ લો-ફ્રીક્વન્સીના સાઉન્ડ-વેવ્સ છોડે છે. આ તરંગોથી હવામાં હલચલ પેદા થાય છે જેનાથી નાની આગ તરત બુઝાઈ શકે છે. આ ડિવાઇસમાં બૅટરી, ફ્રીક્વન્સી જનરેટર, ઍમ્પ્લિફાયર અને સ્પીકર વપરાય છે. ઍન્જેલાએ અત્યાર સુધી પ્રયોગો કરીને પાંચ પ્રકારનાં ડિવાઇસ તૈયાર કર્યાં છે જે નાની આગની જ્વાળાઓને તરત શમાવી દે છે અને સ્મૉલ અગ્નિશામક તરીકે કામ આપી શકે છે. અલબત્ત, એને અગ્નિશામકના રિપ્લેસમેન્ટ તરીકે વાપરવાની હજી માન્યતા મળી નથી.

નિયમોનો ભંગ કરવાથી સ્ટુડન્ટ સ્ટેટસ રદ થઈ શકે છે અને દેશ છોડવાની નૌબત આવી શકે : IRCC ની ચેતવણી

કેનેડામાં આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ માટે કામ કરવાના નિયમો કડક : સ્ટડી પરમિટમાં મંજૂરી હોય તો જ નોકરી કરી શકાશે



નવી દિલ્હી : કેનેડાના ઈમિગ્રેશન વિભાગ (IRCC) એ આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ માટે ખાસ ચેતવણી આપતાં સ્પષ્ટ કર્યું છે કે તેઓ કેનેડામાં ત્યારે જ કામ કરી શકે છે જ્યારે તેમની 'સ્ટડી પરમિટ' પર તે માટેની ખાસ મંજૂરી લખેલી હોય.

ફક્ત સ્ટડી પરમિટ હોવાનો અર્થ એ નથી કે વિદ્યાર્થી પોતાની મેળે કામ કરવા માટે પાત્ર બની જાય છે. વિદ્યાર્થીઓએ કોઈપણ નોકરી શરૂ કરતા પહેલા પોતાની પરમિટ પર લખેલી શરતો ધ્યાનથી વાંચી લેવી જરૂરી છે.

નવા નિયમો મુજબ, જે વિદ્યાર્થીઓને કેમ્પસ બહાર કામ કરવાની મંજૂરી છે, તેઓ અભ્યાસનાં સમયગાળા દરમિયાન અઠવાડિયામાં વધુમાં વધુ 24 કલાક જ કામ કરી શકશે.

જો કોઈ વિદ્યાર્થી નક્કી કરેલી સમયસીમા કરતાં વધુ કલાક કામ કરતા પકડાશે, તો તેને પરમિટની શરતોનો ભંગ ગણવામાં આવશે. આમ કરવાથી તેમનું સ્ટુડન્ટ સ્ટેટસ રદ થઈ શકે છે અને ભવિષ્યમાં અભ્યાસ કે વર્ક પરમિટની અરજીઓ પર નકારાત્મક અસર પડી શકે છે.

ઈમિગ્રેશન વિભાગે વધુમાં જણાવ્યું છે કે ગેરકાયદેસર રીતે કે નિર્ધારિત કલાકથી વધુ કામ કરનારા વિદ્યાર્થીઓને કેનેડા છોડીને પાછા જવું પડી શકે છે. આ ઉપરાંત તેમની સામે ફ્રોડનો કેસ પણ નોંધાઈ શકે છે, જેના કારણે તેમના પર 5 વર્ષ સુધી કેનેડા આવવા પર પ્રતિબંધ મૂકાઈ શકે છે.

અભ્યાસ પૂર્ણ કર્યા પછી પોસ્ટ-ગ્રેજ્યુએશન વર્ક પરમિટ માટે અરજી કરનાર વિદ્યાર્થીઓ પણ જો તમામ નિયમોનું યોગ્ય રીતે પાલન કર્યું હશે, તો જ નિર્ણય ન આવે ત્યાં સુધી ફુલ-ટાઈમ કામ કરી શકશે. સાથે જ IRCCએ વિદ્યાર્થીઓને નોકરી શોધી આપવાનાં કે વર્ક પરમિટ અપાવવાના નામે પૈસા માંગતાં અથવા સોશિયલ મીડિયા દ્વારા ઠગાઈ કરતાં એજન્ટોથી સાવધ રહેવાની સલાહ આપી છે. વિભાગે સ્પષ્ટ કર્યું છે કે, કેનેડામાં કાયદેસર રીતે કામ કરતાં તમામ લોકો દેશનાં લેબર લો (શ્રમ કાયદા) દ્વારા સુરક્ષિત છે. જો કોઈ માલિક અયોગ્ય શરતો કે મજૂરી આપે, તો વિદ્યાર્થીઓ સ્થાનિક શ્રમ કાર્યાલયનો સંપર્ક કરી શકે છે.

ભારતીય ગૌમૂત્ર પીએ છે કહી ઇઝરાયલના ધર્મગુરૂએ હિન્દુઓની મજાક ઉડાવી

ભારત સહિત ઇઝરાયલ, વિશ્વના લોકોએ પણ મિઝરાહીના નિવેદનની ટીકા કરી



યેરૂસલેમ : સામાજિક અને ધાર્મિક મુદ્દાઓ પર વારંવાર વિવાદોમાં રહેતા ઈઝરાયલી-અમેરિકન રબ્બી યોસી મિઝરાહીએ આ વખતે હિન્દુ ધર્મની માન્યતાઓ, ગૌપૂજા અને ભારતીય ડોક્ટરો વિશે ઘોર અપમાનજનક ટિપ્પણીઓ કરી છે.


સોશિયલ મીડિયા પર તેમનો એક વીડિયો વાઇરલ થયા બાદ ભારત અને ઈઝરાયલ સહિત વિશ્વભરમાં લોકો ભારે આક્રોશ વ્યક્ત કરી રહ્યા છે. વીડિયોમાં મિઝરાહીએ ગાયની પૂજા કરવાની પરંપરાનો અનાદર કર્યો હતો અને ભારતીય ડોક્ટરો પર પણ અત્યંત આપત્તિજનક નિવેદન આપ્યું હતું.

વાયરલ વીડિયોમાં મિઝરાહીએ એક ભારતીય વ્યક્તિનો સંદર્ભ આપતા દાવો કર્યો કે કેટલીક વ્યક્તિઓ ગૌમૂત્રનું સેવન કરે છે અને દિલ્હીમાં ડોક્ટરો પણ આવું કરતા હોવાની ટિપ્પણી કરી હતી.

આ ઉપરાંત, તેમણે નવી દિલ્હીના રસ્તાઓ પર ગાયોને કારણે થતા ટ્રાફિક જામની મજાક ઉડાવી હતી. વીડિયોના અંતમાં તેણે હિન્દુઓ પર તંજ કસતા કહ્યું કે, 'હું ઈશ્વરનો આભાર માનું છું કે મને ભારતીયો જેવો નથી બનાવ્યો.' આ ટિપ્પણીઓને કારણે લોકોએ તેમને નસ્લવાદી ગણાવી તેમની આકરા શબ્દોમાં ટીકા કરી છે. મિઝરાહીના આ નિવેદન પર ઈઝરાયલના સંશોધક અને લેખક યેશાયા રોસેનમેને આકરી પ્રતિક્રિયા આપતા કહ્યું કે, 'મિઝરાહીની આ ટિપ્પણીઓથી આંતરરાષ્ટ્રીય સ્તરે ઈઝરાયલની છબીને ભારે નુકસાન પહોંચ્યું છે. મને આશા છે કે ભવિષ્યમાં મિઝરાહીના ઈઝરાયલમાં પ્રવેશવા પર પ્રતિબંધ મૂકવો જોઈએ.'

હોર્મુઝમાં હુમલાની નવી રીત અપનાવાઇ, લિમ્પેટ માઇન્સના હુમલાથી જહાજમાં આગ લાગી, જોકે ભારતીય નાવિકો સુરક્ષીત


હોર્મુઝમાં 27 ભારતીય ક્રુ મેમ્બર ધરાવતા તેલ ટેન્કર પર લિમ્પેટ માઇન્સથી હુમલો



તહેરાન : હોર્મુઝમાં ગુરુવારે 27 ભારતીય ક્રૂ સભ્યો ધરાવતા તેલ ટેન્કર MT લુઈસ 1 પર હુમલો થયો. પનામાનો ધ્વજ ધરાવતા આ ટેન્કરની નજીક એક નાની હોડી આવી હતી. હોડીમાંથી આવેલા લોકોએ જહાજના બાહ્ય ભાગ (હુલ) પર બે લિમ્પેટ માઈન્સ ચોંટાડી અને ત્યાંથી ચાલ્યા ગયા. થોડી વાર પછી બંને વિસ્ફોટકોમાં વિસ્ફોટ થયો, જેના કારણે જહાજના એન્જિન રૂમમાં આગ લાગી. વિસ્ફોટના કારણે જહાજનું એન્જિન થોડા સમય માટે બંધ થઈ ગયું. જોકે, ક્રૂએ આગ પર કાબૂ મેળવી લીધો અને જહાજને સુરક્ષિત કરી લીધું. જોકે, હુમલા પાછળ કોનો હાથ છે તેની પુષ્ટિ થઈ નથી. કેન્દ્રીય મંત્રી સર્બાનંદ સોનોવાલે જણાવ્યું કે જહાજ પર સવાર તમામ 27 ભારતીય નાવિકો સુરક્ષિત છે. કોઈને ઈજા થઈ નથી. ફેબ્રુઆરીમાં અમેરિકા અને ઈરાન વચ્ચે સંઘર્ષ શરૂ થયા બાદ હોર્મુઝમાં પહેલીવાર લિમ્પેટ માઈન્સથી હુમલો થયો છે. બ્રિટિશ મેરિટાઇમ એજન્સી અઉંખઝઘ મુજબ, જહાજ પરનો હુમલો ઓમાનના ખાસાબ શહેરથી આશરે 46 કિલોમીટર દૂર થયો હતો. ઈન્ટરનેશનલ મેરિટાઇમ ઓર્ગેનાઈઝેશન મુજબ, 28 ફેબ્રુઆરીએ સંઘર્ષ શરૂ થયા બાદથી 27 ઓક્ટોબર સુધી હોર્મુઝ અને તેની આસપાસ 120 દરિયાઈ ઘટનાઓ બની છે. તેમાં વેપારી જહાજો પરના હુમલાઓનો પણ સમાવેશ થાય છે.


29 ઑક્ટોબરે લાઈબેરિયાના ધ્વજવાળા તેલ ટેન્કર એમટી અરજાનાહ પર પણ હુમલો થયો હતો. આ જહાજ પર બે ભારતીય નાગરિકો સવાર હતા. કેન્દ્રીય મંત્રી સર્બાનંદ સોનોવાલના જણાવ્યા અનુસાર, બંને ભારતીયો સુરક્ષિત છે.


હવે વિડિયો-કૉલ પર ચહેરા અને અવાજની સાથે ખુશ્બૂ પણ મહેસૂસ થઈ શકશે



વૈજ્ઞાનિકોએ એક એવી ટેક્નોલૉજી વિકસાવી છે જેમાં ઇન્ટરનેટ થકી હવે ખુશ્બૂ પણ ટ્રાન્સફર થઈ શકશે. અમેરિકાની ઓહાયો સ્ટેટ યુનિવર્સિટી અને ચીનની ઝેજિયાંગ યુનિવર્સિટીના વૈજ્ઞાનિકોએ સેન્ટ્રોનિક નામની એક આર્ટિફિશ્યલ ઇન્ટેલિજન્સ (AI) સિસ્ટમ બનાવી છે. આ સિસ્ટમમાં લાગેલાં ૬ ગૅસ-સેન્સર્સ AIની મદદથી મહેકની ઓળખ કરી શકે છે. આ જ મહેક ઇન્ટરનેટ થકી બીજા ડિવાઇસ સુધી પહોંચાડી પણ શકાય છે. બીજા ડિવાઇસમાં હાજર ખાસ લિક્વિડથી એવી જ ખુશ્બૂ તૈયાર કરવામાં આવે છે જે પહેલા ડિવાઇસનાં સેન્સર્સ દ્વારા ડિટેક્ટ કરવામાં આવી હતી. સાયન્ટિસ્ટોએ અત્યાર સુધીમાં પાંચ પ્રકારની સ્મેલ પર એનું પરીક્ષણ કર્યું છે. કૉફી, બિઅર, રેડ વાઇન, કેક અને ઑરેન્જની ખુશ્બૂ જો એક ડિવાઇસ પાસે રાખવામાં આવે તો બીજા ડિવાઇસ સુધી એ પહોંચી શકે છે અને ૭૩ ટકા વાર એનું ટ્રાન્સમિશન પર્ફેક્ટ રહ્યું છે. હજી આ ટેક્નોલૉજી દરેક પ્રકારની યુનિક સ્મેલને પારખીને ટ્રાન્સમિટ કરી શકે એવું નથી બન્યું.

મહિનાઓથી આ ભાઈને આંખમાં અને માથામાં દુખતું હતું, તપાસ કરતાં ખબર પડી કે આંખમાં દાણો ફણગી રહ્યો છે





આંખમાં ઝાંખું દેખાય કે માથું દુખે તો આપણને લાગે કે ચશ્માંનાં નંબર વધ્યા હશે, પણ હંમેશાં એવું જ હોય એવું જરૂરી નથી. સાઇબેરિયાના મૅક્સિમ સ્લેપ્સોવ નામના એક ભાઈને આવી ધારણા કરવાનું ભારે પડ્યું. મૅક્સિમને છેલ્લા ઘણા મહિનાઓથી દેખાવાનું ઝાંખું થવા લાગ્યું હતું અને માથામાં પણ સણકા માર્યા કરતા હતા. ક્યારેક તો તેને બધી ચીજો બબ્બે દેખાતી હતી. જ્યારે તે ડૉક્ટર પાસે ગયો ત્યારે શરૂઆતમાં તો ડૉક્ટરને કંઈ અજુગતું ન લાગ્યું પણ જ્યારે ૪ મહિના સુધી લક્ષણો કાબૂમાં ન આવ્યાં એટલે ડૉક્ટરોએ કમ્પ્યુટેડ ટોમોગ્રાફી સ્કૅન કરવાનું નક્કી કર્યું. એમાં ખબર પડી કે આંખના પડદાની પાછળ એક દાણો અંકુરિત થઈ રહ્યો છે. હા, લિટરલી કોઈક દાણો ફણગીને એમાંથી મૂળિયાં નીકળવાનું શરૂ થઈ ગયું હતું. આ મૂળિયાં આંખના ટિશ્યુમાં ૩ મિલિમીટર જેટલાં અંદર ઘૂસી ગયાં હતાં. ડૉક્ટરોએ આવું કઈ રીતે થયું એ સમજવા માટે મૅક્સિમની છેલ્લા ૪-૫ મહિનાની હિસ્ટરીનો સઘન અભ્યાસ કર્યો તો ખબર પડી કે પાંચેક મહિના પહેલાં તે ફરવા ગયો હતો ત્યારે પડી ગયો હતો અને એ વખતે વૃક્ષની એક કોમળ ડાળખી તેની આંખમાં વાગી હતી. જોકે એ વખતે આંખમાં કોઈ જ નુકસાન થયું હોય એવું લાગતું નહોતું. માત્ર આંખમાં ખંજવાળ આવતી હતી એટલે તેણે એ ઘટનાને બહુ ગંભીરતાથી લીધી નહોતી.


ચીનમાં પેસ્ટ્રીની સાથે કૉક્રોચ જેવા કીડા પીરસાય છે



ચીનાઓને કીડા-મકોડા ખાવામાં કોઈ જ છોછ નથી પરંતુ હવે ચીનમાં મીઠાઈમાં પણ કીડા વેચાવા લાગ્યા છે. તાજેતરમાં એક પેસ્ટ્રી ડિશ સોશ્યલ મીડિયા પર વાઇરલ થઈ છે એમાં એક કૉક્રોચ જેવો કીડો છે. ગ્વાંગડોન્ગ પ્રાંતમાં આવેલી એક રેસ્ટોરાંએ હજી આ મહિને જ નવી વાનગી ઇન્ટ્રોડ્યુસ કરી છે જેમાં પેસ્ટ્રીની વચ્ચે કીડો મૂકવામાં આવે છે. કૉક્રોચ જેવો દેખાતો આ કીડો ડાઇવિંગ બીટલ છે. આ બીટલ ખૂબ વાસ મારતા હોય છે એટલે એને ચોક્કસ તાપમાને તળી લેવામાં આવે છે. એને કરકરા બનાવવા માટે એની પાંખો પણ રાખવામાં આવે છે. આ તળેલાં બીટલ્સ ટાર્ટ પેસ્ટ્રી પર સજાવીને અપાય છે. ચીની રેસ્ટોરાંમાં એ ધૂમ વેચાય છે.

પોલેન્ડમાં સુપ્રીમકોર્ટના ચીફ જસ્ટીસને હટાવાતા હજારો લોકો રોડ પર, વડાપ્રધાન સામે દેખાવો : રાષ્ટ્રપતિ આફ્રિકા પ્રવાસ ટુંકાવી પાછા ફર્યા







વોર્સો: યુરોપમાં એક તરફ યુક્રેન પર રશિયાનું આક્રમણ પાંચ વર્ષથી ચાલુ છે તે સમયે પાડોશી પોલેન્ડમાં હવે રાજકીય સંકટ શરૂ થયુ છે. અહીં સુપ્રીમકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિને પદ પરથી દુર કરાયા બાદ લોકોએ વડાપ્રધાન ડોનાલ્ડ ટસ્કની સરકાર સામે મોરચો માંડ્યો છે અને હજારો લોકો એકત્ર થયા હતા તથા ટસ્ક ગદ્દારના નારા લગાવી દેખાવો કર્યા હતા. બીજી તરફ રાષ્ટ્રપતિ કેરોલ નવારોકીએ તેમની આફ્રિકા યાત્રા અધુરી મુકીને તેઓ રાજધાની વોર્સો પરત આવી ગયા છે. પોલીસે અહીં બંધારણીય ગણાતી સુપ્રીમ કોર્ટને પોલીસે ઘેરી લીધી છે. લોકોએ ચીફ જસ્ટીસ જેઓ અદાલતના પ્રેસીડેન્ટ ગણાય છે. તેને દુર કરવાના વિરોધમાં પ્રદર્શન કરી રહ્યા છે. અદાલતના સતાવાર સોશ્યલ મીડીયા હેન્ડલ પર તેને સતાપલટો ગણાવ્યો છે. લોકોએ પોલીસ બેરીકેડ તોડવા પ્રયાસ કર્યા હતા પણ તેમાં સફળ થયા ન હતા. જેમાં ત્રણ લોકોની ધરપકડ કરવામાં આવી છે. દેખાવકારોએ આરોપ મુકયો કે વડાપ્રધાન દેશના લોકોના બંધારણીય અધિકારને કચડવા માંગે છે.

યુએસ-ઈરાન વચ્ચે યુદ્ધ વિરામની શક્યતા

ઈરાન યુરેનિયમનો સ્ટોક વિદેશ મોકલવા તૈયાર : 7 દિવસમાં ખુલી શકે હોર્મુઝ

દોહામાં યોજાઈ શકે બેઠક ; ચીન કરારની ખાતરી આપનાર મધ્યસ્થ દેશ બનશે ; ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું - 'અમેરિકાને યુદ્ધ પૂરું કરવાની કોઈ ઉતાવળ નથી'



નવી દિલ્હી : અમેરિકા અને ઈરાન વચ્ચે ચાલી રહેલા તણાવને ઘટાડવા માટે એક પ્રારંભિક રાજદ્વારી મુસદ્દો (ડ્રાફ્ટ) તૈયાર કરવામાં આવ્યો છે. આ પ્રારંભિક સમજુતી મુજબ, ઈરાન તેના અત્યંત સંવર્ધિત યુરેનિયમના જથ્થાને કોઈ ત્રીજા દેશમાં ટ્રાન્સફર કરશે અથવા તો તેનું સંવર્ધન સ્તર ઘટાડવા માટે તૈયાર થયું છે.

આ ઉપરાંત, આ પ્રારંભિક કરાર અમલમાં આવ્યાના માત્ર સાત દિવસની અંદર જ આંતરરાષ્ટ્રીય જહાજોની અવરજવર માટે અત્યંત મહત્વપૂર્ણ માનવામાં આવતી 'સ્ટ્રેટ ઓફ હોર્મુઝ' (હોર્મુઝ સામુદ્રધુની)ને ફરીથી ખોલી દેવાનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો છે. આ ડ્રાફ્ટ અનુસાર, કરારને સંપૂર્ણ રીતે અમલી બનાવવા અને તેની કાયમી જાળવણી માટે ચીનને એક સંભવિત ગેરંટી આપનાર દેશ તરીકે સામેલ કરવામાં આવી શકે છે. સાથે જ અમેરિકા અને ઈરાન વચ્ચેની સીધી વાટાઘાટો ઈસ્તંબુલના બદલે કતારની રાજધાની દોહા ખાતે યોજવાનો પ્રસ્તાવ છે.

આ વ્યવસ્થા હેઠળ, ઈરાન તેના પરમાણુ પ્રોગ્રામ અને દરિયાઈ સુરક્ષા પર કડક નિયંત્રણો મૂકશે, જેના બદલામાં અમેરિકા ઈરાન પર લાદેલા આર્થિક પ્રતિબંધો અને દરિયાઈ નાકાબંધીમાં રાહત આપશે. બીજી તરફ, મધ્યસ્થતાની પ્રક્રિયા ઝડપી બનાવવા માટે કતારનું એક ઉચ્ચ સ્તરીય પ્રતિનિધિ મંડળ ઈરાનની રાજધાની તેહરાન પહોંચ્યું છે. રિપોર્ટ મુજબ, કતારી દૂતો દ્વારા અમેરિકાનાં ઉપરાષ્ટ્રપતિ જે.ડી. વાન્સનો એક ખાસ પત્ર ઈરાની સુરક્ષા અધિકારી મોહસેન રેઝાઈને સોંપવામાં આવ્યો હતો. ઈરાન તરફથી આ રાજદ્વારી પહેલનું સ્વાગત કરવામાં આવ્યું છે, કારણ કે તેનાથી અમેરિકી લશ્કરી હુમલાઓ અટકાવવાનો એક નવો રસ્તો ખુલી શકે છે. આ સિવાય તુર્કી પણ બંને દેશો વચ્ચે મધ્યસ્થતા માટે સક્રિય ભૂમિકા ભજવી રહ્યું છે. આ તમામ રાજદ્વારી હિલચાલ વચ્ચે અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ઓવલ ઓફિસમાં એક નિવેદનમાં જણાવ્યું હતું કે, વોશિંગ્ટનને આ સંઘર્ષ સમાપ્ત કરવાની કોઈ ઉતાવળ નથી.

ટ્રમ્પે દાવો કર્યો હતો કે ઈરાન વાટાઘાટો કરવા ઈચ્છે છે કારણ કે તે ભારે નાણાકીય સંકટનો સામનો કરી રહ્યું છે અને તેના સૈનિકો તથા પોલીસને પગાર આપવાના પણ ફાંફા પડી રહ્યાં છે. ટ્રમ્પે ઉમેર્યું હતું કે આ કોઈ સામાન્ય યુદ્ધ નથી, પરંતુ અમેરિકા પાસે પૂરતો સમય છે અને આ લશ્કરી અભિયાનનો આર્થિક બોજ પણ અમેરિકા માટે નગણ્ય છે.

હુતી વિદ્રોહીઓએ યમનના એરપોર્ટ અને રાષ્ટ્રપતિના મહેલ પર ડ્રોન હુમલા કર્યા



અદન : યમનમાં સાઉદી અરબ સમર્થિત સરકારે બતાવ્યું છે કે હુતી લડાયકોએ રાજધાની અદન સ્થિત રાષ્ટ્રપતિના મહેલ અને આંતરરાષ્ટ્રીય વિમાન મથક પર બેલેસ્ટીક મિસાઈલોથી હુમલા કર્યા હતા. સરકારે આ હુમલામાં થયેલા જાન-માલને નુકશાનના બારામાં જાણકારી નથી આપી. દરમિયાન સાઉદી અરબે દાવો કર્યો છે કે શુક્રવારે તેની એર ડિફેન્સ સિસ્ટમે હુતી લડાયકોએ છોડેલ ડ્રોનને મકકાના ક્ષેત્રમાં તોડી પાડયા છે. જયારે હુતીએ એકસમાં કહ્યું છે કે સાઉદીનો દાવો ખોટો છે. તેણે મકકા પર કોઈ ડ્રોન નથી છોડયા. હુતીએ કહ્યું હતું કે, શુક્રવારે સંગઠને સાઉદી અરબ ક્ષેત્રમાં કોઈ સૈન્ય કાર્યવાહી નથી કરી. ઉલ્લેખનીય છે કે મકકા ઈસ્લામ ધર્મના અનુયાયીઓનું સૌથી વધુ પવિત્ર શહેર છે. અહીં દર વર્ષે લાખો લોકો હજ આ પહેલા પણ સાઉદી અરબે મકકા અને મદીના પર હુતીના હવાઈ હુમલા નિષ્ફળ કર્યાના દાવા કર્યા છે, જેનું હુતીએ ખંડન કર્યું છે. સુરક્ષાના કારણે એર ઈન્ડિયા અને એર ઈન્ડિયા એકસપ્રેસે સાઉદી અરબ માટે પોતાની સેવાઓને 14 નવેમ્બર સુધી સ્થગીત કરી દીધી છે.

મિડ ટર્મ ચૂંટણી બગાડી શકે છે ટ્રમ્પની વિદેશ નીતિનો ખેલ



વોશિંગ્ટન : અમેરિકામાં 3 નવેમ્બરે યોજાનારી મિડ ટર્મ ચૂંટણીઓમાં હવે ગણતરીના દિવસો જ બાકી રહ્યાં છે. ચૂંટણી વિશ્લેષકોનું અનુમાન છે કે વિપક્ષી ડેમોક્રેટિક પાર્ટી હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સ (પ્રતિનિધિ સભા) અને સંભવતઃ સીનેટ પર પણ પોતાનું નિયંત્રણ મેળવી શકે છે. જો આમ થશે તો રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પને મોટો આંચકો લાગી શકે છે.

મિડ ટર્મ ચૂંટણી શું હોય છે?

આ ચૂંટણી અમેરિકી રાષ્ટ્રપતિના ચાર વર્ષના કાર્યકાળની મધ્યમાં યોજાય છે. આમાં રાષ્ટ્રપતિની ચૂંટણી નથી થતી, પરંતુ અમેરિકી સંસદના સભ્યો અને ઘણા રાજ્યોના અધિકારીઓની પસંદગી કરવામાં આવે છે. આ ચૂંટણીઓથી સ્પષ્ટ થાય છે કે રાષ્ટ્રપતિની પાર્ટીને જનતાનું કેટલું સમર્થન મળી રહ્યું છે અને સંસદમાં કઈ પાર્ટીનું મહત્વ વધારે રહેશે.

હાલમાં કોની પાસે બહુમત છે?

- 435 સભ્યોવાળી પ્રતિનિધિ સભામાં 218 સીટો સાથે ટ્રમ્પની રિપબ્લિકન પાર્ટી મામૂલી સરસાઈ ધરાવે છે, જેમાં તેમની સાથે એક અપક્ષ સભ્ય પણ છે.
- સીનેટની 100 માંથી 53 સીટો ટ્રમ્પ પાસે છે, જ્યારે 45 ડેમોક્રેટ્સ પાસે અને 2 સીટો અપક્ષ પાસે છે.

સંસદમાં કોનું વર્ચસ્વ રહેશે?

1 સંસદના નીચલા ગૃહ (પ્રતિનિધિ સભા)ના તમામ 435 સભ્યો ચૂંટાશે, જેમનો કાર્યકાળ બે વર્ષનો હોય છે.
2 ઉપલા ગૃહ એટલે કે સીનેટની 100 માંથી 35 સીટો પર પણ ચૂંટણી થશે, જ્યાં સીનેટરનો કાર્યકાળ 6 વર્ષનો હોય છે.
3 કેલિફોર્નિયા, ફ્લોરિડા, જ્યોર્જિયા અને મિશિગનમાં ગવર્નરની ચૂંટણીઓ પર સૌથી વધુ નજર રહેશે.

ટ્રમ્પની પાર્ટી હારશે તો મુશ્કેલી વધશે

1 જો વિપક્ષી ડેમોક્રેટિક પાર્ટીને સંસદના કોઈ પણ ગૃહમાં બહુમત મળશે, તો ટ્રંપની વિદેશ નીતિનો ખેલ બગડી શકે છે.
2 ડેમોક્રેટ સભ્યો યુક્રેનને ફરીથી મદદ કરી શકે છે અને રશિયા પાસેથી ડીઝલની ખરીદી અટકાવી શકે છે. ઈરાન સામે યુદ્ધ ચાલું રાખવા માટે તેમની મંજૂરી લેવાનું દબાણ વધશે.
3 સંસદીય સમિતિઓની કમાન વિપક્ષના હાથમાં આવવાથી ટ્રમ્પના નિર્ણયોની તપાસ પણ થઈ શકે છે.

મોંઘવારી અને યુદ્ધ જેવા મુદ્દા છવાયા

1 પેટ્રોલ-ડીઝલના વધતા ભાવ, કરિયાણાની વસ્તુઓ અને આરોગ્ય સેવાઓની મોંઘી કિંમતો મુખ્ય મુદ્દા બન્યાં છે.
2 ઈરાનથી શરૂ થયેલા યુદ્ધના કારણે ટ્રમ્પે ટીકાઓનો સામનો કરવો પડી રહ્યો છે.
3 ડેમોક્રેટિક પાર્ટીની દલીલ છે કે ટ્રમ્પની ટેરિફ નીતિઓએ અમેરિકનો માટે પણ મોંઘવારી વધારી દીધી છે.

ક્રુડતેલ બાદ ગેસના ભાવમાં પણ વધારો થતા ઘરઆંગણે કાલે કોમર્શિયલ ગેસ મોંઘો થવાના સંકેત

હવે LNG ના આંતરરાષ્ટ્રીય ભાવમાં 6%નો વધારો : ભારતની ગેસ આયાત મોંઘી બનશે

નવી દિલ્હી: એક તરફ વૈશ્વિક સ્તરે ક્રુડતેલના ભાવમાં સતત વધારો થઈ રહ્યો છે તથા ભારતના ક્રુડતેલ આયાતના બિલ પર તેની મોટી અસર થશે તથા ઘરઆંગણે કેટલો સમય પેટ્રોલ-ડિઝલના ભાવમાં વધારો અટકાવી શકાશે તે પણ પ્રશ્ન છે તે વચ્ચે હવે લીકવીડ નેચરલ ગેસ (એલએનજી)ના ભાવમાં પણ આંતરરાષ્ટ્રીય બજારમાં 6% જેવો ભાવવધારો થતા જ ભારતને હવે ગેસ આયાતમાં પણ મોટો ફટકો પડશે તેવા સંકેત છે.

એલએનજીના ભાવ 32 ડોલર પ્રતિ મિલિયન બ્રિટીશ થર્મલ યુનિટ પહોંચી ગયા છે. જયારે આકરા ઉનાળાના પ્રારંભે જ જે રીતે યુરોપીયન સંઘમાં ગેસના સ્ટોક પર અસર થઈ રહી છે તેની આંતરરાષ્ટ્રીય બજાર દબાણમાં છે. મધ્યપુર્વમાંથી ગેસની નિકાસ વધી છે. પરંતુ સપ્લાય વારંવાર ખોરવાય છે તેથી ગેસ ભાવ સાથે શીપીંગ-વિમા-પ્રીમીયમ પણ વધી ગયા છે.

હાલ ભારતની ઓઈલ માર્કેટીંગ કંપનીમાં પેટ્રોલ-ડિઝલના ભાવમાં તો અન્ડર રિકવરી ખોટ સહન કરી જ રહી છે. આંતરરાષ્ટ્રીય ધોરણે એલએનજીના ભાવ સતત દબાણમાં છે. યુરોપમાં શિયાળાના આગમન સમયે ગેસનો સ્ટોક 75% છે જેટલો છે. જે ગત વર્ષે આ સમયગાળામાં 83% હતો હવે ભારતને આ ઉંચા ભાવનો ગેસ વર્તમાન બજાર ભાવે વેચવો કયા સુધી પોષાય શકે છે તે પ્રશ્ન છે.



જો કે ગેસ ડિસ્ટ્રીબ્યુટર કંપનીઓ વાહનો માટેના સીએનજીના ભાવ તો આયાતી ઉંચા ભાવની સ્થિતિએ તુર્તજ વધારે છે અને કોમર્શિયલ ગેસ સીલીન્ડરના ભાવ પણ સતત દર મહિને વધતા રહે છે.

ફકત સબસીડાઈઝ ઘરેલુ ગેસ સીલીન્ડરના ભાવ લાંબા સમયથી સ્થીર છે તથા પાઈપ મારફત પુરા પડતા ગેસમાં ઘરેલુ ઉત્પાદનના કારણે રાહત છે. ખાસ કરીને ક્રુડતેલની સપ્લાય જે રીતે સતત વિઘ્ન ઉભી કરી રહી છે તે પણ આંતરરાષ્ટ્રીય બજારને અનિશ્ચિત રાખે છે.

ચીનમાં AI નો પરપોટો ફૂટ્યો : 500 અબજ ડોલર સ્વાહા ; શું હવે ગ્લોબલ ચિપ કંપનીઓનો વારો ?

ચાર જ મહિનામાં ચીનનો 'સ્ટાર 50' ઇન્ડેક્સ 44 ટકા ગગડ્યો ; અલ્ફાબેટ, મેટા અને સેમસંગના શેરોમાં પણ ગાબડું પડતાં વૈશ્વિક રોકાણકારો ચિંતિત

મુંબઈ : ચીનના એઆઈ શેરોમાં ભારે ઘટાડાથી વૈશ્વિક ટેક બજારમાં પણ ચિંતા વધવા લાગી છે. ચીન અને અમેરિકા સહિત દક્ષિણ કોરિયાઈ, તાઈવાની અને યુરોપીય એઆઈ-ચિપ કંપનીઓના ઊંચા મૂલ્યાંકન, ભારે રોકાણ-દેવું અને કમાણીને લઈને ઉઠી રહેલાં સવાલોએ રોકાણકારોને સતર્ક કરી દીધાં છે. ચીનની એઆઈ અને ચિપ કંપનીઓવાળા 'સ્ટાર 50' ઈન્ડેક્સમાં ચાર મહિનામાં 44 ટકાથી વધુનો ઘટાડો આવી ગયો છે.

આનાથી ચીની એઆઈ કંપનીઓનાં રોકાણકારોના આશરે 500 અબજ ડોલર (48 લાખ કરોડ રૂપિયા) ડૂબી ગયા છે. હવે અમેરિકી ટેક ફર્મ અલ્ફાબેટ (ગૂગલ) અને મેટાના એઆઈ પરના ભારે ખર્ચના કારણે કેશ-ફ્લો નેગેટિવ રહેવા અને સપ્ટેમ્બર ત્રિમાસિકગાળાના નબળા પરિણામોએ રોકાણકારોની ચિંતા વધુ વધારી દીધી છે.

ગુરુવારે અલ્ફાબેટ (ગૂગલ)ના શેર અમેરિકામાં 12 ટકાથી વધુ ઘટી ગયા. આનાથી એક જ દિવસમાં આ કંપનીની બજાર મૂડી (માર્કેટ કેપ) 500 અબજ ડોલર ઘટી ગઈ. કોર્વીવિના શેર 6 ટકાથી વધારે તૂટ્યા. ઈન્ટેલ, એએમડી, માઈક્રોન જેવા ટેક શેર પણ 2 થી 5 ટકા ગગડ્યા. દક્ષિણ કોરિયામાં સેમસંગના શેરોમાં પણ 5 ટકાનો ઘટાડો નોંધાયો. આ સંકેત આપે છે. કે રોકાણકારો હવે માત્ર એઆઈની માંગ જ નહીં, પરંતુ કંપનીઓની કમાણી, રોકડ પ્રવાહ અને રોકાણના ખર્ચ પર પણ નજર રાખી રહ્યાં છે. ગોલ્ડમેન સૈશના રિપોર્ટ અનુસાર, ચીન અને હોંગકોંગના બજારોમાં એઆઈ કંપનીઓની હિસ્સેદારી કુલ બજાર મૂડીકરણમાં 42 ટકા અને કારોબારમાં 57 ટકા સુધી પહોંચી ગઈ હતી. આ કારણે એઆઈ શેરોમાં ઘટાડાની અસર વ્યાપક થઈ.

4 મહિનામાં આ રીતે ગગડ્યો ચીની એઆઈ ઈન્ડેક્સ 'સ્ટાર 50'

ચીનની ટોપ 50 એઆઈ-રોબોટિક્સ અને સેમીકંડક્ટર કંપનીઓના ઈન્ડેક્સ 'સ્ટાર 50' માં 1 જુલાઈ 2026 થી અત્યાર સુધીમાં 44.52 ટકાનો ઘટાડો થયો છે. ચીની એઆઈ કંપનીઓના શેર ધરાશાયી થવાને કારણે ગુરુવારે એક જ મહિનામાં સ્ટાર 50 ઈન્ડેક્સ 4.27 ટકા ગગડ્યો છે, અને કુલ મળીને એક મહિનામાં 22 ટકાથી વધુનો ઘટાડો નોંધાયો છે.



અલ્ફાબેટના પરિણામોએ વધારી ચિંતા

ગૂગલની પેરેન્ટ કંપની અલ્ફાબેટના ત્રિમાસિકગાળાના પરિણામોએ રોકાણકારોની ચિંતા વધારી છે. કંપનીની ત્રીજા ત્રિમાસિકગાળાની કમાણી 127.6 અબજ ડોલર રહી, જ્યારે જાહેરાતના કારોબારથી થતી આવક પણ બજારની અપેક્ષા કરતા ઓછી રહી. જોકે, ગૂગલ ક્લાઉડની કમાણી બમણાથી વધુ વધીને 30.71 અબજ ડોલર થઈ, પરંતુ એઆઈ પરના ભારે ખર્ચ અને રોકડ પ્રવાહને લઈને ચિંતાઓ યથાવત છે.

કંપનીનો ફ્રી કેશ ફ્લો 9.07 અબજ ડોલર નેગેટિવ રહ્યો. કઈંક એવી જ સ્થિતિ મેટાની રહી. માઈક્રોસોફ્ટની ક્લાઉડમાંથી કમાણી વધી, પરંતુ એઆઈ પરના ભારે ખર્ચને કારણે કંપનીનો ફ્રી-કેશ ફ્લો પણ ઘટ્યો, છતાં તે પોઝિટિવ રહ્યો.

હવે આગળ શું?

વિશેષજ્ઞોનું કહેવું છે કે અમેરિકામાં એઆઈ અને સેમીકંડક્ટર શેરો પર પહેલેથી જ દબાવ છે. ઑક્ટોબરમાં ફિલાડેલ્ફિયા સેમીકંડક્ટર ઈન્ડેક્સમાં 10 ટકાથી વધુનો ઘટાડો આવ્યો છે. જોકે, ચીન જેવો ઘટાડો અમેરિકા અને એશિયાના તમામ બજારોમાં આવશે, તેવું માનવું ઉતાવળભર્યું ગણાશે. ગોલ્ડમેન સૈશના જણાવ્યાં અનુસાર, ચિપ બનાવતી કંપનીઓને એઆઈ ડેટા સેન્ટરો તરફથી વધી રહેલી માંગનો ફાયદો મળી શકે છે, પરંતુ જો ત્રિમાસિક પરિણામો અપેક્ષા કરતાં નબળા રહેશે તો તે એઆઈ શેરોમાં મોટો ઘટાડો લાવી શકે છે.

અગાઉ મંજૂર થયેલી અરજીને હવે આપમેળે આધાર નહીં ગણવામાં આવે; દરેક એક્સટેન્શન અરજીની નવેસરથી તપાસ થઈ શકે છે

ગ્રીન કાર્ડની રાહ જોઈ રહેલા ભારતીયોની મુશ્કેલી વધી શકે છે

અમેરિકામાં H-1B વિઝા માટેની 'ડેફરન્સ પોલિસી' નાબૂદ કરવાની તૈયારી

અમેરિકામાં નોકરી કરતા અને ગ્રીન કાર્ડની લાંબી પ્રતીક્ષા કરી રહેલા ભારતીય પ્રોફેશનલ્સ માટે મુશ્કેલી વધી શકે છે. ટ્રમ્પ વહીવટીતંત્રે H-1B સહિતના વર્ક વિઝા માટે લાગુ ડેફરન્સ ટુ પ્રાયર એપ્રુવલ્સ નીતિ નાબૂદ કરવાની દરખાસ્ત કરી છે.

આ નીતિ હેઠળ એક જ કર્મચારી, એક જ નોકરીદાતા અને સમાન સંજોગોમાં અગાઉ મંજૂર થયેલી અરજીને અનુગામી અરજીની સમીક્ષા વખતે સામાન્ય રીતે મહત્ત્વ આપવામાં આવતું હતું. નવી દરખાસ્ત અમલી બનશે તો યુએસ સિટિઝનશિપ એન્ડ ઈમિગ્રેશન સર્વિસિસ (USCIS) દરેક નવી અરજીની સ્વતંત્ર રીતે તપાસ કરી શકશે.

શું છે ડેફરન્સ પોલિસી?

હાલની વ્યવસ્થા મુજબ, જો H-1B કર્મચારીનો નોકરીદાતા અને નોકરીની પરિસ્થિતિ અગાઉ જેવી જ હોય તો વિઝા એક્સટેન્શનની અરજી પર વિચાર કરતી વખતે અગાઉની મંજૂરીને મહત્ત્વ આપવામાં આવે છે.

જોકે અગાઉની અરજીમાં ગંભીર ભૂલ, સંજોગોમાં મોટો ફેરફાર અથવા નવી પ્રતિકૂળ માહિતી સામે આવે તો અધિકારીઓ ફરી તપાસ કરી શકે છે. પ્રસ્તાવિત ફેરફાર બાદ અગાઉની મંજૂરીને આધાર તરીકે માનવાની ફરજ રહેશે નહીં અને દરેક અરજીમાં પાત્રતાની નવેસરથી ચકાસણી થઈ શકશે.



ભારતીય કર્મચારીઓ પર વધુ અસરની શક્યતા

અમેરિકાના H-1B વિઝા કાર્યક્રમમાં ભારતીયોનો મોટો હિસ્સો છે. ખાસ કરીને EB-2 અને EB-3 કેટેગરી હેઠળ ગ્રીન કાર્ડની લાંબી કતારમાં રહેલા અનેક ભારતીય કર્મચારીઓ H-1B વિઝાના એક્સટેન્શન પર નિર્ભર છે.

આવા કર્મચારીઓ માટે દર વખતે એક્સટેન્શન અરજી વખતે નોકરીનું સ્વરૂપ, પગાર, કર્મચારી અને કંપની વચ્ચેનો સંબંધ તથા અન્ય પાત્રતાના માપદંડોની ફરી તપાસ થઈ શકે છે. પરિણામે વધારાના દસ્તાવેજો રજૂ કરવાની જરૂરિયાત ઊભી થઈ શકે છે.

નોકરીદાતાઓ પર પણ વધશે વહીવટી બોજ

નવી વ્યવસ્થા અમલી બનશે તો કંપનીઓએ કર્મચારીની જવાબદારીઓ, પગાર, કાર્યસ્થળ, કંપનીની કામગીરી અને કર્મચારીની લાયકાત અંગે વધુ વિગતવાર પુરાવા રજૂ કરવા પડી શકે છે.

અમેરિકાના હોમલેન્ડ સિક્યુરિટી વિભાગના અંદાજ મુજબ, આ ફેરફારને કારણે દર વર્ષે આશરે 6,044 વધારાની રિક્વેસ્ટ ફોર એવિડન્સ (RFE) જારી થઈ શકે છે. વધારાની તપાસના કારણે અરજીની પ્રક્રિયામાં વિલંબ અને કાનૂની ખર્ચમાં વધારો થવાની શક્યતા છે.

સરકારનો તર્ક અને દરખાસ્તની સ્થિતિ

અમેરિકી સરકારનું કહેવું છે કે અગાઉની મંજૂરી પર વધુ પડતો આધાર રાખવાથી ખોટી અથવા અયોગ્ય અરજીઓની ઓળખ કરવામાં મુશ્કેલી પડી શકે છે. તેથી દરેક અરજીનું સ્વતંત્ર મૂલ્યાંકન કરીને વિઝા વ્યવસ્થામાં પારદર્શિતા અને વિશ્વસનીયતા વધારવાનો હેતુ છે.

જોકે આ ફેરફાર હાલ દરખાસ્તના તબક્કામાં છે, અંતિમ નિયમ તરીકે અમલમાં આવ્યો નથી. જાહેર ટિપ્પણીઓ માટેની સમયમર્યાદા 13 નવેમ્બર, 2026 સુધી રાખવામાં આવી છે.

નોંધનીય છે કે, આ દરખાસ્તથી ગ્રીન કાર્ડની કતારમાં ભારતીય અરજદારોનો ક્રમ આપમેળે બદલાશે નહીં કે અગાઉ મંજૂર થયેલા H-1B વિઝા રદ થઈ જશે નહીં. પરંતુ ભવિષ્યમાં એક્સટેન્શન મેળવવાની પ્રક્રિયા વધુ કડક અને અનિશ્ચિત બની શકે છે.

દુબઈની રિયલ એસ્ટેટ કંપનીએ કર્મચારીને ગિફ્ટ આપી 4 કરોડની લેમ્બોર્ગિની કાર



બે વર્ષના ટૂંકા સમયગાળામાં 500 મિલિયન ડોલરથી વધુના પ્રોપર્ટી વેચાણ બદલ મહિલા કર્મચારીને મળી શાનદાર સરપ્રાઈઝ

દુબઈ : દુબઈની જાણીતી રિયલ એસ્ટેટ કંપની રિચકી પ્રોપર્ટીઝે પોતાની ટોપ પર્ફોર્મર એમ્પ્લોઈ નતાલિયા શાવેઝને દિવાળી પહેલાં અદભુત ભેટ આપી છે. કંપનીએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કરવા બદલ નતાલિયાને 4 કરોડ રૂપિયાની કિંમતની બ્લુ કલરની લેમ્બોર્ગિની ઉસ કાર ગિફ્ટ કરી છે. કંપનીની ત્રીજી વર્ષગાંઠની પાર્ટી અને અવોર્ડ નાઈટ દરમિયાન આ સરપ્રાઈઝ આપવામાં આવ્યું હતું, જ્યાં નતાલિયાને 'ટોપ પર્ફોર્મર ઓફ 2026' સહિત કુલ ચાર મોટા અવોર્ડ મળ્યા હતા. કંપનીના સીઈઓ ડબાન ઓથમાને ખુલાસો કર્યો હતો કે, નતાલિયાએ માત્ર બે વર્ષના ટૂંકા સમયગાળામાં 500 મિલિયન ડોલર (અંદાજે 4757 કરોડ રૂપિયા)થી વધુની પ્રોપર્ટીનું જબરદસ્ત વેચાણ કર્યું છે. આ અભૂતપૂર્વ સફળતાને કારણે જ કંપનીએ તેમને આ લક્ઝરી કાર ભેટમાં આપી છે. અવોર્ડ સેરેમની દરમિયાન સ્ટેજ પર અચાનક રીબન કાપીને આ કાર પ્રદર્શિત કરવામાં આવી હતી, જેનાથી નતાલિયા આશ્ચર્યચકિત થઈ ગઈ હતી. આ મોટી ઉપલબ્ધિ અને કિંમતી ગિફ્ટ મળ્યાં બાદ નતાલિયાએ સોશિયલ મીડિયા પર પોતાની ખુશી વ્યક્ત કરી હતી. તેમણે પોતાનાં સંઘર્ષના દિવસોને યાદ કરતાં જણાવ્યું કે શરૂઆતમાં નવા દેશમાં મુશ્કેલીઓ આવી હતી, પરંતુ સખત મહેનત અને આત્મવિશ્વાસના બળે આ મુકામ હાંસલ થયો છે. તેમણે તમામ મહિલાઓને પ્રેરણા આપતાં કહ્યું કે મહેનતના દમ પર મોટી સફળતાઓ મેળવી શકાય છે.

દેશમાં 80 કરોડ લોકો મફતનાં અનાજ પર નભે છે તેને સમાંતર....

ભારતમાં ઝડપથી ઘટી ગરીબી! 49.9 કરોડ લોકો ગરીબી રેખાની બહાર આવ્યા : વર્લ્ડ બેન્કનો રિપોર્ટ

માત્ર ભારત જ નહિં, દુનિયાભરમાં ગરીબી ઘટયાનો દાવો : જોકે ગરીબોની કમાણીની તુલનામાં અમીરોની કમાણીમાં 13 ગણો વધારો થયો



નવી દિલ્હી : એક બાજુ દેશમાં 80 કરોડ લોકો મફત અનાજ પર જીવે છે ત્યારે દેશમાં ઝડપથી ગરીબીમાં ઘટાડો થઈ રહ્યો છે. જીહા,દેશમાં 40.6 કરોડ લોકો ગરીબી રેખાથી બહાર આવ્યા છે. આ ખુલાસો વર્લ્ડ બેન્કના રિપોર્ટમાં થયો છે.

છેલ્લા 10-12 વર્ષમાં ભારતે ગરીબીને હટાવવાનાં મોરચામાં રેકોર્ડ સર્જ્યો છે. માત્ર ભારતમાં જ નહિં દુનિયામાં છેલ્લા એક દાયકામાં ગરીબી ઘટવાની ગતિ સૌથી વધુ રહી છે. વર્ષ 2011 થી 2023 દરમ્યાન 12 વર્ષમાં લગભગ 49.6 કરોડ લોકો ગરીબીમાંથી બહાર નીકળ્યા છે. વર્લ્ડ બેન્કના 'ઈન્ડીયા પ્રોપર્ટી' એન્ડ ઈક્વિટી બ્રિફ રિપોર્ટ મુજબ ભારતમાં ગરીબી ઘટવામાં મોટી તેજી આવી છે. વર્ષ 2011 માં દેશની 57.7 ટકા વસ્તી લોઅર મીડલ ઈન્કમવાળા દેશોની ગરીબીની રેખાથી નીચે રહી હતી. જયારે વર્ષ 2023 માં આ આંકડો ઘટીને માત્ર 16.1 ટકા રહી ગયો છે. રિપોર્ટ મુજબ અત્યાધિક ગરીબી એટલે કે રોજના 3 ડોલર (લગભગ રૂા.250) થી ઓછી આવક પર ગુજરાન કરનારા લોકોની સંખ્યા 2011 માં 27.1 ટકા હતી જે 2023 માં સમેટાઈને માત્ર 2.6 ટકા રહી ગઈ છે.

આથી એ બાબતનો ખ્યાલ આવે છે કે, છેલ્લા 12 વર્ષમાં ખૂબ જ ઓછી આવકવાળા લોકોની સંખ્યામાં પણ ઘણો વધારો થયો છે. ભારતમાં ગરીબી માત્ર કમાણીનાં આધારે જ નહિં બલકે શિક્ષણ સ્વાસ્થ્ય અને જીવન સ્તર જેવી સુવિધાઓનાં આધારે પણ ઘટી છે.

ઓકસફર્ડ (ઓપીએચઆઈ)ના મલ્ટી ડાયમેન્શનલ પોવર્ટી ઈન્ડેકસનું માનીએ તો 2005-2006 માં ભારતની 53.8 ટકા વસ્તી બહુઆયામી ગરીબીમાં હતી. 2019-21 સુધીમાં તે ઘટીને 16.4 ટકા થઈ ગઈ.

જયારે વર્લ્ડ બેન્કે પોતાના મલ્ટી ડાયમેન્શનલ પોવર્ટી મેજરમેન્ટ મુજબ 2022-23 માં ભારતમાં બહુઆયામી ગરીબી દર 15 ટકા રહ્યો. જોકે દેશમાં અમીરો અને ગરીબોની કમાણીમાં 13 ગણુ અંતર વધ્યુ છે. ગરીબી ઘાવ છતાં ગરીબોની કમાણી વધી નથી. જયારે અમીરોની કમાણી ગરીબોની તુલનામાં સરેરાશ 13 ગણી વધી છે.

તમને કોઈની સાથે ઝઘડો કરતાં શરમ આવે છે? તો આ ભાઈ રૂ. 2680માં તમારા વતી ઝઘડી લેશે



બેજીંગ : અફતેમને ખાવાનું બનાવતાં ન આવડતું હોય તો હવે તૈયાર ભોજન મળે છે, પરંતુ જેને પોતાના હક માટે લડવાનું ન આવડતું હોય કે ઝયડો કરતાં શરમ આવતી હોય તો શું કરવાનું? હવે એનીયે ચિંતા કરવાની જરૂર નથી.


તમારા વતી લડાઈ-ઝયડો કરી લે એવો માણસ પણ હવે ભાડેથી મળી જશે. ચીનના ગુઆંગઝોઉ શહેરમાં ભાડૂતી ઝઘડાખોર કામ કરી રહ્યો છે. આ ભાઈ તમારા વતી ઝઘડો અને દલીલો કરવાની સર્વિસ આપે છે.

એ માટે તે 2680 રૂપિયાની ફી લે છે. પોતાની આ વિશિષ્ટ સર્વિસ માટે તેણે ગ્રાહકો માટે નિયમો પણ બનાવ્યા છે. તે સામેવાળી વ્યક્તિ સાથે કલાકો સુધી દલીલ કરી શકે છે. પેલો સામેવાળો માણસ થાકી ન જાય ત્યાં સુધી તે દલીલ કરશે એની ગેરન્ટી આપે છે. જ્યાં સુધી ગ્રાહકની સમસ્યાનો કોઈ નિકાલ ન આવે ત્યાં સુધી તે મેદાન છોડતો નથી.

હવે સવાલ એ થાય કે આ ભાઈ તમારા વતી કઈ બાબતે લડશે? તો એમાં કોઈ જ બાધ નથી. તે નાના-મોટા તમામ વિવાદો પોતાના માથે લેવા તૈયાર છે. કોઈકનો અટકેલો પગાર કઢાવવો હોય, ખામીવાળી ચીજ મળ્યાનું રીફંડ મેળવવું હોય કે પછી દુકાનદાર સાથે ક્વોલિટી માટે રકઝક કરવાની હોય, આ ભાઈ ગ્રાહકની જગ્યાએ તમામ દલીલો કરવાનું પોતાના માથે લે છે.

AI પર આંધળા ભરોસાનું ખતરનાક પરિણામ

અમેરિકામાં એઆઇની સલાહથી યુવતીએ દવાનો ડોઝ ઘટાડ્યો, મોત મળ્યું



સિઓલ : આજકાલ લોકો એઆઇ પર આંધળો ભરોસો મુકી રહ્યા છે જેનું પરિણામ કયારેક મોતમાં લાવે છે. અમેરિકામાં સોફ્ટવેર એન્જીનીયર કક્ષાની એક 31 વર્ષીય યુવતી બોવેન વાને એઆઇની સલાહથી પોતાની વાઇની બીમારીની દવાનો ડોઝ ઘટાડી દેતા તેનું મોત નિપજયું હતું. આ મામલે મૃતકના પરિવારે ઓપન એઆઇ અને સીઇઓ સેમ ઓલ્ટમેન સામે કેસ દાખલ કરી દીધો છે. રિપોર્ટ મુજબ બોવેન વાન તેના પિતા સાથે ફોન પર વાત કરી રહી હતી. દરમિયાન તે અચાનક ચૂપ થઇ ગઇ હતી. તેના પિતાને લાગ્યું હતું કે તેને વાઇનો હુમલો આવ્યો છે. આ વખતે હુમલો સામાન્યથી વધુ વાર ચાલ્યો હતો. ભાનમાં આવ્યા બાદ બોવેને કહ્યું કે તે આરામ કરશે અને બાદમાં વાતચીત કરશે. ત્યારબાદ બોવેને ફોન ઉપાડવાનું બંધ કરી દીધુ હતું. બાદમાં તેના મા-બાપે કોઇને તેના સિઓલ સ્થિત એપાર્ટમેન્ટમાં મોકલ્યા અને વિડીયો કોલથી તેમણે જોયું કે દીકરીનું મોત થઇ ગયું હતું.

પરિવારના જણાવ્યા મુજબ બોવેન 2023થી ચેટજીટીપીનો ઉપયોગ કરતી હતી. તે વીમો, વિકલાંગના લાભ બાબતે ચેટજીટીપી નો ઉપયોગ કરતી હતી ચેટજીપીટી તેના મિત્ર જેવું બની ગયું હતું. તેણે કથિત રીતે ચેટજીટીપીને તેની વાઇની દવાના ડોઝ વિષે પુછયુ હતું. શરૂઆતમાં એઆઇએ ડોકટરની સલાહ લેવાની વાત કરી, બાદમાં ડોઝ ઘટાડવાની યોજના બનાવવામાં મદદ કરી, પરિવારનો આરોપ છે કે બોવને પોતાની દવાનો ડોઝ ઘટાડી નાખ્યો હતો અને બાદમાં તેનું મોત થયું હતું.બોવેનના ન્યુરોલોજીસ્ટ ડો. નિકોલસ પૂલોસનું કહેવું છે કે જો કોઇ દવા દર્દીની બીમારીને નિયંત્રીત કરી રહી છે તો ડોકટરની દેખરેખ વિના દવાનો ડોઝ ઘટાડવો ઉચિત નથી.

અમેરિકાની સાઉથ કેરોલીનાની અણુ લેબમાં આગ : ટ્રાફીક - ટ્રેન સેવા બંધ કરાઈ



ન્યુયોર્ક: અમેરિકાના સાઉથ કેરોલીનમાં એક સમયે જયાં અણુ બોમ્બના સ્પેર પાર્ટસ બનતા હતા તે નેશનલ લેબમાં આગ ફાટી નીકળતા ઈમરજન્સી જાહેર થઈ હતી તથા અહી આવતા ટ્રાફીકને રોકી દેવાયો હતો તથા રેલ સેવા પણ થંભાવી દેવાઈ હતી. અહી એક નદી કિનારે આવેલી અમેરિકાના અણુ વિભાગની સવાન્નહુ નદી નેશનલ લેબોરેટરીમાં ગઈકાલે રાત્રીના આગ દેખા દીધી હતી. એક વિશાળ સંકુલ છે અને અહી અણુવોરહેડના પાર્ટસ જેમાં સંવેદનશીલ ધાતુઓનો ઉપયોગ થતો હતો તેમાં આવેલી લેબમાં આગ દેખાઈ હતી. છેક 1950થી આ લેબ કાર્યરત છે તથા ન્યુકલીયર વેસ્ટ મેનેજમેન્ટની પણ કામગીરી કરે છે તથા અણુ બોમ્બ બનાવવામાં ઉપયોગમાં લેવાતી અનેક કામગીરી કરે છે. જેમાં કિરણોત્સગી મટીરિયલ પ્રોસેસીંગની પણ ક્ષમતા છે. જો કે સંવેદનશીલ ક્ષેત્રમાં બફર ઝોન આવ્યુ છે તેની આગ વધુ આગળ જઈ શકી નથી.

મહાત્મા ગાંધીનાં પૌત્રની અમેરિકા સ્થિત 30 એકર જમીન 20 મહિનાની કાનૂની લડાઇ બાદ પાછી મળી

અમેરિકાની કોર્ટે ગેરકાયદે કબ્જો કરનાર વ્યક્તિને પોતાના ખર્ચે મકાન અને સામાન હટાવીને જમીન ખાલી કરવાનો આદેશ આપ્યો



વર્જિનિયા : અમેરિકાની વર્જિનિયા કોર્ટે શિનોન્ડોઆ નેશનલ પાર્ક પાસે આવેલી 30 એકરની કિંમતી જમીન પરથી ગેરકાયદે કબ્જો હટાવવાનો ચુકાદો આપ્યો છે. આ જમીન મૂળ મહાત્મા ગાંધીના પૌત્ર સ્વ. કાનુભાઈ ગાંધી અને તેમના પત્ની શિવાબેન ગાંધીએ 1987માં ખરીદી હતી, પરંતુ તેમના અવસાન બાદ હવે આ જમીનની માલિકી તેમનાં દ્વારા સ્થાપિત ટ્રસ્ટ પાસે છે. સુરતના પારિમલ દેસાઈ દ્વારા લડવામાં આવેલી 20 મહિના લાંબી કાનૂની લડાઈ બાદ ટ્રસ્ટને પોતાની આ જમીન પર વાસ્તવિક કબજો પાછો મેળવવામાં સફળતા મળી છે.

આ કાનૂની વિવાદની શરૂઆત જાન્યુઆરી 2025માં થઈ હતી, જ્યારે ગ્રેગરી બ્લેક નામનાં અમેરિકી નાગરિકે દાવો કર્યો હતો કે તે 2008થી આ જમીન પર રહે છે અને નિયમ મુજબ આ જમીન તેની થાય છે. વર્જિનિયાના કાયદા અનુસાર 15 વર્ષ સતત કબ્જો સાબિત કરવો પડે છે, પરંતુ તે પોતાના દાવાના પાંચેય નિયમો કોર્ટમાં સાબિત કરી શક્યો નહીં. તેણે પોતાના દાવાના સમર્થનમાં જમીન પર બનાવેલી કેબિન, રસ્તા અને તસવીરો કોર્ટમાં રજૂ કરી હતી.

ટ્રસ્ટના મેનેજિંગ ટ્રસ્ટી પારિમલ દેસાઈએ યુ.એસ. માં વકીલો રોકીને અને જીઆઈએસ મેપ જેવા ટેકનિકલ પુરાવાઓ રજૂ કરીને સામે પક્ષના દાવાને ખોટો સાબિત કર્યો હતો. આ માટે પારિમલ દેસાઈએ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI)નો ઉપયોગ કરીને પણ કેસ મજબૂત કરવાના રસ્તા શોધ્યા હતા. આ ઉપરાંત, જમીન પર અન્ય એક મહિલા પણ રહેતી હોવાનું સામે આવતા, માત્ર એક જ વ્યક્તિનો કબ્જો હોવાનો દાવો કોર્ટમાં ટકી શક્યો ન હતો.

વર્જિનિયાની વોરન કાઉન્ટી સરકિટ કોર્ટે ટ્રસ્ટનાં પક્ષમાં ચુકાદો આપતાં ગ્રેગરી બ્લેકને 30 દિવસની અંદર જમીન પરથી પોતાની કેબિન અને અન્ય સામાન પોતાનાં ખર્ચે હટાવી લેવાનો આદેશ આપ્યો છે. જજ ડેરીલ એલ. ફંક દ્વારા આપવામાં આવેલા આ આદેશ બાદ સામેવાળા પક્ષ માટે જમીનમાં પ્રવેશવાના તમામ અધિકારો બંધ થઈ ગયા છે. સાથે જ તેને કોર્ટની ફી પેટે 11,375 ડોલર ચૂકવવાનો પણ હુકમ કર્યો છે.

દુનિયાના સૌથી અમીરની અજબ ગજબ ભવિષ્યવાણી

ભવિષ્ય માટે પૈસા બચાવવા બેકાર, AIના કારણે વસ્તુઓ વધુ માત્રામાં, સરળતાથી મળશે : મસ્ક

વર્ષ 2036 સુધીમાં પૈસાનું કોઇ મહત્વ નહી રહે : એલન



વોશિંગ્ટન : શું તમે ભવિષ્ય માટે પૈસા બચાવી રહ્યા છો? તો આ બેકાર બાબત છે. જીહા, આ શબ્દો છે વિશ્વના અબજોપતિ એલન મસ્કના.એલન મસ્કના જણાવ્યા અનુસાર ભવિષ્યમાં સુપર ઈન્ટેલિજન્ટ એટલે કે એઆઈના કારણે બધી વસ્તુઓ જરૂરતથી વધારે હશે એટલે પૈસા બચાવવા બેવકુફી છે.

પોતાના અધિકૃત એકસ એકાઉન્ટ પર મસ્કે આ જાણકારી આપી છે. તેમણે કહ્યું છે કે લોકોએ ભવિષ્ય માટે પૈસા ન બચાવવા જોઈએ, કારણ કે આવનારા સમયમાં સુપર ઈન્ટેલિજન્ટ (એસઆઈ) એટલે કે આર્ટિફીશ્યલ ઈન્ટેલિજન્ટ (એઆઈ)ના કારણે જયારે દરેક વસ્તુઓ જરૂરતથી વધુ માત્રામાં ઉપલબ્ધ હશે.

હકીકતમાં ટેસ્લા અને સ્પેસ એકસના પ્રમુખ મસ્કે અનેક વાર ભવિષ્યવાણી કરી છે કે એઆઈમાં થનારી પ્રગતિથી સામાન અને સેવાઓ એટલી તો સરળતાથી ઉપલબ્ધ થઈ જશે કે લોકો પોતાની જરૂરિયાત પુરી કરવા માટે કામ કરવાની પણ જરૂર નહીં પડે!

એક યુઝરે લખ્યું- વધુ પડતી લાપરવાહી પણ ઠીક નથી પણ સત્ય તો એ છે કે કેટલાક વર્ષો બાદ દરેક વસ્તુ વધુ માત્રામાં હશે. ઉલ્લેખનીય છે કે અગાઉ એક ઈન્ટરવ્યુમાં એલન મસ્કે કહ્યું હતું કે વર્ષ 2036 સુધીમાં પૈસાનું કોઈ મહત્વ નહીં રહે.

ઈઝરાયેલમાં કોઈને પણ બહુમતી નહીં : નેતન્યાહુએ કહ્યુ

“દેશનું ઈસ્લામીકરણ કરવાનું ષડયંત્ર”

વિદેશી ભંડોળથી ચૂંટણી પ્રભાવિત કરવાનાં આરોપ બાદ ચૂંટણી સમિતિએ ગુપ્તચર એજન્સી `શિનબેટ’ને તપાસ સોંપી



નવી દિલ્હી : ઈઝરાયેલની સંસદીય ચૂંટણીમાં કોઈ પણ પક્ષ કે ગઠબંધનને સ્પષ્ટ બહુમતી ન મળતાં દેશમાં રાજકીય અનિશ્ચિતતા ઘેરી બની છે. ચૂંટણીના પરિણામો સામે આવતાં જ પ્રધાનમંત્રી બેન્જામિન નેતન્યાહુએ ચૂંટણી પ્રક્રિયા પર ગંભીર સવાલો ઉઠાવ્યાં છે.

તેમણે આરોપ લગાવ્યો છે કે આ ચૂંટણીમાં વિદેશી તાકતોએ હસ્તક્ષેપ કર્યો છે અને આ ઈઝરાયેલની લોકશાહી તેમજ ન્યાયી ચૂંટણી વ્યવસ્થા પર ભયાનક હુમલા સમાન છે. ચૂંટણીના અંતિમ પરિણામો મુજબ 120 બેઠકો ધરાવતી `નેસેટ’ (સંસદ)માં સરકાર બનાવવા માટે 61 બેઠકોની જરૂર છે. જોકે, નેતન્યાહુના `લિકુડ’ પક્ષના ગઠબંધનને 53 બેઠકો અને તેમના વિરોધી ગાદી આઈસેનકોટના ગઠબંધનને 48 બેઠકો મળી છે. બીજી તરફ, અરબ સમુદાયના રાજકીય પક્ષોએ અપેક્ષા કરતા વધુ સારું પ્રદર્શન કરીને 19 બેઠકો પર જીત મેળવી છે, જેના કારણે તેઓ હવે કિંગમેકરની ભૂમિકામાં આવી ગયા છે. અરબ પક્ષોની આ અણધારી જીત બાદ નેતન્યાહુએ દાવો કર્યો છે કે કતાર અને તુર્કી જેવા દેશોમાંથી વિદેશી ભંડોળ લાવીને મતદારોને લાંચ આપવામાં આવી હતી. તેમણે આક્ષેપ કર્યો હતો કે ઈઝરાયેલની સંસદ પર કબજો મેળવવા અને દેશનું ઈસ્લામીકરણ કરવા માટે આ મોટું ષડયંત્ર રચવામાં આવ્યું છે. નેતન્યાહુએ તમામ યહૂદી રાજકીય પક્ષોને અપીલ કરી છે કે તેઓ આ અરબ પક્ષો સાથે મળીને સરકાર ન બનાવે. નેતન્યાહુના આ સંગીન આરોપો બાદ ચૂંટણી સમિતિના વડા જસ્ટિસ નોઆમ સોલબર્ગે સમગ્ર મામલાની ઊંડાણપૂર્વક તપાસ ઈઝરાયેલની ગુપ્તચર એજન્સી `શિન બેટ’ને સોંપી દીધી છે. ઈઝરાયેલના રાષ્ટ્રપતિ આઇઝેક હરઝોગે પણ આ મામલે તમામ તથ્યોની ઝડપી અને નિષ્પક્ષ તપાસ કરવા આદેશ આપ્યાં છે. જોકે, કતારે ચૂંટણીમાં હસ્તક્ષેપ કરવાનાં આ આરોપોને સંપૂર્ણપણે પાયાવિહોણા ગણાવીને ફગાવી દીધાં છે.

યુએઈના રાષ્ટ્રપતિએ ભારતીય પાયલટ સ્મિત મચ્છરને કહ્યું, સાજા થઈ જાઓ પછી તમને લડવાની તાલીમ આપીશ



અબુધાબી: સંયુક્ત આરબ અમીરાત (યુએઈ) ના રાષ્ટ્રપતિ શેખ મોહમ્મદ બિન ઝાયદ અલ નાહયાન અને ભારતીય મૂળના ફ્લાયદુબઈ પાયલટ કેપ્ટન સ્મિત મચ્છર વચ્ચેની હૃદયસ્પર્શી મુલાકાતનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો છે. વિમાનમાં થયેલા હુમલા દરમિયાન બહાદુરી દર્શાવવા બદલ સ્મિત મચ્છર સહિત ફ્લાઈટના ક્રૂ સભ્યોનું સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે રાષ્ટ્રપતિએ સ્મિતના માથા પરના ટાંકા તપાસ્યા અને તેમના સ્વાસ્થ્ય અંગે પૂછપરછ કરી હતી. સન્માન સમારોહ દરમિયાન રાષ્ટ્રપતિએ સ્મિત મચ્છરને પૂછ્યું કે તેઓ સંપૂર્ણ સ્વસ્થ થતાં કેટલો સમય લાગશે. સ્મિતે જવાબ આપ્યો કે તેમને સાજા થવામાં આશરે બે મહિના લાગી શકે છે. તેના પર રાષ્ટ્રપતિએ હળવાશભર્યા અંદાજમાં કહ્યું કે તેઓ સાજા થઈ જાય પછી તેમની સાથે એક સત્ર યોજીને તેમને લડવાની તાલીમ આપવા માગે છે. રાષ્ટ્રપતિની આ વાત સાંભળીને સ્મિત હસવા લાગ્યા હતા અને તેમણે તેને પોતાનું મોટું સન્માન ગણાવ્યું હતું. અન્ય એક વીડિયોમાં રાષ્ટ્રપતિ સ્મિતને પ્રેમથી ભેટતા અને તેમના માથા પરના ટાંકા તપાસતા જોવા મળે છે. આ મુલાકાત દરમિયાન યુએઈના નેતાઓએ પાયલટ અને અન્ય ક્રૂ સભ્યોની હિંમત તથા વ્યાવસાયિક કુશળતાની પ્રશંસા કરી હતી.

ઈઝરાયેલ સંસદીય ચુંટણી : નેતાન્યાહુ માટે 'ટફ' સ્થિતિ : એકઝીટ પોલમાં બહુમતીથી દુર



તેલઅવીવ: 2023ના હમાસના સૌથી મોટા હુમલા તથા ઈઝરાયેલના આક્રમક જવાબ અને ઈરાન યુદ્ધ તથા દેશમાં મોંઘવારી વિ. મુદાઓ પર લોકોના જબરા અસંતોષ વચ્ચે યોજાયેલી સંસદીય ચુંટણીમાં વર્તમાન વડાપ્રધાન બેન્જામીન નેતાન્યાહુની લીકુડ પાર્ટીને જબરી સ્પર્ધાનો સામનો કરવો પડે તથા ફરી એક વખત મિશ્ર સરકારથી કામ વધારવું પડે તેવા સંકેત છે. જો કે હજું સતાવાર પરિણામો જાહેર થયા નથી પણ ઈઝરાયેલની ટીવી ચેનલો દ્વારા એકઝીટ પોલમાં નેતાન્યાહુના પક્ષને 29 બેઠકો પર આગળ અને ગઠબંધનને 59 બેઠકો મળે તેવા સંકેત છે. ઈઝરાયેલે સરકાર બનાવવા માટે કોઈ પણ પક્ષ કે ગઠબંધનને 61 બેઠકો મળે તે જરૂરી છે. નેતાન્યાહુના સમર્થકોએ જો કે વિજય મનાવવાનો શરુ કરી દીધો છે પણ રાત્રી સુધીમાં ચિત્ર સ્પષ્ટ થાય તેવા સંકેત છે. વડાપ્રધાન નેતાન્યાહુ સામે ઈઝરાયેલ સેનાના જ પુર્વ વડા ગાડી એસેનકોટ મેદાનમાં છે. તો પુર્વ વડાપ્રધાન નાફતાલી બેનેટ અને યાયર લાપીડ તથા પુર્વ સંરક્ષણ મંત્રી અવિરદોર લિબામેન પણ વડાપ્રધાનના દાવેદાર છે. જેમાં ગાડી એસેનકોટ સાથે મુખ્ય સ્પર્ધા છે પણ નેતાન્યાહુએ આખરી ઘડીએ ઈરાનના અણુશો આરબ વોરનો ડર બતાવી મતદારોને પોતાની સાથે કરવા પ્રયત્ન કર્યો હતો.

કાગડા બધેય કાળા! : નેતાન્યાહુએ વોટચોરીનો આરોપ લગાવ્યો!

ઈઝરાયેલમાં સરકાર બનાવવા મુદ્દે જટીલ સ્થિતિ સર્જાઈ : અરબ પાર્ટીઓ બનશે કિંગ મેકર



યેરુસલેમ : ઈઝરાયલમાં ચૂંટણી બાદ સરકાર બનાવવાને લઈ જટિલ સ્થિતિ સર્જાઈ છે. હકીકતમાં વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહુનું ગઠબંધન સૌથી આગળ ચાલી રહ્યું છે, જોકે તેને બહુમતી મળી નથી. બીજીબાજુ વિપક્ષના નેતા ગાદી આઈજનકોટનું ગુટ પણ સરકાર બનવા માટે જરૂરી આંકડાથી પાછળ છે. આ સંજોગોમાં સૌની નજર એ વાત પર છે કે કયા નાના પક્ષનું સમર્થન હાંસલ કરી શકે છે. અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના નિવેદન બાદ રાજકીય રીતે ચર્ચાએ વેગ પકડ્યો છે. ટ્રમ્પે કહ્યું હતું ક નેતન્યાહૂ હજુ પણ સારી સ્થિતિમાં છે. આ દરમિયાન મતગણતરીથી માલુમ થાય છે કે બે મુખ્ય અરબ પાર્ટી આશરે 19 બેઠક જીતવાના માર્ગે છે. જે નેસેટ (ઈઝરાયલી સંસદ)માં તેની વર્તમાન સંખ્યાથી આશરે બે ગણી છે. આ બન્ને મુખ્ય પાર્ટી છે યુસુફ જબરીનના નેતૃત્વની જોઈન્ટ લિસ્ટ અને મંસૂર અબ્બાસના નેતૃત્વવાળી રામ.

અરબ-બહુલ જોઈન્ટ લિસ્ટના નેતા યુસુફ જબરીને કહ્યું કે તેમનો પક્ષ પોતાની સંભવિત 12 બેઠકોના ઉપયોગ નેતન્યાહુની સરકારને હટાવવા અને ઈઝરાયલની રાજકીય સ્થિતિને બદલવામાં મદદ કરવા માટે કરશે.જબરીને કહ્યુ કે જોઈન્ટ લિસ્ટ આઈજેનકોટના નેતૃત્વવાળી સરકારમાં સામેલ થશે નહીં, કારણ કે તેમને ગાઝામાં ઈઝરાયેલી સૈન્ય અભિયાન અને દક્ષિણી લેબેનોન પર કબ્જાનું સમર્થન કર્યું હતું.

ઈઝરાયલની સંસદને નેસેટ કહે છે. તેમાં કૂલ 120 બેઠક છે. સરકાર બનાવવા માટે 61 સાંસદોનું સમર્થન હોવું જરૂરી છે. કાઉન્ટીંગના શરૂઆતી ઝાનોમાં નેતન્યાહુની લિકુડના નેતૃત્વવાળી ગુટને આશરે 53 બેઠક મળે તેવો અંદાજ છે. જ્યારે આઈજનકોટના નેતૃત્વની વિપક્ષી પાર્ટીને આશરે 48 બેઠક મળી શકે છે. અરબ પાર્ટીઓને આશરે 19 સીટ મળતી નજર આવે છે. આમ ગઠબંધન પાસે પોતાની શક્તિથી સરકાર બનાવવા માટે જરૂરી આંકડા નથી.

ઓલ ટાઇમ બેલોન ડી'ઓર, મેસી પર ભારે પડ્યાં રોનાલ્ડો! ફેન્સે પસંદ કર્યા સર્વકાલીન સર્વશ્રેષ્ઠ

ફેન્સ વોટિંગમાં રોનાલ્ડોએ મેસીને પાછળ છોડી મેળવ્યો B.O.A.T.નો ખિતાબ, 2008ના પ્રદર્શનને મળ્યું સર્વોચ્ચ સ્થાન



નવી દિલ્હી : ફૂટબોલની દુનિયામાં ક્રિસ્ટિયાનો રોનાલ્ડો અને લિયોનેલ મેસી વચ્ચેનાં સર્વશ્રેષ્ઠ ખેલાડીની ચર્ચા લાંબા સમયથી ચાલી રહી છે. હવે ફેન્સની વોટિંગમાં રોનાલ્ડોએ મેસીને પાછળ છોડીને 'બેલોન ડી'ઓર ઓફ ઓલ ટાઇમ' (B.O.A.T.) નો ખિતાબ પોતાના નામે કરી લીધો છે.

આ વોટિંગમાં પોર્ટુગલના આ દિગ્ગજ ખેલાડીના 2008ના સીઝનને બેલોન ડી'ઓરના ઇતિહાસમાં કોઈ પણ વિજેતાનું સર્વશ્રેષ્ઠ વ્યક્તિગત સીઝન પસંદ કરવામાં આવ્યું છે, જ્યારે મેસીનું 2012નું ઐતિહાસિક સીઝન બીજા સ્થાને રહ્યું છે.

બેલોન ડી'ઓર સંસ્થાએ 2026ના ગોલ્ડન બોલ પુરસ્કારના પરિણામો સામે આવ્યાના થોડા દિવસો બાદ આ ખાસ વોટિંગના પરિણામો જાહેર કર્યા છે. ઈંગ્લેન્ડ અને બાયર્ન મ્યુનિકના સ્ટ્રાઇકર હેરી કેને 2026નો ગોલ્ડન બોલ પુરસ્કાર જીત્યો હતો. જોકે, B.O.A.T. નો નિર્ણય સંપૂર્ણપણે ફેન્સના વોટિંગના આધારે કરવામાં આવ્યો હતો, જેમાં રોનાલ્ડોના સીઝનને સૌથી વધુ પસંદ કરવામાં આવ્યું હતું.

માન્ચેસ્ટર યુનાઇટેડ સાથે 2007-08ના સીઝનમાં રોનાલ્ડોએ શાનદાર પ્રદર્શન કર્યું હતું અને તેમના શક્તિશાળી રમતની મદદથી ક્લબે પ્રીમિયર લીગ તથા યુએફએ ચેમ્પિયન્સ લીગનો ખિતાબ જીત્યો હતો. રોનાલ્ડોએ તે સીઝનમાં તમામ સ્પર્ધાઓમાં મળીને કુલ 42 ગોલ કર્યા હતા અને 8 આસિસ્ટ આપ્યા હતાં. આ દરમિયાન તેમને પ્રીમિયર લીગ પ્લેયર ઓફ ધ સીઝન, ફિફા વર્લ્ડ પ્લેયર ઓફ ધ યર અને યુરોપિયન ગોલ્ડન શૂ જેવા ઘણા મોટા વ્યક્તિગત પુરસ્કારો પણ મળ્યા હતા.

બેલોન ડી'ઓર ઓફ ઓલ ટાઇમની અંતિમ રેન્કિંગના ટોપ-10માં માત્ર રોનાલ્ડો અને મેસીનો જ દબદબો રહ્યો હતો. રોનાલ્ડોના પાંચ સીઝન (2008, 2017, 2016, 2014 અને 2013) અને મેસીના પણ પાંચ સીઝન (2012, 2023, 2015, 2011 અને 2009) આ યાદીમાં સામેલ થયા હતા. મેસીના નામે સૌથી વધુ બેલોન ડી'ઓર ખિતાબ છે, પરંતુ બેલોન ડી'ઓરની 70મી વર્ષગાંઠ પર યોજાયેલી આ ખાસ વોટિંગમાં રોનાલ્ડોનું 2008નું સીઝન સૌથી આગળ રહ્યું હતું.

પાણી પર બાઈક દોડાવીને બનાવ્યો રેકોર્ડ



શાંઘાઈ : ચીનના એક ઉદ્યોગપતિએ પાણી પર મોટરસાઈકલ ચલાવીને ગિનીઝ વર્લ્ડ રેકોર્ડ બનાવ્યો છે. ઝાંગ શુએ પોતાની ખાસ રીતે તૈયાર કરેલી મોટરસાઈકલથી હુનાન પ્રાંતની ચેન નદી પર આશરે 40.7 કિલોમીટરનું અંતર કાપ્યું હતું. ઝાંગ શુએ મોટરસાઈકલ બનાવતી કંપની 'ઝેડેક્સમોટો'ના સ્થાપક છે.

તેમણે પોતાની 'ખડ450' મોટરસાઈકલસમાં કેટલાક એવા ખાસ ફેરફારો કર્યા હતા, જેની મદદથી બાઈકને જમીનની સાથે-સાથે પાણી પર પણ ચલાવી શકાય છે. આ કરતબ માટે તેમને ખુલ્લા પાણી પર મોડીફાઈડ (ફેરફાર કરેલી) મોટરસાઈકલ દ્વારા સૌથી લાંબું અંતર કાપવાનો ગિનીઝ વર્લ્ડ રેકોર્ડ મળ્યો છે.

પાણી પર બાઈક ચલાવવા માટે તેમાં ખાસ પ્રકારની 'એમ્ફીબિયસ સ્કી' લગાવવામાં આવી હતી. આ ઉપકરણ મોટરસાઈકલને પાણીની સપાટી પર તરતી રાખવામાં અને આગળ વધવામાં મદદ કરે છે. બાઈકના પાછળના વ્હીલ (પૈડા)એ જ આગળ વધવામાં સૌથી મહત્વની ભૂમિકા ભજવી હતી. તેઝ ગતિથી ફરતું આ પૈડું પાણીને પાછળની તરફ ધકેલતું હતું, જેના કારણે બાઈક આગળ વધતી હતી.

નબળી- સાયબર સુરક્ષા ધરાવતી નાની નોન બેન્કીંગ ફાયનાન્સ કંપનીઓ ટાર્ગેટ

ચાઈનીઝ હેકર્સનો તરખાટ : NBFC ના રૂા.300 કરોડ ગયા



ડીપસીક સહિતના ચાઈનીઝ ટુલકિટ પરથી હેકર્સ સાયબર હુમલાનું મોડેલ બનાવે છે : ડેટા ચોરી બાદ હુમલો

અનેક એનબીએફસી એકથી વધુ વખત શિકાર : છેલ્લા બે માસમાં મુંબઈ-દિલ્હી - ચેન્નઈની કંપનીઓ ટાર્ગેટ

નવી દિલ્હી: દેશમાં બેન્કીંગ જેવી મર્યાદીત સેવા આપતી નોન-બેન્કીંગ ફાયનાન્સ કંપનીઓ હવે સતત સાયબર-હુમલાનો શિકાર બની રહી છે તથા હાલમાં જ એક રિપોર્ટ મુજબ છેલ્લા બે માસમાં જ અનેક એનબીએફસીએ આ પ્રકારના સાયબર એટેકમાં રૂા.300 કરોડ જેવી મોટી રકમ ગુમાવી છે તથા અનેક એનબીએફસીનો એકથી વધુ વખત આ પ્રકારના હુમલામાં નાણા ગુમાવ્યા છે.

છેલ્લા દોઢ માસમાં આ પ્રકારના સાયબર હુમલા સતત વધી રહ્યા છે. ખાસ કરીને નાની એનબીએફસી જેની પાસે મજબૂત સાયબર સુરક્ષા નથી તે આ પ્રકારના હુમલાનો શિકાર વધુ બને છે. સાયબર સિકયોરિટી કંપનીઓની મદદથી હવે એનબીએફસી તેના નેટવર્કની સાયબર સુરક્ષા વધારવા માટે આગળ આવી છે.

ખાસ કરીને આ પ્રકારના સાયબર હુમલામાં ચાઈનીઝ હેકીંગ પ્લેટફોર્મ સાયબર સ્ટ્રાઈકની ભૂમિકા વધુ બહાર આવી છે. ચાઈનીઝ આર્ટિફીશ્યલ ઈન્ટેલીજન્સ ટુલકીટ- એર્જીકસ તથા સાયબર સ્ટ્રાઈક ઉપરાંત ચીનનું ઓપન સોર્સ એ.આઈ. મોડેલ ડીપસીક છે.

ઉપરાંત અલીબાબાનું કવેન સહિતના ટુલનો ઉપયોગ કરીને આ પ્રકોરના એટેક થાય છે. ભારતમાં કુલ 8502 એનબીએફસી નોંધાયેલી છે પણ તેમાં રૂા.1000 કરોડથી ઓછું ટર્નઓવર ધરાવતી કંપનીઓ સૌથી વધુ છે અને ફકત 100 જેટલી ટોચની એનબીએફસી જ અત્યંત મજબૂત સાયબર સુરક્ષા ધરાવે છે તથા જેના પર હુમલા થયા તેમ મુંબઈમાં 30, દિલ્હીમાં 25, ચેન્નઈમાં 15 સહિતની કંપનીઓએ ફરિયાદ નોંધાવી છે તથા હવે તેના પર સંકલત તપાસ ચાલુ થઈ છે.

મોટાભાગના હેકર્સ સીસ્ટમને જ સીધો ટાર્ગેટ કરે છે. જેના કારણે તેઓનું કામ સરળ થઈ જાય છે. ખાસ કરીને પહેલા ઈન્કવાયરી સર્વિસના નામે ડેટા ચોરી થાય છે પછી એ.આઈ. ને કામગીરી સોપી દેવાય છે જે આ ડેટા પરથી હેકીંગ ટુલ બનાવે છે અને પછી તે સીસ્ટમમાં ઘુસાડી દે છે.

અમેરિકાની ખાડી દેશોને ચેતવણી

મિડ ટર્મ ચૂંટણી પછી ઇરાન સામે 'ટૂંકા અને તીવ્ર યુદ્ધ' માટે તૈયાર રહો

ટ્રમ્પ ઇરાનના પરમાણું મથકો પર મોટા હુમલાની તૈયારીમાં, બીજી તરફ જે.ડી. વાન્સે શાંતિ વાટાઘાટો માટે ઈરાનને પત્ર લખ્યો



નવી દિલ્હી : યુનાઇટેડ સ્ટેટ્સે મધ્ય પૂર્વના દેશો (ખાડી દેશો) ને અમેરિકામાં યોજાનારી મધ્યસત્ર (મિડટર્મ) ચૂંટણીઓ પછી ઈરાન સામે એક ટૂંકા પરંતુ અત્યંત તીવ્ર મિલિટરી અભિયાન (યુદ્ધ) માટે તૈયાર રહેવા જણાવ્યું છે. મુત્સદ્દી અને લશ્કરી માધ્યમો દ્વારા આપવામાં આવેલી આ ચેતવણીઓ દર્શાવે છે કે અમેરિકા અને ઇઝરાયેલ બંને ઈરાન પર નવા અને ભારે હુમલા કરવાની યોજના બનાવી રહ્યાં છે. આ હુમલાઓનો મુખ્ય હેતુ તેહરાન (ઈરાન) ની તાકાત તોડવાનો અને તેને ફરીથી વાટાઘાટોના ટેબલ પર લાવવાનો છે.

આ આયોજનના ભાગરૂપે યુએસ મિલિટરી ટેક્સાસથી પોતાની 'પેટ્રિઅટ' મિસાઈલ ડિફેન્સ સિસ્ટમ મધ્ય પૂર્વમાં લાવી રહી છે જેથી પોતાની સુરક્ષા મજબૂત કરી શકાય. આ ઉપરાંત, સંભવિત હુમલાઓને ધ્યાનમાં રાખીને અમેરિકાએ પોતાનાં સૈનિકોને સુરક્ષિત સ્થળોએ ખસેડ્યા છે અને બોમ્બર તથા ફાઇટર વિમાનોને હુમલા માટે તૈયાર રાખવામાં આવ્યા છે. આવતા મહિને આ વિસ્તારમાં વધુ એક એરક્રાફ્ટ કેરિયર અને યુદ્ધ જહાજો પણ જોડાવાના છે.

અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે હજુ સુધી આ હુમલા અંગે આખરી નિર્ણય લીધો નથી, પરંતુ તેઓ ચૂંટણી પછી ઈરાનના મુખ્ય પરમાણું મથકો અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર મોટા હુમલાઓ કરવા તરફ વિચારી રહ્યાં છે. ટ્રમ્પે તાજેતરમાં જ એક રેલીમાં જણાવ્યું હતું કે, "અમે કાં તો વધુ એક નાનું 'એપિક ફ્યુરી' (હુમલો) કરીશું અથવા તો તેઓ (ઈરાન) વાટાઘાટો માટે તૈયાર થઈ જશે." વ્હાઇટ હાઉસે જણાવ્યું છે કે અમેરિકા ઈરાનને ક્યારેય પરમાણું બોમ્બ બનાવવાની મંજૂરી નહીં આપે.

બીજી તરફ, યુદ્ધ ટાળવા અને શાંતિ જાળવવા માટે મુત્સદ્દી પ્રયાસો પણ ચાલું છે. એક અહેવાલ મુજબ, યુએસ વાઈસ પ્રેસિડેન્ટ જે.ડી. વાન્સે શાંતિ વાટાઘાટો ફરી શરૂ કરવા માટે ઈરાનની સુરક્ષા પરિષદના વડા મોહસેન રેઝાઈને એક પત્ર પણ મોકલ્યો છે.

અમેરિકાએ ઈરાન પર કડક આર્થિક પ્રતિબંધો અને દરિયાઈ નાકાબંધી લાદીને તેના તેલ વેચાણ અને આર્થિક વ્યવહારો પર ભારે રોક લગાવી દીધી છે, જેથી તેના પર આર્થિક દબાણ પણ વધારી શકાય

આ ધમકીઓ વચ્ચે ઈરાને પણ આકરો જવાબ આપવાની ચેતવણી આપી છે. ઈરાને સ્પષ્ટ કર્યું છે કે જો તેના પર કોઈ હુમલો થશે, તો તે સમગ્ર વિસ્તારમાં અમેરિકી સૈન્ય મથકો અને આર્થિક તથા નાગરિક મથકો પર આકરા વળતા પ્રહાર કરશે.

નિષ્ણાતોનું માનવું છે કે માત્ર હવાઈ હુમલાઓ કરવાથી ઈરાન શરણાગતિ સ્વીકારશે નહીં, પરંતુ તેનાથી તે પોતાના મિસાઈલ અને પરમાણુ પ્રોગ્રામને વધુ મજબૂત કરવા માટે મક્કમ બનશે, જેનાથી આખા ક્ષેત્રમાં તણાવ વધુ વધી શકે છે.

ક્રિપ્ટો જગતના સૌથી મોટા એક્સચેન્જ BINANCE પર સાયબર હુમલો : 5.9 અબજ ડોલરની ચોરી

નવી દિલ્હી : વિશ્વના સૌથી મોટા ક્રિપ્ટો એક્સચેન્જ Binanceમાં સંભવિત સાયબર હુમલાના પગલે આવતા સમગ્ર ક્રિપ્ટો જગતમાં હલચલ મચી ગઈ છે. બ્લોકચેન એનાલિટિક્સ પ્લેટફોર્મ ચેનાલિસિસ એ ચોરી થયેલી ક્રિપ્ટોકરન્સીની અનુમાનિત વેલ્યુ અંદાજે 5.912 અબજ ડોલર જેટલી દર્શાવી છે. જોકે, Binance દ્વારા હજુ સુધી યુઝર્સના ફંડ ચોરી થયાની સત્તાવાર પુષ્ટિ કરવામાં આવી નથી.

કંપનીનું કહેવું છે કે યુઝર્સના નાણાં સંપૂર્ણપણે સુરક્ષિત છે અને તેની સિક્યોરિટી ટીમ સમગ્ર મામલાની ગંભીરતાથી તપાસ કરી રહી છે. સાથે જ બાઈનાન્સે યુઝર્સને ફેક મેસેજ, અનધિકૃત લિંક્સ અને એકાઉન્ટની અંગત માહિતી માંગતી શંકાસ્પદ વિનંતીઓથી સાવચેત રહેવાની સલાહ આપી છે.

સંભવિત હેકિંગના આ અહેવાલોને કારણે પ્રમુખ ક્રિપ્ટોકરન્સી બિટકોઈનની કિંમતમાં 3.7% સુધીનો મોટો ઘટાડો નોંધાયો છે. આ કડાકા સાથે બિટકોઈન ગગડીને 79,000 ડોલર ના સ્તરથી નીચે ઉતરી ગયો છે અને સપ્ટેમ્બર મહિના પછીના પોતાના સૌથી નીચલા સ્તરે પહોંચી ગયો છે.

ક્રિપ્ટો ડેટા પ્લેટફોર્મ 'વેલો ડેટા'ના CEO અને કો-ફાઉન્ડર ફ્રેડરિક કોલિન્સે જણાવ્યું હતું કે, "Binance ના હેક થવાની અફવાઓને કારણે કોઈનની કિંમતોમાં સતત ઘટાડો થઈ રહ્યો છે." તેમણે ઉમેર્યું હતું કે ક્રિપ્ટો માર્કેટમાં બાઈનાન્સ એટલું મોટું નામ છે કે જો તેમાં રોકાણકારોનો વિશ્વાસ ડામાડોળ થાય છે, તો તેની સીધી અસર સમગ્ર ઈન્ડસ્ટ્રીના સેન્ટિમેન્ટ પર પડે છે.

રિપોર્ટ અનુસાર, Binance એ સંભવિત ચોરીને અટકાવવા માટે આશરે 3 અબજ ડોલર ના ફંડ્સને ફ્રીઝ કરી દીધા છે. જોકે, આ કાર્યવાહી અને કથિત ચોરી સાથે જોડાયેલી તમામ વિગતોની સ્વતંત્ર પુષ્ટિ થવાની હજુ બાકી છે. બાઈનાન્સના પ્રવક્તાએ જણાવ્યું છે કે કંપની સંભવિત સુરક્ષા જોખમ સાથે જોડાયેલા અહેવાલોથી વાકેફ છે અને તાત્કાલિક ધોરણે તેની તપાસ કરી રહી છે. નવી ડિપોઝીટ તથા ઉપાડ રોકી દેવાયા છે.

કંપનીના સહ-સ્થાપક ચાંગપેંગ ઝાઓ એ પણ એક્સચેન્જ સંભવિત રૂપે હેક થયાની આશંકા વ્યક્ત કરી છે. આ મામલે સત્તાવાર તપાસના અંતિમ નિષ્કર્ષ આવવાના હજુ બાકી છે. Binance એ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ડ પર પોસ્ટ કરીને પણ સ્પષ્ટતા કરી છે કે તેની ટેકનિકલ ટીમો સુરક્ષા સંબંધી અહેવાલોની ચકાસણી કરી રહી છે અને યુઝર્સનું ફંડ સુરક્ષિત છે.

આ દરમિયાન બાઈનાન્સની 23 ઓક્ટોબરની એક પ્રેસ રિલીઝ પણ ભારે ચર્ચામાં છે, જેમાં કંપનીએ દાવો કર્યો હતો કે 2026 ના પ્રથમ છ મહિનામાં તેની અંઈ આધારિત સુરક્ષા પ્રણાલીએ ક્રિપ્ટોકરન્સીના સંભવિત નુકસાનને રોકવામાં મોટી મદદ કરી હતી. કંપનીએ આ આંકડામાં 4.6 અબજ ડોલર ની રકમ અને 80 લાખ થી વધુ યુઝર્સ સુરક્ષિત થયાનો ઉલ્લેખ કર્યો હતો.

બાઈનાન્સનું કહેવું છે કે તે એકાઉન્ટની સુરક્ષા માટે મલ્ટી-લેયર મોનિટરિંગ અને રિસ્ક-બેઝ્ડ સિસ્ટમનો ઉપયોગ કરે છે. એનાલિસ્ટ્સના મતે, ચોરી થયેલી રકમને લઈને હાલ અલગ-અલગ અટકળો સામે આવી રહી છે, તેથી સંપૂર્ણ તપાસ પૂર્ણ થયા વગર અને અધિકૃત માહિતી ન આવે ત્યાં સુધી કોઈપણ એક આંકડાને આખરી માનવો યોગ્ય નથી.

ક્રિપ્ટોકરન્સી એક્સચેન્જો પર સાયબર હુમલાઓનું જોખમ નવું નથી. અગાઉ વર્ષ 2025 માં ઉત્તર કોરિયા સાથે સંકળાયેલા હેકર્સોએ Bybit એક્સચેન્જમાંથી અંદાજે 1.5 અબજ ડોલર ની ક્રિપ્ટોકરન્સી ચોરી લીધી હતી. ઉત્તર કોરિયાના હેકર્સો પર લાંબા સમયથી ક્રિપ્ટો ચોરી અને ઓનલાઈન ફ્રોડ દ્વારા ભંડોળ એકત્ર કરવાના ગંભીર આરોપો લાગતા રહ્યા છે.



એક્સચેંજે 3 અબજ ડોલર 'ફ્રીઝ' કરી દીધા ડિપોઝીટ - ઉપાડ અટકાવ્યા : ટેક ક્ષેત્રમાં ખળભળાટ

હું પ્લેન હાઈજેક કરી, ક્રેશ કરી દઈશ... યાત્રીની મજાકથી પ્લેન પાછું ફર્યું!



યાત્રીએ મજાકમાં લખેલો મેસેજ ફ્લાઈટ એટેન્ડેન્ટની નજરે પડયો : અંતે યાત્રીની ધરપકડ

લાસ વેગાસ : અમેરિકામાં સુરક્ષાને ગંભીર જોખમમાં મૂકતો એક અનોખો કિસ્સો સામે આવ્યો છે, જ્યાં લાસ વેગાસથી ન્યૂ જર્સી જતી યુનાઈટેડ એરલાઈન્સની ફ્લાઈટમાં એક મુસાફરે મજાકમાં કરેલી મેસેજબાજી ભારે પડી હતી.

વિમાન હવામાં પહોંચ્યા બાદ એક મુસાફરે ફ્લાઈટ હાઈજેક અને ક્રેશ કરવાની વાત લખીને મેસેજ મોકલતા ચકચાર મચી ગઈ હતી, જેના પગલે પાયલટે તાત્કાલિક વિમાનને પરત લાસ વેગાસ યુ-ટર્ન લેવડાવવો પડ્યો હતો. પોલીસે આ મામલે 25 વર્ષીય આરોપી યુવકની ધરપકડ કરી છે.

મળતી માહિતી મુજબ, લાસ વેગાસથી નેવાર્ક (ન્યૂ જર્સી) જતી ફ્લાઈટમાં ડાન્ટે મિલ્ન નામના યુવકે તેના જ એક સહકર્મી સાથે ટેક્સ્ટ મેસેજ પર વાતચીત શરૂ કરી હતી. આ દરમિયાન ડ્યુટી પર રહેલી એક ફ્લાઈટ અટેન્ડન્ટની નજર મેસેજ પર પડી, જેમાં "I'm gonna hijack" (એટલે કે હું હાઈજેક કરવા જઈ રહ્યો છું) શબ્દો લખેલા હતા.


આ ગંભીર મામલો તરત જ લીડ ફ્લાઈટ અટેન્ડન્ટ અને કેપ્ટન સુધી પહોંચાડવામાં આવ્યો. વિમાને 10,000 ફૂટની ઊંચાઈ વટાવી લીધા બાદ સુરક્ષા પ્રોટોકોલ મુજબ પાયલટે વિમાનને પરત લાસ વેગાસ એરપોર્ટ પર લેન્ડ કરવાનો નિર્ણય લીધો હતો.

વિમાન લેન્ડ થતાં જ સુરક્ષા દળોએ ડાન્ટે મિલ્નની અટકાયત કરી લીધી હતી. પકડાયા્ બાદ પોલીસ પૂછપરછમાં આરોપી ડાન્ટે મિલ્ને દાવો કર્યો હતો કે તે અંડરવોટર વેલ્ડિંગનું કામ કરે છે અને તાલીમ અર્થે લાસ વેગાસ ગયો હતો.

તેણે દારૂના નશામાં તેના સહકર્મી સાથે માત્ર મજાકમાં જ આ મેસેજ કર્યા હોવાનું રટણ કર્યું હતું. તેનો ઈરાદો ક્યારેય કોઈને નુકસાન પહોંચાડવાનો કે વિમાન હાઈજેક કરવાનો નહોતો.

હિમાલય ક્ષેત્રમાં 16400 ફુટ ઉંચાઈએ 74 લાખ ઘનમીટર પાણી ધસમસી રહ્યુ છે

હવે ભુટાનમાં હિમાલયન ગ્લેશીયર તળાવ ફાટયું : ભારતમાં એલર્ટ



ઉતર પશ્ચિમ ભુટાનના ગાસા જીલ્લામાં ફેફડો લુંગો ક્ષેત્રમાં દુર્ઘટના : ભારતમાં આસામ - પ.બંગાળમાં એલર્ટ જાહેર : નદીઓમાં ભારે પાણી વધવાનો ભય, રાત્રીના 8 વાગ્યે કુદરતી દુર્ઘટના : 15000 લોકોને સલામત કરાયા : કોઈ જાનહાનીના ખબર નથી : એનડીઆરએફ- સેનાને સ્ટેન્ડ ટુ રખાયા

નવી દિલ્હી: નેપાળમાં ગ્લેશીયર તળાવ ફાટવાથી સર્જાતી હોનારત તથા 5000થી વધુના મોતમાં હજુ તમામ મૃતકોના પાર્થિવ દેહ પણ મળ્યા નથી અને હજુ ખાનાખરાબીની સ્થિતિ છે.

તે સમયે ભારતના વધુ એક પાડોશી ભૂતાનમાં ગઈકાલે રાત્રીના પુનાખામાં એક ગ્લેશીયર તળાવ ફાટતા તેનુ પાણી સંકોષ નદીમાં તકસીમાખાંગ સુધી પહોંચી ગયુ છે તથા તેના પરિણામે બંગાળ-આસામમાં ભૂતાનને જોડતા જળમાર્ગ ક્ષેત્રમાં એલર્ટ જારી કરી દેવાયુ છે. પુરતી સ્થિતિને જોતા 15000 લોકોને સલામત સ્થળે ખસેડાયા છે તથા એનડીઆરએફની ટીમો પણ તૈનાત થઈ છે. આ ગ્લેશીયર ફાટવામાં હજું કોઈ જાનહાનીના અહેવાલ નથી પણ પુરનું પાણી કેવી તાકાતથી ધસમસી રહ્યું છે તેના પર નજર છે તથા આ ક્ષેત્રમાં સેનાના જવાનોને પણ સલામત સ્થળે ખસેડાયા છે અને ડ્રોનથી સમગ્ર ક્ષેત્ર પર સતત નજર રાખવામાં આવી રહી છે.

ભૂતાનના ગાસા જિલ્લામાં શિંતાફૂ ગ્લેશિયર ફાટવાની (Glacial Lake Outburst Flood - GLOF) હોનારત સામે આવી છે. શિંતાફૂ સરોવર ફાટવાને કારણે વિશાળ માત્રામાં પાણી મોફુર નદી થઈને સંકોશ નદી તરફ ધસમસતી ગતિએ આગળ વધી રહ્યું છે.

આ બનાવને પગલે ભારત સરકાર અને હવામાન વિભાગ દ્વારા પશ્ચિમ બંગાળના અલીપુરદ્વાર અને આસામના ધુબરી જિલ્લા સહિત ઉત્તર બંગાળના વિવિધ વિસ્તારોમાં ખાસ પૂરની એડવાઈઝરી અને હાઈ એલર્ટ જારી કરવામાં આવ્યું છે.

ભૂતાનના લુંગો વિસ્તારમાં વાકિલા પર્વત નીચે સ્થિત શિંતાફૂ સરોવરમાંથી પાણીનો અતિભારે પ્રવાહ છૂટતાં જ નદી કિનારે વસતા લોકોને ચેતવવા માટે રાતભર સાયરનો વગાડવામાં આવી હતી.

પરિસ્થિતિની ગંભીરતાને જોતાં એનડીઆરએફ (NDRF) અને એસડીઆરએફ (SDRF) ની ટીમોને પશ્ચિમ બંગાળના તુફાનગંજ અને બોક્સીરહાટ જેવા સંવેદનશીલ વિસ્તારોમાં તૈનાત કરી દેવામાં આવી છે.

પશ્ચિમ બંગાળના વન મંત્રી મનોજ કુમાર ઉરાંવે સોશિયલ મીડિયા મારફતે વીડિયો સંદેશ જારી કરીને સંકોશ નદીના કિનારે રહેતા લોકોને તાત્કાલિક પોતાના ઘરો ખાલી કરીને સુરક્ષિત ઊંચાણવાળા સ્થળોએ પહોંચી જવા ભાવુક અપીલ કરી છે.

ભારત સરકાર દ્વારા જારી કરાયેલી સત્તાવાર એડવાઈઝરી મુજબ, પુનાત્સાંગછૂ (જે ભારતમાં પ્રવેશતાં સંકોશ નદી તરીકે ઓળખાય છે) નદીના ઉપરી ક્ષેત્રમાં અચાનક પૂર આવવાના કારણે ભારતીય સીમા સુધી પાણી પહોંચવામાં 6 થી 8 કલાકનો સમય લાગી શકે છે. દાર્જિલિંગના પહાડી વિસ્તારો, અલીપુરદ્વાર અને જલપાઈગુડીમાં સતર્કતા વધારી દેવામાં આવી છે.

ઉલ્લેખનીય છે કે, શિંતાફૂ સરોવર ભૂતાનની 17 અત્યંત જોખમી ગ્લેશિયર ઝીલો પૈકીનું એક છે. હિમાલય ક્ષેત્રમાં બરફ પીગળવાથી રચાયેલા આ સરોવરમાં પાણીનું દબાણ વધતાં કુદરતી બંધ તૂટી જવાથી આ હોનારત સર્જાઈ છે.

બે પુલ તુટયા: ગ્લેશિયર ક્ષેત્રના ગરમ પાણીના ઝરણા સાફ 5000 મીટર ઉંચાઈએ ગ્લેશિયર પાણી ભારતની સંકોષ નદીમાં

ભૂટાનમાં ગ્લેશિયર ઝીલ ફાટવાની દુર્ઘટનામાં હિમાલયના વાકીયા પહાડ પર સમુદ્રની સપાટીથી 5000 મીટર ઉપર આવેલુ છે તથા તેમાં 74 લાખ ઘનમીટર બરફ પાણી તથા માટી હોવાનું અનુમાન છે તથા આ ગ્લેશિયર ઝીલનો કુલ આકાર 238314 વર્ગ મીટર છે.

આ પાણીનો ધસમસતો પ્રવાહ એટલો જોરદાર છે કે અહીના પ્રસિદ્ધ ગાસા-સાચુ ગરમ પાણીના ઝરણામાં પણ સાફ થઈ ગયા છે. બે પહાડી ક્ષેત્રને જોડતા બે પુલ પણ તુટી ગયા છે.

અમેરિકામાં ચૂંટણીને કારણે વ્યાજદર વધારો ન કરાયો, વ્યાજ વધ્યા હોય તો ભારતીય માર્કેટમાં વિદેશી સંસ્થાઓની વેચવાલી વધુ વધવાનું જોખમ હતુ

રાહત...અમેરિકી ફેડ રિઝર્વે વ્યાજદર યથાવત રાખ્યા



નવી દિલ્હી : વૈશ્વિક સંકટ વચ્ચે મોંઘવારી સહિતના પડકારો ઉભા થયા જ છે તેવા સમયે અમેરિકી ફેડરલ રિઝર્વ દ્વારા વ્યાજદરમાં કોઈ વધારો કે બદલાવ કરવામાં નહીં આવતા ભારત સહિતના દુનિયાનાં દેશોને રાહત થઈ છે. અમેરિકી ફેડરલ રિઝર્વની વ્યાજદર સંબંધી બેઠક પર દુનિયાભરની નજર હતી. ગત મહિને 0.25 ટકાનો વધારો થયો હતો અને વધુ વધારો થવાનો સંકેત અપાયો હોવાથી ગઈકાલની મીટીંગ પર વોચ હતી. ફેડ રિઝર્વે 10-2 ની બહુમતીથી 3.75 થી 4 ટકાનું વ્યાજ યથાવત રાખવાનો નિર્ણય લીધો હતો.

જાણકારોનાં કહેવા પ્રમાણે અમેરિકામાં આવતા મહિને ચૂંટણી હોવાને કારણે વ્યાજદર વધારો ટાળવામાં આવ્યો છે.બાકી મોંઘવારી સહીતના પડકારો ઉભા જ છે.એટલે ડીસેમ્બરની બેઠકમાં ફરી ઝટકો આપવામાં આવે તેવી શકયતા નકારાતી નથી. અમેરિકી વ્યાજદરમાં બદલાવની ભારત પર વ્યાપક અસર થતી હોય છે. ખાસ કરીને વૈશ્વિક આર્થિક સ્થિતિ સખ્ત બને છે અને મુડી પ્રવાહમાં બદલાવ જોવા મળે છે. પરંતુ આ વખતે વ્યાજદર યથાવત રખાતા ભારતીય માર્કેટોમાં કોઈ ખાસ અસર થઈ નથી. શેરબજાર, સોના-ચાંદી, કરન્સી સહીતનાં માર્કેટ નોર્મલ હતા અને નિયમીત પરિબળો આધારીત ટ્રેન્ડ હતો. હવે માર્કેટ ક્રુડ તેલની કિંમત, બોન્ડ મીલ્ડ જેવા કારણો આધારીત વધઘટ સુચવી શકે છે. મહત્વની વાત એ છે કે વ્યાજદર યથાવત રહેવાને કારણે બોન્ડ માર્કેટ ઠંડુ પડયુ હતું અને તેનાંથી માર્કેટને રાહત થઈ હતી. સોના-ચાંદમિં જોકે વ્યાજદર, વધારો ન થવા છતા કિંમતોમાં ઘટાડો થઈ ગયો હતો. જાણકારોએ એમ કહ્યું કે, અમેરિકી વ્યાજદર નહી વધતા ભારત સહીતના દેશોએ રાહત અનુભવી છે.કારણ કે વ્યાજદર વધારાના સંજોગોમાં વિદેશી નાણા સંસ્થાઓ વધુ જોરપુર્વક નાણાં પાછા ખેચવા લાગે. વેચવાલી કરે તેવી ભીતી હતી.


ઓપરેશન સિંદુરના 18 માસ બાદ પ્રથમ `સંવાદ'

તનાવ 'કમ'! SCO ની બેઠકમાં પાક.ને આમંત્રણ



નવી દિલ્હી: ભારત-પાકિસ્તાનના સંબંધોમાં એક યુટર્નમાં આગામી મહિને તા.20-22 ડિસેમ્બરે દિલ્હીમાં શાંઘાઈ સહયોગ સંગઠન (એસસીઓ) ના `સિવિલાઈજેશન ડાયલોગ ફોરમ' (સભ્યતા સંવાદ મંચ)ની બેઠકમાં એસસીઓના સભ્ય દેશ તરીકે પાકિસ્તાનને હાજરી આપવા આમંત્રણ આપ્યુ છે. આમ 2025ના ઓપરેશન સિંદુર બાદ બન્ને દેશોના સંબંધોમાં જે જબરો તનાવ છે તેમાં આ આમંત્રણ મહત્વનું ગણવામાં આવે છે. એસસીઓમાં 10 સભ્ય દેશો છે. આ બેઠકમાં પાકના રાષ્ટ્રીય હેરીટેજ અને સંસ્કૃતિ બાબતોના મંત્રી સૌરબજેબ ખાન ખીચીને ભારત આવવા જણાવ્યું છે. તા .20થી22ના રોજ દિલ્હીથી સભ્ય દેશો પારસ્પારિક સાંસ્કૃતિક સંબંધો અને એકબીજા પ્રત્યેની સમજને મજબૂત બનાવવા યોજાઈ છે. જો કે વિદેશ મંત્રાલયના અધિકારીઓએ સ્પષ્ટ કર્યુ છે કે, આ એક બહુસભ્ય મંચ છે અને તેમાં પાકને આમંત્રણ એ ભારત-પાકના દ્વીપક્ષી સંબંધો સાથે કશું લાગતુ વળગતુ નથી. ઓપરેશન સિંદુરના 18 માસ બાદ આ પ્રકારે પાકના કોઈ વરિષ્ઠ મંત્રી ભારત આવી શકે છે. આ સંગઠનમાં 2026/27ના કાર્યકાળ માટે પાકિસ્તાને 1 સપ્ટેમ્બર 2026થી હેડસ ઓફ ફોર કાઉન્સીલનું અધ્યક્ષપદ મેળવ્યું છે. જો કે અગાઉ એસસીઓની સમીટમાં ભારતે આતંકવાદ મુદ્દે પાકને આડે હાથે લીધુ હતું.

વર્લ્ડ ચોકલેટ માસ્ટર્સ સ્પર્ધામાં ચોકલેટમાં કંડારાઈ કલાકૃતિઓ



બેલ્જિયમના એન્ટવર્પમાં વર્લ્ડ ચોકલેટ માસ્ટર્સ પ્રતિયોગિતામાં કલાકારોએ ચોકલેટમાંથી એક એકથી ચડિયાતી કલાકૃતિઓ બનાવી હતી, જેને જોઈને લોકો દંગ થઈ ગયા હતા. ફ્રાન્સના સેમ્યુઅલ ફ્રેમોએ ચોકલેટમાંથી એક કિટકની કલાકૃતિ બનાવી હતી. જ્યારે ઓસ્ટ્રેલિયાના વાર્મુષે ચોકલેટમાંથી ચકલી બનાવી હતી. જાપાનના એક કલાકારે પણ ચોકલેટની એક કલાકૃતિ બનાવી પોતાનો હુનર બતાવ્યો હતો.

વ્હાઈટ હાઉસે સોશ્યલ મિડીયા પર માહિતી શેર કરી

મિડ ટર્મ પોલ ટાણે ટ્રમ્પ તંત્રનો મોટો દાવો : 2.5 મિલીયન ઈમિગ્રન્ટસે અમેરિકા છોડયું



વોશિંગ્ટન : મિડટર્મ ઈલેક્શનના ટાણે ટ્રમ્પ એડમિનિસ્ટ્રેશન માસ ડિપોર્ટેશનને લઈને મોટા-મોટા દાવા કરી રહ્યું છે, વ્હાઈટ હાઉસ દ્વારા સોશિયલ મીડિયા પર શેર કરવામાં આવેલી માહિતીમાં એવું જણાવાયું છે કે જાન્યુઆરી 2025થી લઈને અત્યારસુધીમાં ઈમિગ્રન્ટ્સની વસ્તીમાં 2.3 મિલિયન જેટલો ધરખમ ઘટાડો થયો છે.

તો બીજી તરફ, માઈગ્રેશન પોલિસી ઈન્સ્ટિટ્યૂટના એક રિપોર્ટમાં એવું જણાવાયું છે કે, આ દરમિયાન ડિપોર્ટ કરાયેલા ઈમિગ્રન્ટ્સનો આંકડો 12.80 લાખ જેટલો થાય છે. જો વ્હાઈટ હાઉસ દ્વારા કરાયેલો દાવો સાચો માનીએ તો એવું કહી શકાય કે જેટલા લોકોને ડિપોર્ટ કરવામાં આવ્યા છે તેટલા જ લોકોએ સામે ચાલીને અમેરિકા છોડ્યું છે.

ખાસ વાત એ છે કે, છેલ્લા પાંચેક મહિનાથી ડિપોર્ટેશનનો ધમધમાટ ખાસ્સો વધ્યો છે, દર મહિને 50 હજારથી પણ વધુ અનડોક્યુમેન્ટેડ ઈમિગ્રન્ટ્સની ધરપકડ કરવામાં આવી રહી છે પરંતુ તેની સામે ડિપોર્ટ કેટલા થઈ રહ્યા છે તેની કોઈ સત્તાવાર માહિતી પ્રસિદ્ધ કરવામાં નથી આવી.

આમ તો ટ્રમ્પ સરકારે વાયદો કર્યો હતો કે તે એક વર્ષમાં ઓછામાં ઓછા એક મિલિયન અનડોક્યુમેન્ટેડ ઈમિગ્રન્ટ્સને ડિપોર્ટ કરશે. 2025માં ખાસ્સો હોબાળો કર્યા બાદ પણ અમેરિકાથી 1 મિલિયનના ટાર્ગેટ સામે 6.20 લાખ લોકોને ડિપોર્ટ કરી શકાયા હતા. ત્યારબાદ 2026ની શરૂઆતમાં માસ ડિપોર્ટેશન થોડું ઢીલું પડ્યું હતું પરંતુ માર્ચ-એપ્રિલમાં તેમાં ફરી ગરમાવો આવતા ધરપકડોનો આંકડો સતત વધવા લાગ્યો હતો.

હાલના દિવસોમાં જે સ્કેલ પર ઈમિગ્રેશન એન્ફોર્સમેન્ટ થઈ રહ્યું છે તેવું ટ્રમ્પની સેકન્ડ ટર્મની શરૂઆતમાં પણ નહોતું થયું. એવું મનાઈ રહ્યું હતું કે 2026માં ટ્રમ્પ ગમે તેમ કરીને માસ ડિપોર્ટેશનનો ટાર્ગેટ પૂરો કરીને રહેશે, પરંતુ હાલની સ્થિતિ જોતા એવું લાગી રહ્યું છે કે 2025ની સરખામણીએ માત્ર 40 હજાર લોકો વધુ ડિપોર્ટ થશે અને એક મિલિયનનો ટાર્ગેટ પૂરો થાય તેવી કોઈ શક્યતા દૂર-દૂર સુધી નથી દેખાઈ રહી.

માઈગ્રેશન પોલિસી ઈન્સ્ટિટ્યૂટ દ્વારા જે આંકડા જાહેર કરાયા છે તે ફ્રીડમ ઓફ ઈન્ફોર્મેશન એક્ટ હેઠળ મેળવવામાં આવ્યા છે, આમ તો સરકારે તેના સત્તાવાર આંકડા જાહેર કરવા જોઈતા હતા પરંતુ જાન્યુઆરી 2025થી DHSએ આ અંગેનો ડેટા પબ્લિશ કરવાનું સદંતર બંધ કરી દીધું છે.

ટ્રમ્પ એડમિનિસ્ટ્રેશનનો દાવો છે કે ક્રિમિનલ ઈમિગ્રન્ટ્સને પકડી-પકડીને અમેરિકાની બહાર કાઢવામાં આવી રહ્યા છે, પરંતુ MPIનો રિપોર્ટ એવું જણાવે છે કે જે લોકોને ડિપોર્ટ કરવામાં આવ્યા છે તેમાંથી માત્ર 20 ટકા લોકોને જ ક્રિમિનલ કેસમાં દોષિત ઠેરવવામાં આવ્યા હતા. આ ઉપરાંત ટ્રમ્પની સેકન્ડ ટર્મના પહેલા 18 મહિનામાં જેમને ડિપોર્ટ કરાયા છે તેમાંથી 9.80 લાખ લોકો એવા હતા કે જેમને બોર્ડર પરથી જ પકડવામાં આવ્યા બાદ પાછા મોકલી દેવાયા હતા.

ઈઝરાયલમાં સંસદની 120માંથી સરકાર બનાવવા માટે 61 સીટો જરૂરી : ટ્રમ્પે નેતન્યાહુની બઢતનો શ્રેય લીધો

ઈઝરાયલ સામાન્ય ચૂંટણી 2026 : 72 ટકાથી વધુ મતગણતરી બાદ નેતન્યાહુ 54 બેઠકો સાથે આગળ



જેરુસલેમ: ઈઝરાયલમાં સંસદીય ચૂંટણીના મતદાન બાદ મતગણતરી પૂરજોશમાં ચાલી રહી છે, જેમાં 72.4 ટકા મતગણતરી પૂર્ણ થયા પછી વડાપ્રધાન બેંજામિન નેતન્યાહુનું ગઠબંધન 54 બેઠકો સાથે આગળ ચાલી રહ્યું છે. બીજી તરફ, ગાદી આઈઝનકોટના નેતૃત્વવાળા વિપક્ષી ગઠબંધનને 48 બેઠકો મળતી દેખાઈ રહી છે, જ્યારે અરબ પાર્ટીઓની સંયુક્ત યાદી અને રાઅમ પાર્ટીને 18 બેઠકો મળવાનો અંદાજ છે.

ઈઝરાયલી સંસદ (નેસેટ) માં કુલ 120 બેઠકો છે અને સરકાર બનાવવા માટે 61 બેઠકોનો જાદુઈ આંકડો જરૂરી છે. આ મતગણતરીના કારણે દેશમાં આગામી રાજકીય દિશા અંગે ભારે ઉત્સુકતા જોવા મળી રહી છે. આ ચૂંટણીમાં રેકોર્ડબ્રેક 77.7 ટકા મતદાન નોંધાયું છે, જે 1999 પછીનું સૌથી વધુ મતદાન છે. ચૂંટણી પહેલાં ઓપિનિયન પોલ્સમાં વડાપ્રધાન બેંજામિન નેતન્યાહુની હારની ભવિષ્યવાણી કરવામાં આવી હતી, પરંતુ વાસ્તવિક પરિણામો અને ઝાન એકદમ રોમાંચક અને જોરદાર ટક્કરવાળા સાબિત થઈ રહ્યાં છે. ભારે મતદાનને કારણે પરિણામોની ગણતરીમાં પણ વધુ સમય લાગી રહ્યો છે.

મતદાન અને ઝાન વચ્ચે અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે સોશિયલ મીડિયા પર નિવેદન આપીને નેતન્યાહુને મળેલી બઢતનો શ્રેય લીધો છે. ટ્રમ્પે દાવો કર્યો કે તેમનાં સમર્થન પછી જ ચૂંટણીનું વાતાવરણ બદલાયું અને નેતન્યાહુની હારની સંભાવના મજબૂત મુકાબલામાં ફેરવાઈ ગઈ. આ ચૂંટણીમાં 7 ઓક્ટોબરના હમાસ હુમલાની તપાસ, સૈન્ય ભરતી વિવાદ, સુપ્રીમ કોર્ટની શક્તિઓ અને રાષ્ટ્રીય સુરક્ષા જેવા મુદ્દાઓ કેન્દ્રસ્થાને રહ્યાં છે. ટ્રમ્પના આ નિવેદનની આંતરરાષ્ટ્રીય સ્તરે પણ વ્યાપક ચર્ચા શરૂ થઈ ગઈ છે. સંસદમાં કોઈપણ પક્ષ કે ગઠબંધનને સ્પષ્ટ બહુમત ન મળવાની સ્થિતિમાં સરકાર બનાવવી એક મોટો પડકાર બની ગયો છે.

જો નેતન્યાહુ કે આઈઝનકોટમાંથી કોઈ પણ 61 નો આંકડો પાર ન કરી શકે, તો અરબ પક્ષો નિર્ણાયક ભૂમિકા ભજવી શકે છે અથવા તો દેશમાં ફરીથી ચૂંટણી યોજવાની નોબત પણ આવી શકે છે.

હાલમાં સૈનિકો અને વિશેષ શ્રેણીના લાખો મતોની ગણતરી બાકી હોવાથી અંતિમ ચિત્ર ટૂંક સમયમાં સ્પષ્ટ થશે. સમગ્ર વિશ્વની નજર હવે આ ચૂંટણીના આખરી પરિણામો પર ટકેલી છે.

પરાજયની ગંધ આવી ગઇ ? ટ્રમ્પે ધમકી આપી - ઇમાનદારીથી ચૂંટણી થશે તો જ પરિણામ સ્વીકારશું

ટ્રમ્પની પાર્ટીના કેટલાક વ્યુહ રચનાકારોને વિવિધ રાજ્યોમાં ઉમેદવારોની જીતની સંભાવના અંગે ચિંતા

વોશિંગ્ટન : અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે આગામી મિડટર્મ ચૂંટણીનાં પરિણામો સ્વીકારવા અંગે મોટું નિવેદન આપ્યું છે. તેમણે કહ્યું છે કે જો ચૂંટણી ઈમાનદારીથી યોજાશે તો તેઓ પરિણામોનું સન્માન કરશે. 3 નવેમ્બરે યોજાનારી મધ્યસત્ર ચૂંટણી પહેલાં ટ્રમ્પના આ નિવેદનથી અમેરિકાનું રાજકીય વાતાવરણ ગરમાયું છે. આ ચૂંટણીમાં કોંગ્રેસનાં બંને ગૃહોમાં કઈ પાર્ટીનું નિયંત્રણ રહેશે તે નક્કી થશે.

મંગળવારે, 27 ઓક્ટોબરે ટેક્સાસના ચૂંટણી પ્રચાર માટે રવાના થતાં પહેલાં એરફોર્સ વન વિમાનમાં ટ્રમ્પે પત્રકારો સાથે વાતચીત કરી હતી. આ દરમિયાન તેમણે કહ્યું હતું કે જો ચૂંટણી ઈમાનદારીથી યોજાશે તો તેઓ મિડટર્મ ચૂંટણીનાં પરિણામો સ્વીકારશે. ટ્રમ્પનું આ નિવેદન એવા સમયે આવ્યું છે.

જ્યારે રિપબ્લિકન પાર્ટી અનેક રાજ્યોમાં ચૂંટણીના પડકારોનો સામનો કરી રહી છે. પાર્ટીના કેટલાક વ્યૂહરચનાકારોને પણ વિવિધ રાજ્યોમાં ઉમેદવારોની જીતની સંભાવનાઓ અંગે ચિંતા છે.

ટ્રમ્પ ટેક્સાસમાં રિપબ્લિકન ઉમેદવાર કેન પેક્સ્ટનના સમર્થનમાં ચૂંટણી પ્રચાર કરવા પહોંચ્યા છે. અમેરિકાની સેનેટ બેઠક માટે પેક્સ્ટનની સામે ડેમોક્રેટિક પાર્ટીના જેમ્સ ટાલારિકો સાથે છે. ટ્રમ્પે રિપબ્લિકન પાર્ટીના પરંપરાગત ગઢ ગણાતા રાજ્યોમાં પ્રચાર તેજ કર્યો છે.

અમેરિકામાં 3 નવેમ્બરે યોજાનારી મધ્યસત્ર ચૂંટણીમાં હાઉસ ઑફ રિપ્રેઝન્ટેટિવ્સની તમામ 435 બેઠકો અને સેનેટની 100માંથી 35 બેઠકો માટે મતદાન થશે. આમ, કોંગ્રેસનાં બંને ગૃહોમાં સત્તાનું સમીકરણ બદલાઈ શકે છે. જનમત સર્વેક્ષણો અનુસાર, ડેમોક્રેટિક પાર્ટી હાઉસ ઑફ રિપ્રેઝન્ટેટિવ્સમાં બહુમતી મેળવી શકે છે. જ્યારે સેનેટમાં બંને પક્ષો વચ્ચે કાંટાની ટક્કર રહેવાની શક્યતા છે. ચૂંટણીમાં ડેમોક્રેટિક પાર્ટી કોંગ્રેસનાં એક અથવા બંને ગૃહોમાં નિયંત્રણ મેળવી લે છે, તો ટ્રમ્પ માટે પોતાની નીતિઓને મંજૂરી અપાવવાનું મુશ્કેલ બની શકે છે. આ ઉપરાંત, ડેમોક્રેટ્સને ટ્રમ્પ વહીવટીતંત્રના કામકાજ અંગે સંસદીય તપાસ શરૂ કરવાની તક પણ મળી શકે છે.



સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે સરદાર પટેલને શ્રદ્ધાંજલી અર્પણ કરતા વડાપ્રધાન

સરદાર પટેલનો ત્યાગ સૌથી મોટી પ્રેરણા : નરેન્દ્ર મોદી

એકતાનગરમાં 426.91 કરોડના ખર્ચે પ્રવાસન-માળખાકીય સુવિધાના 31 પ્રોજેકટનું લોકાર્પણ-ખાતમુહુર્ત, સરદાર પટેલની પ્રતિમા પર હેલીકોપ્ટરથી પુષ્પવર્ષા







એકતાનગર : વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે સરદાર વલ્લભભાઈ પટેલની જન્મ જયંતિ નીમીતે રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણીમાં સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતેના કાર્યક્રમમાં સામેલ થયા હતા. સરદાર પટેલને શ્રધ્ધાસુમન અર્પણ કર્યા હતા. અને ભારત માતા પ્રત્યેનો તેમનો ત્યાગ જ સૌથી મોટી પ્રેરણા ગણાવી હતી.

ગુજરાતનાં બે દિવસના પ્રવાસે રહેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે રાષ્ટ્રીય એકતા દિવસનીફ ઉજવણી માટે એકતાનગર સ્થિત સ્ટેચ્યુ ઓફ યુનિટી પહોંચ્યા હતા જયાં દુનિયાની સૌથી ઉંચી એવી સરદાર પટેલની પ્રતિમાને નમન કરીને શ્રધ્ધાંજલી અર્પણ કરી હતી આ તકે સ્ટેચ્યુ ઓફ યુનિટી પર હેલીકોપ્ટરથી પુષ્પવર્ષા કરવામાં આવી હતી. આ તકે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સરદાર પટેલના ત્યાગને સૌથી મોટી પ્રેરણા ગણાવીને નમન કર્યા હતા.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 31 ઓક્ટોબરના રોજ સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતી અને રાષ્ટ્રીય એકતા દિવસ નિમિત્તે એકતાનગર ખાતે રૂ. 426.71 કરોડથી વધુના પ્રવાસન અને માળખાકીય સુવિધાઓ સંબંધિત કુલ 31 વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યું હતું. આ અંતર્ગત સ્ટેચ્યુ ઑફ યુનિટી વિસ્તારમાં પ્રવાસીઓ માટે નવી સુવિધાઓ અને આકર્ષણો ઉમેરાશે. લોકાર્પણ થનારા પ્રોજેક્ટ્સમાં રૂ. 50 કરોડના ખર્ચે નિર્મિત IRCTC હોટલ, રૂ. 16 કરોડની નવી એકતા ક્રૂઝ, રૂ. 14.30 કરોડનો રેઇન ફોરેસ્ટ અને રૂ. 3.67 કરોડની ઇકો-ટ્રેઇલ જેવા નવા પ્રવાસન આકર્ષણોનો સમાવેશ થાય છે. આ ઉપરાંત રૂ. 45.53 કરોડનો સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ, રૂ. 21.40 કરોડનો વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ, રૂ. 23.81 કરોડના ખર્ચે પરેડ ટ્રેક અને સંબંધિત કામો, રૂ. 28.22 કરોડના ટ્રાવેલેટર્સ તથા ટ્રાફિકની સમસ્યા ઘટાડવા રૂ. 23 કરોડના ખર્ચે 24 મીટર કોલોની રોડનું પણ લોકાર્પણ કરાયું હતું. એકતાનગરના કર્મચારીઓ માટે રૂ. 14.25 કરોડના ખર્ચે તૈયાર કરાયેલા સ્ટાફ ક્વાર્ટર્સ પણ ખુલ્લા મુકાયા હતા.

અન્ય લોકાર્પણ કાર્યોમાં CISF બેરેક, મોખડી ગામ નજીક ટર્મિનલ બિલ્ડિંગ અને જેટ્ટી, વિવિધ સ્થળોએ વોટર સ્ટેશન્સ, રેલવે સ્ટેશનથી વિઝિટર સેન્ટર સુધી વોક-વેનું વિસ્તરણ, આકર્ષક ફુવારા, ગોરા બ્રિજના ઢોળાવનું જીઓસેલ ટેક્નોલોજીથી લેન્ડસ્કેપિંગ, સ્ટેચ્યુ ઑફ યુનિટી ગેટ નંબર-8 પાસે રોડ, શૂલપાણેશ્વર નર્મદા ઘાટનું વિસ્તરણ અને સૌંદર્યકરણ તથા કેમ્પસમાં ફસાડ લાઇટિંગનો સમાવેશ થાય છે.

આ ઉપરાંત 'એકતા પ્રકાશ પર્વ', યુનિટી ગ્લો ગાર્ડનનું અપગ્રેડેશન, બે નવી 9 મીટર લાંબી એરકન્ડિશન્ડ ઈલેક્ટ્રિક બસો અને એકતાનગરનાં વિવિધ સ્થળોએ શિલ્પ-સ્થાપત્યોની સ્થાપના સહિતનાં કામો પણ લોકાર્પિત થયા હતા. વડાપ્રધાનના હસ્તે રૂ. 118.88 કરોડના ખર્ચે હાથ ધરાનારા આઠ વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત પણ કરવામાં આવશે. તેમાં રૂ. 59.32 કરોડના ખર્ચે ગોરા-ભાણદ્રા રોડ અને રૂ. 7.72 કરોડના ખલવાણી બ્રિજના વિકાસનો સમાવેશ થાય છે.

તે ઉપરાંત રૂ. 5.79 કરોડના ખર્ચે કેક્ટસ અને બટરફ્લાય ગાર્ડનનો સંકલિત વિકાસ, માંડવા ફળિયાથી રિવર રાફ્ટિંગ પોઇન્ટ અને સોલિડ વેસ્ટ સાઇટ સુધીના માર્ગને સુગમ બનાવવા વાઘડિયા રોડનું વિસ્તરણ તથા સરદાર સરોવર ડેમની સુરક્ષા અને આપાતકાલીન વ્યવસ્થાપન માટે ડિઝાસ્ટર કંટ્રોલ રૂમનું નિર્માણ કરવામાં આવશે.

દુશ્મન દેશોને વળી ગયો પરસેવો : ભારત અને ઓસ્ટ્રેલિયાનો સંયુક્ત સૈન્ય અભ્યાસ



તિરુવનંતપુરમ : ભારત અને ઓસ્ટ્રેલિયાની સેનાઓના સંયુક્ત સૈન્ય અભ્યાસ 'ઓસ્ટ્રા હિન્દ 2026' દરમિયાન સમુદ્રના તટ પર સૈનિકોની ઝડપથી તૈનાતીનો સફળ અભ્યાસ કરવામાં આવ્યો હતો. તિરુવનંતપુરમમાં આયોજીત આ અભ્યાસમાં ભારતીય નૌસેનાના યુદ્ધ જહાજ આઈએનએસ શારદા અને સી કિંગ હેલિકોપ્ટરે ભારતીય સેના અને ઓસ્ટ્રેલિયન સેનાની સાથે મળીને સંયુક્ત માનવીય સહાયતા તેમજ આપતિ રાહત (એડીઆર) પ્રશિક્ષણમાં ભાગ લીધો હતો.

આ અભ્યાસ અંતર્ગત બન્ને દેશોની સેનાએ તટીય ક્ષેત્રમાં સમુદ્રથી જમીન પર સૈનિકોને પહોંચાડવાની પ્રક્રિયાનું પ્રદર્શન કર્યુ હતું. જેમાં ભારતીય નૌસેનાના યુદ્ધ જહાજ અને હેલિકોપ્ટરની મહત્વપુર્ણ ભૂમિકા રહી હતી. ભારતીય સેના અને ઓસ્ટ્રેલિયન સેનાએ પરસ્પર તાલમેલની સાથે અભિયાનને અંજામ આપ્યો હતો. આ અભ્યાસ વિશેષ રૂપે તટીય ક્ષેત્રોમાં માનવીય સહાયતા અને આપતિ રાહત અભિયાનો માટે મહત્વપૂર્ણ છે.

સંવેદનશીલ રાજ્યમાં રાજકીય ઉથાપટલ : સરકાર જોખમમાં

જમ્મુ-કાશ્મીર : મંત્રીમંડળ વિસ્તરણ બાદ નેશનલ કોન્ફરન્સમાં બળવો : 18 ધારાસભ્યો નારાજ

એક સાંસદ પણ રાજીનામુ આપે તેવી ધારણા : તા.3ના નિર્ણય



શ્રીનગર : જમ્મુ-કાશ્મીરમાં મંત્રીમંડળમાં વિસ્તરણ પછી અચાનક જ નેશનલ કોન્ફરન્સમાં સર્જાયેલા બળવામાં એક તરફ શ્રીનગરના સાંસદ આગા રહુલા મહેન્દીએ પોતાનું રાજીનામુ આપવાની જાહેરાત કરી છે તેની સાથે 18 જેટલા અસંતુષ્ટ ધારાસભ્યો પણ જોડાઈ તો રાજયની ઉમર અબ્દુલા સરકાર મુશ્કેલીમાં આવી શકે છે અને તા.3ની બેઠક નિર્ણાયક થશે. સૂત્રોના અનુસાર નેશનલ કોન્ફરન્સના આ અસંતુષ્ટ ધારાસભ્યોની એક બેઠક ગઈકાલે રાત્રે મળી હતી. આ પક્ષના 17 અને એક અપક્ષ ધારાસભ્ય મંત્રીમંડળ વિસ્તરણમાં જે રીતે ચોકકસ નેતાઓને સમાવાયા નહી તેનો વિરોધ કરી રહ્યા છે.

એવો દાવો કરવામાં આવ્યો છે કે, વધુ 11 ધારાસભ્યો કે જેઓ શપથવિધિમાં હાજર ન હતા તેઓ પણ તેમની સાથે જોડાઈ શકે છે. તા.16 ઓકટોબરના ઉમર અબ્દુલ્લાએ મંત્રીમંડળનું વિસ્તરણ કર્યુ તેના પગલે આ વિરોધ વધ્યો છે તેમાં દીન સાગર ને મંત્રી બનાવાયા અને મહાસચીવ પદે મુબારક ગુલને મુકાયા તેની નારાજગી છે.ગઈકાલે રાત્રે શ્રીનગરમાં ઈદગાહ વિસ્તારમાં કેટલાક ધારાસભ્યોના ટેકેદારોએ મશાલ સરઘસ પણ કાઢયુ હતું અને મુબારક ગુલના સમર્થનમાં સૂત્રોચ્ચાર કર્યા હતા. હવે 90 સભ્યની વિધાનસભામાં નેશનલ કોન્ફરન્સના 42 સભ્યો છે અને તેમાં ભંગાણ પડે તો સરકાર મુશ્કેલીમાં આવી શકે છે. બીજી તરફ ભાજપના 29 ધારાસભ્યો છે અને કોંગ્રેસના 6 છે તથા અન્ય સ્થાનિક પક્ષના છે તેથી હવે સભ્ય સંખ્યા કઈ બાજુ જાય છે તેના પર નજર છે.

82 ટકા લોકોને ક્રિપ્ટો કરન્સી પર ભરોસો નથી : લોકલસર્કલના સર્વેમાં ચોંકાવનારો ખુલાસો



દેશમાં ક્રિપ્ટો પ્રત્યે ઘટતો વિશ્વાસ : 66 ટકા લોકોએ કહ્યું કે તેમને બિલકુલ ભરોસો નથી, જ્યારે 59 ટકા લોકોએ ક્રિપ્ટો પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકવાની માંગ કરી

નવી દિલ્હી : દુનિયાભરનાં મોટા ક્રિપ્ટો એક્સચેન્જોમાં સતત થઈ રહેલી હેકિંગ અને સેધમારીની ઘટનાઓ વચ્ચે ભારતીયોનો ક્રિપ્ટો કરન્સી પરનો ભરોસો સતત ઘટી રહ્યો છે. સર્વે એજન્સી 'લોકલસર્કલ' દ્વારા કરવામાં આવેલાં તાજેતરનાં સર્વે મુજબ, દેશનાં લગભગ 82 ટકા લોકોને ક્રિપ્ટો કરન્સી પર બહુ ઓછો અથવા નહિવત ભરોસો રહ્યો છે. જ્યારે વર્ષ 2021માં આ પ્રકારે વિચારનારા લોકોની સંખ્યા 76 ટકા હતી, જે હવે વધી ગઈ છે.

ક્રિપ્ટો કરન્સી પર બિલકુલ ભરોસો ન કરતાં લોકોનું પ્રમાણ અગાઉના 49 ટકાથી વધીને સીધું 66 ટકા પર પહોંચી ગયું છે. આ સિવાય, સર્વેમાં સામેલ 16 ટકા લોકોએ તેને બહુ ઓછો ભરોસો હોવાનું જણાવ્યું છે, જ્યારે માત્ર 4 ટકા લોકોએ જ ક્રિપ્ટો પર ખૂબ વધારે ભરોસો વ્યક્ત કર્યો છે. આ આંકડા સ્પષ્ટ કરે છે કે ડિજિટલ કરન્સી પ્રત્યે સામાન્ય લોકોનો ડર અને અવિશ્વાસ વધી રહ્યો છે. સર્વેમાં સામે આવેલી વિગતો અનુસાર, ભારતમાં 76 ટકા પરિવારો એવા છે કે જેના પરિવારમાંથી કોઈ પણ સભ્ય ક્રિપ્ટો કરન્સીમાં રોકાણ કે ટ્રેડિંગ કરતાં નથી. આ અસુરક્ષાની ભાવનાને કારણે જ 59 ટકા લોકોએ ભારતમાં ક્રિપ્ટો કરન્સી પર સંપૂર્ણપણે પ્રતિબંધ લગાવી દેવાની માંગ કરી છે. બીજી તરફ, 16 ટકા લોકોએ તેને કાનૂની માન્યતા આપ્યાં વગર ટેક્સના દાયરામાં રાખવાનું અને 19 ટકા લોકોએ તેને કાનૂની માન્યતા આપીને ટેક્સ લગાવવાનું સમર્થન કર્યું છે. ક્રિપ્ટો સામે લોકોનો મોહ ભંગ થઈ રહ્યો છે ત્યારે ભારતીય રિઝર્વ બેંકની ડિજિટલ કરન્સી એટલે કે 'ડિજિટલ રુપી' પ્રત્યે લોકોનું વલણ સારું જોવા મળી રહ્યું છે. સર્વેમાં સામેલ 56 ટકા લોકોએ જણાવ્યું છે કે તેઓ વેપારીઓ અને સામાન્ય લોકો વચ્ચે લેવડ-દેવડ માટે ડિજિટલ રૂપિયાનો ઉપયોગ કરવા માટે તૈયાર છે, જે દર્શાવે છે કે સુરક્ષિત સરકારી ડિજિટલ ચલણ પર લોકોનો વિશ્વાસ વધી રહ્યો છે.

આવતીકાલથી દેશમાં બદલાશે 5 નિયમો

એલપીજી સિલિન્ડરના ભાવથી લઈને દારૂનાં વેચાણ અને મોબાઈલ કોલિંગના નિયમોમાં થયાં ફેરફારો

નવી દિલ્હી તા, 31 : ઓક્ટોબર મહિનાનો આજે છેલ્લો દિવસ છે અને કાલથી નવેમ્બર મહિનો ઘણા મોટા ફેરફારો સાથે શરૂ થશે, જેની અસર દરેક ઘરના બજેટ પર અને ખિસ્સા પર જોવા મળશે. એક તરફ જ્યાં પહેલી તારીખથી ઘરની રસોઈમાં વપરાતા એલપીજી સિલિન્ડરના ભાવ બદલાઈ શકે છે, તો બીજી તરફ જીએસટીના નિયમોથી લઈને હાઈવે પર ટોલ પાસના રિચાર્જ સુધીના નવા નિયમો લાગુ થઈ રહ્યાં છે.

1. એલપીજી સિલિન્ડરના બદલાશે ભાવ :-

દર મહિનાની જેમ કાલે 1 નવેમ્બર 2026ના રોજ પણ ઓઈલ માર્કેટિંગ કંપનીઓ એલપીજી સિલિન્ડરની કિંમતોમાં સુધારો કરશે અને નવા દર જાહેર કરશે. આ પહેલાં ગત ઓક્ટોબર મહિનાના પહેલાં દિવસે 19 કિલોગ્રામ વાળા વ્યાપારી એલપીજી સિલિન્ડરની કિંમતમાં 62.50 રૂપિયા સુધીનો વધારો કરવામાં આવ્યો હતો.

જોકે, 14 કિલો વાળા ઘરેલું એલપીજી સિલિન્ડરના ભાવ યથાવત રહ્યા હતા. એવામાં 1 નવેમ્બરે પણ ભાવમાં ફેરફાર જોવા મળી શકે છે. માત્ર એલપીજી જ નહીં, પરંતુ વિમાન ઈંધણના દર પણ બદલાઈ શકે છે.

2. 1500 રૂપિયાનો વાર્ષિક ટોલ પાસ અને નવા વાહન નિયમો :-

કેન્દ્ર સરકાર ટોલ પાસના નિયમો બદલવા જઈ રહી છે. તે હેઠળ 1 નવેમ્બરથી ટોલ પ્લાઝાની નજીક રહેતા લોકો માટે નવા ટોલ પાસની જાહેરાત કરવામાં આવી છે. આ એક વાર્ષિક પાસ 1500 રૂપિયાનો હશે. ટોલ પ્લાઝાની 20 કિલોમીટરની સીમામાં રહેતા ખાનગી વાહન માલિકો આ પાસનો લાભ ઉઠાવી શકે છે. આ સિવાય વાહન વ્યવહાર સાથે જોડાયેલા અન્ય ફેરફારો પણ થઈ રહ્યાં છે.

જેમાં દિલ્હીમાં 1 નવેમ્બરથી બીજા રાજ્યોમાં નોંધાયેલા જૂના વાહનો (જે બીએસ-6 માનક મુજબના નથી) ની પ્રવેશબંધી કરી દેવાશે, જે શિયાળું કાર્ય યોજના હેઠળ 31 જાન્યુઆરી 2026 સુધી લાગું રહેશે. બીજી તરફ મુંબઈ-પુણે એક્સપ્રેસવેના નવા જોડાણ રસ્તા પર હવે તમામ વાહનો ચાલી શકશે નહીં. મહારાષ્ટ્ર હાઈવે પોલીસે આ રસ્તા પર માલવાહક વાહનોની અવરજવર પર કાયમી રોક લગાવવાનો નિર્ણય કર્યો છે.

3. દારૂ ખરીદવા પર ચૂકવણીનો નિયમ :-

આગામી ફેરફાર દારૂના શોખીનો સાથે જોડાયેલો છે. 1 નવેમ્બરથી તમિલનાડુમાં દારૂની ચૂકવણીનો નિયમ બદલાવા જઈ રહ્યો છે. તમિલનાડુ સ્ટેટ માર્કેટિંગ કોર્પોરેશન દ્વારા મોટો નિર્ણય લેતા હવે 1000 રૂપિયાથી મોંઘી દારૂની બોટલના છૂટક વેચાણ માટે ડિજિટલ ચૂકવણી ફરજિયાત કરી દેવામાં આવી છે. એટલે કે જો તમે દારૂ ખરીદવા દુકાને જાઓ છો અને એક હજાર રૂપિયાથી વધુની ખરીદી કરો છો, તો રોકડ રકમ સ્વીકારવામાં આવશે નહીં.



4. જીએસટી સાથે જોડાયેલો નિયમ :-

1 નવેમ્બરથી ચોથો ફેરફાર જીએસટી સાથે જોડાયેલો છે. જીએસટી નિયમોના ફેરફારની વાત કરીએ તો તેનાથી વેપારીઓ અને નાના કારોબારીઓને રાહત મળી શકે છે. અહેવાલો મુજબ, કર પરત મેળવવામાં થતો વિલંબ ઘટાડવા અને વેપારીઓ પર પેપરવર્કનું ભારણ ઓછું કરવાની તૈયારીમાં કેટલાક કિસ્સાઓમાં પરત રકમની સ્વચાલિત મંજૂરીની વ્યવસ્થા કરવામાં આવશે.

આ સિવાય વાર્ષિક 5 કરોડ રૂપિયાથી ઓછું ટર્નઓવર ધરાવતા કારોબારીઓ માટે નવી પત્રક વ્યવસ્થા કરવામાં આવશે, જે ગ્રાહકોને સીધો સામાન કે સેવાઓ આપે છે.

5. સિમ કાર્ડના નિયમમાં ફેરફાર :-

1 નવેમ્બરના ફેરફારોની યાદીમાં પાંચમો ફેરફાર મોબાઈલ યુઝર્સ સાથે જોડાયેલો છે. કેન્દ્ર સરકારના આદેશ બાદ હવે 1 નવેમ્બરથી નવો નિયમ લાગુ થવા જઈ રહ્યો છે. દૂરસંચાર વિભાગ તરફથી જારી કરાયેલા આદેશ પર નજર કરીએ તો તમામ મોબાઈલ યુઝર્સને ફોન કરનારનું નામ બતાવવું જરૂરી રહેશે.

હકીકતમાં ઘણી વખત અજાણ્યા નંબર પરથી આવતાં ફોન કરનારનું નામ જાણવા માટે ઘણા લોકો ટ્રૂકોલર જેવી મોબાઈલ એપ્લિકેશનનો ઉપયોગ કરતા હતા. એવામાં દૂરસંચાર વિભાગે ટેલિકોમ સેવા આપતી કંપનીઓને દિશા-નિર્દેશ આપ્યા છે કે ફોન કરનારના નામ દર્શાવવાની સેવા (સીએનએપી) ને 1 નવેમ્બર 2026થી લાગું કરે.

સિંગલ જજે ગેરકાયદેસર ઠેરવતા સરકાર દોડતી થઇ : ડિવિઝન બેન્ચે સ્ટે આપ્યો

સોમનાથ યાત્રાધામના રસ્તાઓ પર માંસાહારી ખોરાક પરના પ્રતિબંધ

ગીર સોમનાથ જિલ્લાના ઐતિહાસિક અને પવિત્ર શ્રી સોમનાથ મહાદેવ મંદિર તથા તેના શ્રદ્ધાળુઓના યાત્રાધામ માર્ગો પર માંસાહારી ખોરાકના વેચાણ પરના પ્રતિબંધ અંગે ગુજરાત હાઇકોર્ટમાં એક અસાધારણ કાનૂની ઘટનાક્રમ સામે આવ્યો છે.

એક જ દિવસમાં આ મામલે મોટો કાનૂની વળાંક જોવા મળ્યો, જેમાં બપોરે સિંગલ જજની બેન્ચે માંસાહારી ખોરાક પરના પ્રતિબંધનો નોટિફિકેશન રદ કર્યો હતો, પરંતુ રાજ્ય સરકારની તાકીદની અપીલ બાદ સાંજે ડિવિઝન બેન્ચે તે ચુકાદા પર સ્ટે આપી પ્રતિબંધ યથાવત રાખવાનો આદેશ આપ્યો છે.

આ કાનૂની લડાઈની શરૂઆત ગીર સોમનાથના કલેક્ટર અને ડિસ્ટ્રિક્ટ મેજિસ્ટ્રેટ દ્વારા બહાર પાડવામાં આવેલા એક નોટિફિકેશનથી થઈ હતી. આ નોટિફિકેશન મુજબ, સોમનાથ મંદિરના 500 મીટરના વિસ્તારમાં તથા ભાલકા તીર્થ, ભિડીયા સર્કલ, શંખ સર્કલ, સફારી સર્કલ, ગીતા મંદિર અને હમીરજી સર્કલ જેવા ધાર્મિક સ્થળોને જોડતા છ મુખ્ય યાત્રાધામ માર્ગો પર માંસાહારી ખોરાક બનાવવો, તેનો સંગ્રહ કરવો અને તેનું વેચાણ કરવા પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો.

આ પ્રતિબંધને સ્થાનિક બિન-શાકાહારી હોટેલ અને રેસ્ટોરન્ટના માલિકોએ ગુજરાત હાઇકોર્ટમાં પડકાર્યો હતો. અરજદારોની મુખ્ય દલીલ એ હતી કે આ પ્રતિબંધથી તેમના બંધારણીય અને વ્યાપાર કરવાના મૂળભૂત અધિકારનું હનન થાય છે.

સામે પક્ષે, રાજ્ય સરકારે દલીલ કરી હતી કે સોમનાથ માત્ર એક સામાન્ય વ્યવસાયિક શહેર નથી, પરંતુ દેશભરના લાખો શ્રદ્ધાળુઓ માટે અત્યંત પવિત્ર સ્થળ છે. ભગવાન શિવના 12 જ્યોતિર્લિંગોમાં પ્રથમ એવા સોમનાથ મંદિર અને પ્રભાસ ક્ષેત્રની ધાર્મિક પવિત્રતા અને મર્યાદા જાળવી રાખવી અનિવાર્ય છે.



શુક્રવારે બપોરે આશરે 3 વાગ્યે હાઇકોર્ટના સિંગલ જજ જસ્ટિસ નિશા એમ. ઠાકોરે હોટેલ માલિકોની અરજી ગ્રાહ્ય રાખી હતી અને કલેક્ટર દ્વારા જારી કરાયેલા પ્રતિબંધાત્મક નોટિફિકેશનને રદ કરી દીધું હતું. જોકે, આ ચુકાદા બાદ રાજ્ય સરકારનું કાનૂની તંત્ર તાત્કાલિક હરકતમાં આવ્યું હતું.

એડવોકેટ જનરલ કમલ ત્રિવેદી અને ગવર્નમેન્ટ પ્લીડર જી.એચ. વિર્કના નેતૃત્વ હેઠળ સરકારી વકીલોની ટીમે અન્ય તમામ બાબતો બાજુ પર મૂકીને આ નિર્ણય સામે ડિવિઝન બેન્ચ સમક્ષ તાકીદે અપીલ દાખલ કરી હતી. મુખ્ય ન્યાયાધીશ મનશ રંજન પાઠક અને ન્યાયમૂર્તિ નિર્ઝર દેસાઈની ડિવિઝન બેન્ચ સમક્ષ રાજ્ય સરકારે વહેલી સાંજે સ્પેશિયલ બેન્ચમાં સુનાવણી હાથ ધરવા વિનંતી કરી હતી. સાંજે આશરે 6:45 વાગ્યે ડિવિઝન બેન્ચે સિંગલ જજના ચુકાદા પર સ્ટે આપતાં આદેશ આપ્યો હતો કે નિર્ધારિત સોમનાથ યાત્રાધામ માર્ગો પર માંસાહારી ખોરાકના વેચાણ પરનો પ્રતિબંધ હાલ પૂરતો ચાલુ રહેશે. આમ, માત્ર ચાર કલાકના ટૂંકા ગાળામાં જ કાનૂની પરિસ્થિતિમાં મોટો ફેરફાર થઈ ગયો હતો અને સાંજે હોટેલ માલિકોને મળેલી રાહત અટકી ગઈ હતી, જેનાથી ધાર્મિક પવિત્રતા, વ્યાપારી સ્વતંત્રતા અને જાહેર હિત સંબંધિત આ વિવાદ ફરી એકવાર ચર્ચાના કેન્દ્રમાં આવી ગયો છે.

દિવાળી પૂર્વે જ ST માં દોઢ લાખથી વધુ ટિકીટો બુક!

એડવાન્સ - ઓનલાઈન બુકીંગમાં ધસારો : પંચમહાલ અને સુરતથી સૌરાષ્ટ્રનાં લોકોનું સૌથી વધુ બુકીંગ : અમદાવાદ - વડોદરા - સ્ટેચ્યુ ઓફ યુનિટીનાં રૂટો દિવાળી સુધીનાં પેક થઈ ગયા!



અમદાવાદ : દિવાળી પૂર્વે જ એસટી નિગમમાં દિવાળી દેખાવા લાગી છે અને પોતાના વતન તરફ જવા માંગતા લોકો અને વિવિધ સ્થળે ફરવા જવા માંગતા મુસાફરોએ એડવાન્સ અને ઓનલાઈન બુકીંગ માટે ભારે ધસારો શરૂ કરી દીધાનું એસટી વિભાગનાં સુત્રોમાંથી જાણવા મળી રહ્યું છે.

સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વધુ વિગતો મુજબ દિવાળીને હજુ એક સપ્તાહ બાકી છે. તે પૂર્વે જ 1.50 લાખથી વધુ ટિકીટોનું એડવાન્સ અને ઓનલાઈન બુકીંગ થઈ ગયું છે. ખાસ કરીને રાજયનાં જુદા જુદા જિલ્લાઓમાં શ્રમિક તરીકે કામ કરતા પંચમહાલ જિલ્લાના લોકોનું સૌથી વધુ એડવાન્સ બુકીંગ થયું છે. આ ઉપરાંત સુરતમાં કામ ધંધો કરતા સૌરાષ્ટ્રનાં લોકો પણ વતન તરફ આવવા માટે મોટી માત્રામાં એડવાન્સ બુકીંગ કરાવી રહ્યા છે અને હજુ પણ આ ધસારો વધશે.

તેમજ અત્યારે અમદાવાદ, વડોદરા અને સ્ટેચ્યુ ઓફ યુનિટી માટે પણ બુકીંગમાં ભારે ધસારો છે. રાજકોટથી જ ઉપરોકત રૂટો માટે દિવાળીના દિવસ સુધીનાં બુકીંગ અત્યારથી જ થઈ ગયા છે.

અત્રે ઉલ્લેખનીય છે કે એસ.ટી નિગમ એ રાજ્યમાં વિવિધ વાર-તહેવાર તથા ધાર્મિક મેળાઓમાં વધારાની. બસ સર્વિસોનું સંચાલન કરી રાજ્યની જનતાને પોતાના પરિવાર સાથે તહેવાર ઉજવવા પરિવહન સેવા પુરી પાડે છે. આગામી દિવાળીના તહેવારો દરમિયાન નિગમના સુરત ઉપરાંત અન્ય તમામ વિભાગો દ્વારા દર વર્ષની જેમ એક્સ્ટ્રા બસોનું સંચાલન કરવામાં આવનાર છે. રાજ્યના સૌરાષ્ટ્ર પ્રદેશ અને તેમાં પણ ખાસ કરીને ભાવનગર, અમરેલી, જુનાગઢ અને રાજકોટ જિલ્લાઓના રત્નકલાકારો સુરતમાં નોકરી/વ્યવસાય અર્થે સ્થાયી થયેલ છે, કે જેઓ દિવાળીના તહેવારમાં માદરે વતન તરફ પ્રવાસ કરે છે.

જે મોટી સંખ્યામાં પ્રવાસ કરતા સૌરાષ્ટ્ર વાસીઓ તથા રાજ્યની અન્ય જનતા માટે સુરતથી ખાસ એક્સ્ટ્રા બસોનું આયોજન હાથ ધરાયુ છે. નિગમના ધ્વારા તા-04/11/ થી તા-07/11/ સુધીના દિવાળીના તહેવારો દરમ્યાન સૌરાષ્ટ્ર તરફના રત્નકલાકારો, પંચમહાલ તરફના મુસાફરો, ઉત્તર ગુજરાતના મુસાફરો માટે મુખ્યત્વે સુરત ખાતેથી તેમજ નિગમના અન્ય વિભાગો ધ્વારા પણ સદર સમયગાળા દરમ્યાન રેગ્યુલર બસ સર્વિસો ઉપરાંત વધારાની કુલ 4000 જેટલી બસોના એક્સ્ટ્રા સંચાલનની વ્યવસ્થા કરેલ છે.

જેના થકી 8000 થી વધુ એક્સ્ટ્રા ટ્રીપોનું સંચાલન કરી સૌરાષ્ટ્ર તેમજ અમદાવાદ રાજકોટ વડોદરા મહેસાણા પાટણ પાલનપુર તરફના મુસાફરોને ગંતવ્ય સ્થાને પહોચાડવાનું આયોજન છે.

આ સમયગાળા દરમ્યાન નિગમ દ્વારા કરવામાં આવનાર એક્સ્ટ્રા સંચાલન અન્વયેની સર્વીસોનું નિગમની વિભાગીય કચેરીના ડેપો ખાતેથી તથા નિગમની વેબસાઈટ www.gsrtc.in ઉપરથી તમામ મુસાફરો એડવાન્સ અને કરંટ ઓનલાઈન બુકિંગનો લાભ મેળવી શકશે.

તાપમાનમાં રાહત મળશે : ધનતેરસ પુર્વે છાંટાછુટી

જાણીતા વેધર એનાલીસ્ટ અશોકભાઈ પટેલની તા.4 નવેમ્બર સુધીની આગાહી : તાપમાન ઘટીને 35થી 37 ડીગ્રીની રેન્જમાં આવી જશે : આવતા સપ્તાહમાં અમુક સ્થળોએ છુટાછવાયા ઝાપટા શકય



અમદાવાદ : સૌરાષ્ટ્ર-ગુજરાતમાં છેલ્લા કેટલાંક દિવસોથી ઉનાળા જેવી ગરમી અને ઉંચા તાપમાનથી લોકો અકળાતા રહ્યા હતા ત્યારે હવે ઉચ્ચ તાપમાનમાં રાહત મળવાની આગાહી જાણીતા વેધર એનાલીસ્ટ અશોકભાઈ પટેલે કરી છે. ઉપરાંત ધનતેરસ-દિવાળી પુર્વે અમુક દિવસોમાં છાંટાછુટી-છુટીછવાયા ઝાપટા પડવાની શકયતા દર્શાવી છે. તેઓએ તા.4 નવેમ્બર સુધીની આગાહીમાં કહ્યું કે ગુજરાતના મોટાભાગના કેન્દ્રોમાં હાલ મહતમ નોર્મલ તાપમાન 35 ડીગ્રી છે. અમુક સેન્ટરોમાં 36 ડીગ્રી છે.

આગાહીના સમયમાં મહતમ તાપમાન નોર્મલથી થોડુ વધુ રહે તેમ હોવા છતાં છેલ્લાં કેટલાંક દિવસોથી પ્રવર્તતા ઉંચા તાપમાનમાં ઘટાડો થશે અને રાહત થશે. મોટાભાગના મેન્ટરોમાં તાપમાન 35થી37 ડીગ્રી રહેવાની સંભાવના છે. તેમને ઉમેર્યું કે આગાહીના ઉતરાર્ધ દરમ્યાન કેટલાંક વિસ્તારોમાં અમુક દિવસોએ છુટાછવાયા ઝાપટા પડવાની સંભાવના છે. આ જ રીતે તા.4 નવેમ્બર સુધી મોટાભાગના દિવસોમાં પવન મુખ્યત્વે ઉતર અને ઉતરપુર્વની દિશામાંથી ફુંકાવાની શકયતા છે. જો કે, અમુક દિવસોમાં પવનની દિશા અને ગતિમાં અનિયમિત ફેરફાર થઈ શકે છે. પવનની સરેરાશ ઝડપ 7થી15 કી.મી. તથા ઝાટકાના પવનની ગતિ 10થી20 કી.મી.ની રહી શકે છે. સૌરાષ્ટ્ર-ગુજરાતમાં હાલ તાપમાન સરેરાશ કરતા 1થી3.5 ડીગ્રી જેટલુ ઉંચુ જ રહ્યું છે. ગઈકાલે અમદાવાદમાં 36.1 ડીગ્રી તાપમાન હતુ તે સરિરાશ કરતા 0.9 ડીગ્રી વધુ હતું. અમરેલીના 36.3 ડીગ્રી (0.9 વધુ) વડોદરામાં 36.2 (0.7 વધુ), ભુજમાં 38 (1.8 ડીગ્રી વધુ), રાજકોટમાં 39.3 (3.5 ડીગ્રી વધુ) તથા ડીસામાં 36.7 ડીગ્રી (0.6 વધુ) તાપમાન નોંધાયુ હતું.

સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે 12 એકરમાં ફેલાયેલું કૃત્રિમ રેઈનફોરેસ્ટ શરૂ : હવે આખું વર્ષ માણી શકાશે વરસાદની મજા

રૂા.12 કરોડના ખર્ચે તૈયાર કરાયેલા આ રેઈનફોરેસ્ટમાં 20 રેઈન-ગન ટાવર અને સર્કયુલર ગ્લાસ સ્કાઈવોક મુખ્ય આકર્ષણનું કેન્દ્ર બન્યાં



અમદાવાદ : ગુજરાતનાં એકતા નગર ખાતે આવેલાં વિશ્વ પ્રસિદ્ધ સ્ટેચ્યુ ઓફ યુનિટી પરિસરમાં પ્રવાસીઓ માટે એક નવું અને અનોખું આકર્ષણ ઉમેરાયું છે. અહીં 12 એકર ક્ષેત્રફળમાં ફેલાયેલું એક આર્ટિફિશિયલ રેઈનફોરેસ્ટ તૈયાર કરવામાં આવ્યું છે, જ્યાં ચોમાસાની ઋતુ સિવાય પણ પ્રવાસીઓ આખું વર્ષ વરસાદી વાતાવરણ અને કુદરતી સૌંદર્યનો આનંદ માણી શકશે. રૂા. 12 કરોડના ખર્ચે તૈયાર થયેલો આ પ્રોજેક્ટ ભારતમાં પોતાની જાતનો પ્રથમ પ્રયોગ માનવામાં આવે છે.

આ રેઈનફોરેસ્ટમાં કૃત્રિમ વરસાદનો અનુભવ કરાવવા માટે 20 જેટલા રેઈન-ગન ટાવર્સ ગોઠવવામાં આવ્યા છે. આ સિવાય પ્રવાસીઓને આકર્ષવા માટે બબલ ફાઉન્ટેન, કુદરતી ધોધ અને ભારતના વિવિધ રાજ્યોના પ્રતિનિધિત્વ કરતા ખાસ વૃક્ષો પણ વાવવામાં આવ્યા છે, જે સમગ્ર વિસ્તારને અત્યંત લીલોછમ અને મનમોહક બનાવે છે.

આ નવતર આકર્ષણનું મુખ્ય કેન્દ્ર 35 મીમી જાડાઈ ધરાવતા 132 કોરિયન ગ્લાસ પેનલ્સથી બનેલો સર્કયુલર ગ્લાસ સ્કાઈવોક છે. આ ઊંચાઈ પર બનાવેલા કાચના પુલ પર ચાલીને પ્રવાસીઓ નીચે ફેલાયેલા રેઈનફોરેસ્ટનો નજારો જોઈ શકશે અને રોમાંચક અનુભવ કરી શકશે. સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે ઉમેરાયેલા આ નવા નજરાણાથી પ્રવાસીઓના અનુભવમાં વધુ એક ખાસ પ્રકરણ ઉમેરાયું છે.

નર્મદે હર....ગોરા ઘાટ પર નર્મદા મૈયાની મહાઆરતી કરતા વડાપ્રધાન નરેન્દ્ર મોદી, શંખનાદ, ડમરૂના નાદ, મંત્રોચ્ચારથી દિવ્ય વાતાવરણ સર્જાયું

એકતાનગર : સરદાર વલ્લભભાઈ પટેલની 151મી જન્મજયંતિ એટલે કે રાષ્ટ્રીય એકતા દિવસની પૂર્વસંધ્યાએ દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ એકતા નગરના રેવા તટે પુનઃનિર્મિત નર્મદા ઘાટ ખાતે આયોજિત નર્મદા મૈયાની ભવ્ય મહાઆરતીમાં ભાવપૂર્વક સહભાગી થઈ ધન્યતા અનુભવી હતી.

નર્મદા નદીના પવિત્ર તટે ભક્તિભાવ અને આધ્યાત્મિક ઊર્જાથી ભરપૂર વાતાવરણમાં યોજાયેલી આ આરતી દરમિયાન વડાપ્રધાને મા નર્મદાના ચરણોમાં શીશ ઝુકાવી દેશની સુખાકારી, સમૃદ્ધિ, શાંતિ અને રાષ્ટ્રના ઉત્તરોત્તર વિકાસ માટે પ્રાર્થના કરી હતી. આ પ્રસંગે સ્ટેચ્યુ ઓફ યુનિટી અને સરદાર સરોવર નર્મદા નિગમના ચેરમેન મુકેશ પુરી, રાજ્યના મુખ્ય સચિવ મનોજકુમાર દાસ તથા અગ્રસચિવ સંજીવ કુમાર સહિતના મહાનુભાવોએ વડાપ્રધાનનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું. વડાપ્રધાનને સ્ટેચ્યુ ઓફ યુનિટી ઓથોરિટીના મુખ્ય કારોબારી અધિકારીશ્રી અમિત અરોરા દ્વારા નર્મદા ઘાટના પુનઃનિર્માણ, તેની વિશેષતાઓ તેમજ નર્મદા માતાના પ્રાગટ્ય અને નર્મદા પરિક્રમાની પવિત્ર પરંપરાને ઉજાગર કરતી થીમ આધારિત આકર્ષક મ્યુરલ્સ અંગે વિસ્તૃત જાણકારી આપવામાં આવી હતી. આ મ્યુરલ્સ દ્વારા મા નર્મદાના ધાર્મિક, સાંસ્કૃતિક અને ઐતિહાસિક મહત્ત્વને સુંદર રીતે પ્રસ્તુત કરવામાં આવ્યું છે.


શંખનાદ, ડમરુના નાદ, મંત્રોચ્ચાર અને દીપમાળાની ઝળહળતી રોશની વચ્ચે ગોરા ઘાટનો સમગ્ર પરિસર ભક્તિમય બની ગયો હતો. પરંપરાગત ધાર્મિક વિધિ અને વૈદિક



મંત્રોચ્ચાર સાથે યોજાયેલી મહાઆરતીમાં વડાપ્રધાને દીપ પ્રજવ લિત કરી મા નર્મદાની આરાધના કરી હતી. ગૂગળના ધૂપની સુવાસ અને દીવડાઓના પ્રકાશથી સમગ્ર ઘાટ પરિસર દિવ્ય અને અલૌકિક આભાથી ઝળહળી ઊઠ્યો હતો.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની બે દિવસની ગુજરાત મુલાકાતનો બનાસકાંઠાથી પ્રારંભ

અગાઉની સરકારોએ MSP અંગે દગા કર્યા : અમે તમામ વચનો પુરા કર્યા : મોદી



અમદાવાદ : બનાસકાંઠા વિસ્તારમાં ફરી એક વખત વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો જુવાળ જોવા મળ્યો છે અને આજથી બે દિવસની મુલાકાતનો પ્રારંભમાં તેઓએ અહીના ભીલડીમાં 14 હજાર કરોડથી વધુના વિકાસ કાર્યો અને લોકાર્પણ કર્યા છે તેની સાથે તેઓએ બનાસડેરીના પાલતુ પશુઓ માટેના ઈટી-આઈવીએફ લેબોરેટરી અને બ્રીડીંગ અને રિસર્ચ સેન્ટરને પણ ખુલ્લુ મુકયુ હતુ. વડાપ્રધાન શ્રી મોદી આજે અહીં પહોંચ્યા ત્યારે ભીલડીમાં રોડ શો કર્યો હતો તે સમયે બંને તરફ હજારો લોકોએ મોદી કહી નહી જાયેગા ના નારા લાગ્યા હતા. શ્રી મોદીએ અહી અમદાવાદ-વારાણસી એકસપ્રેસ ટ્રેન તથા મહેસાણા-બહેચરાજી-સાબરમતી મેમુ ટ્રેનને લીલીઝંડી આપી હતી. વડાપ્રધાને બાદમાં અહી વિશાળ સભાને સંબોધીત કરતા કહ્યું કે, બનાસકાંઠાના લોકોએ આજે વટ પાડી દીધો છે. દુનિયામાં આટલી મોટી ખાટલા સભા કયાંય નહી થઈ હોય તેમનો સંકેત વડાપ્રધાનની આ સભામાં પ્રથમ વખત જે રીતે ખુરશી અને સોફાને બદલે ખાટલાનો ઉપયોગ થયો તેના તરફ હતો અને તેની સાથે ગીનીશ બુક ઓફ રેકોર્ડમાં પણ તે નોંધાયુ હતું. શ્રી મોદીએ અહીથી વડાપ્રધાન સન્માન નિધીનો 24મો હપ્તો પણ રિલીઝ કર્યો હતો અને દેશભરના કરોડો ખેડુતોના ખાતામાં આ રકમ જમા થઈ ગઈ હતી. શ્રી મોદીએ પોતાના પ્રવચનમાં જણાવ્યું કે બનાસ ડેરીના આઈવીએફ તથા બ્રીડીંગ સેન્ટરથી રાષ્ટ્રીય ગોકુલ મિશન આગળ ધપશે. તેમણે કહ્યું કે અગાઉની સરકારે ટેકાના ભાવ અંગે ખેડુતો સાથે દગા કર્યા પરંતુ અમે તે તમામ પુરા કર્યા છે.

પીએમ કિશાન સન્માન નિધીનો વધુ એક હપ્તો રિલીઝ વડાપ્રધાન નરેન્દ્રમોદીએ આજે બનાસકાંઠામાં સભા દરમ્યાન જ ખેડુત સન્માન યોજનાનો 24મો હપ્તો રિલીઝ કર્યો હતો અને આ રીતે દેશના લાખો ખેડુતોના ખાતામાં રૂા.2000 જમા થયા હતા.

આજે બનાસકાંઠાના લોકોએ વટ પાડી દીધો : વિશાળ ખાટલાસભાને બિરદાવતા મોદી વડાપ્રધાન નરેન્દ્ર મોદીની આજે બનાસ ડેરી કમ્પાઉન્ડમાં જે સભા યોજાઈ તેમાં પરંપરાગત સોફા અને ખુરશીને બદલે હજારો ખાટલા પાથરવામાં આવ્યા હતા અને તેમાં ખેડૂતો અને સૌ મહાનુભાવો બેઠા હતા તથા આ ખાટલા સભાનો ગિનીશ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં નોંધાઈ તેવી સ્થિતિ હોવાનો વડાપ્રધાને કહ્યું કે બનાસકાંઠાના લોકોએ આજે રંગ લાવી દીધો છે આટલી વિશાળ ખાટલા સભા કદી યોજાઈ નહી હોય.

મોદી કહી નહી જાયેગા : હર્ષ સંઘવીએ નારા લગાવડાવ્યા આજે વડાપ્રધાનની સભામાં નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી બરાબર ખીલ્યા હતા અને તેઓએ મોદી કહી જાયેગાના નારા વિશાળ મેદની પાસે લગાવડાવ્યા હતા તો બનાસ ડેરીના ચેરમેન અને વિધાનસભાના અધ્યક્ષ શંકર ચૌધરીએ તેમના પ્રવચનમાં પીએમ મોદી આવ્યા અને બનાસમાં દિવાળી આવી તેવા ઉચ્ચારણ કર્યા હતા. જયાં સભા સ્થળે મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રીએ વડાપ્રધાનનું કોટી અને પાઘડી પહેરાવી સ્વાગત કર્યુ હતું.

વડાપ્રધાનની સભામાં મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રીનું જુસ્સાભેર સંબોધન દેશના કરોડો લોકોમાં વડાપ્રધાન મોદીએ વિકાસનો વિશ્વાસ સર્જ્યો છેઃ મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ

* કોંગ્રેસના નેતાઓ સવારે ઉઠે અને પીએમ મોદીને ગાળો આપે છેઃ નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી

એકતાનગર રેલવે સ્ટેશન પાસે રૂ. 52.50 કરોડના ખર્ચે બનેલી IRCTC હોટેલનું 31મીએ લોકાર્પણ

127 રૂમની આધુનિક હોટેલમાં રેસ્ટોરન્ટ, બેન્ક્વેટ હોલ, કોન્ફરન્સ સુવિધા અને સ્વિમિંગ પૂલ; પ્રવાસન તથા સ્થાનિક રોજગારીને મળશે વેગ




ગાંધીનગર : સ્ટેચ્યુ ઑફ યુનિટી સહિત એકતાનગરનાં પ્રવાસન સ્થળોની મુલાકાતે આવતા પ્રવાસીઓ માટે વધુ એક સુવિધા ઉમેરાશે. એકતાનગર રેલવે સ્ટેશન નજીક રૂ. 52.50 કરોડના ખર્ચે તૈયાર થયેલી IRCTCની નવી હોટેલનું વડાપ્રધાન નરેન્દ્ર મોદી 31 ઓક્ટોબરે લોકાર્પણ કરશે. આશરે બે એકર વિસ્તારમાં નિર્મિત 127 રૂમની આ હોટેલમાં ચાર પ્રકારના રૂમ, રેસ્ટોરન્ટ, કેફેટેરિયા, બેન્ક્વેટ હોલ, કોન્ફરન્સ સુવિધા અને સ્વિમિંગ પૂલ સહિતની વ્યવસ્થાઓ છે. રેલવે સ્ટેશનની નજીક હોવાથી પ્રવાસીઓ અને રેલવે મુસાફરોને રોકાણ માટે સુવિધા મળશે.

પ્રવાસન અને સ્થાનિક રોજગારીને વેગ

સ્ટેચ્યુ ઑફ યુનિટીની મુલાકાતે અત્યાર સુધીમાં ત્રણ કરોડથી વધુ પ્રવાસીઓ આવી ચૂક્યા છે. પ્રવાસીઓની વધતી સંખ્યાને ધ્યાનમાં રાખીને નવી હોટેલથી એકતાનગરમાં રોકાણની સુવિધાઓનો વિસ્તાર થશે.

હોટેલના સંચાલન, હાઉસકીપિંગ, ખાણીપીણી અને અન્ય સેવાઓમાં રોજગારીની તકો પણ ઊભી થશે. હોટેલમાં કોન્ફરન્સ અને કાર્યક્રમો માટેની સુવિધાઓ ઉપલબ્ધ હોવાથી કોર્પોરેટ મીટિંગ, પરિષદો અને સામાજિક પ્રસંગોનું આયોજન પણ થઈ શકશે. પ્રવાસીઓ વધુ સમય રોકાય તો સ્થાનિક વેપાર-ધંધા અને અન્ય પ્રવાસન સેવાઓને લાભ મળવાની શક્યતા છે. આ હોટેલ એકતાનગરને આધુનિક પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવાના પ્રયાસોમાં વધુ એક ઉમેરો બનશે.

એકતાનગરમાં રૂ. 9.49 કરોડના ખર્ચે તૈયાર ‘રેઇન ફોરેસ્ટ’નું વડાપ્રધાન કરશે લોકાર્પણ



47 હજાર ચોરસ મીટર વિસ્તારમાં વિકસાવાયો પ્રોજેક્ટ; 220 મીટર લાંબો ગ્લાસ ડેક સ્કાયવોક બ્રિજ બનશે મુખ્ય આકર્ષણ

ગાંધીનગર : નર્મદા જિલ્લાના એકતાનગરમાં પ્રવાસીઓ માટે વધુ એક આકર્ષણ ઉમેરાવા જઈ રહ્યું છે. સ્ટેચ્યુ ઑફ યુનિટી નજીક વાગડિયા ચેકપોસ્ટ પાસે નવા ગોરા બ્રિજની નજીક રૂ. 9.49 કરોડના ખર્ચે 47,000 ચોરસ મીટર વિસ્તારમાં રેઇન ફોરેસ્ટ વિકસાવવામાં આવ્યું છે. આ પ્રોજેક્ટનું લોકાર્પણ વડાપ્રધાન નરેન્દ્ર મોદી કરશે.

આ રેઇન ફોરેસ્ટમાં ભારતના પશ્ચિમ ઘાટ, હિમાલય અને આંદામાન-નિકોબાર ટાપુઓના વિવિધ પ્રદેશોમાં જોવા મળતી સદાબહાર વનસ્પતિઓનું વાવેતર કરવામાં આવ્યું છે. પ્રવાસીઓને એક જ સ્થળે વિવિધ વનસ્પતિઓ અને જૈવવિવિધતા નિહાળવાની તક મળશે. સાથે જ વનસંરક્ષણ, વરસાદી જંગલોની પરિસ્થિતિકીય વ્યવસ્થા અને પર્યાવરણના મહત્ત્વ વિશે જાણકારી પણ મળશે.

ગ્લાસ ડેક સ્કાયવોક સહિતનાં આકર્ષણો

રેઇન ફોરેસ્ટમાં આશરે 220 મીટર લાંબો ગ્લાસ ડેક ધરાવતો સ્કાયવોક બ્રિજ મુખ્ય આકર્ષણ બનશે. તેના પર ચાલતાં પ્રવાસીઓ ઊંચાઈ પરથી આસપાસના પ્રાકૃતિક સૌંદર્યનો અનોખો અનુભવ કરી શકશે. અહીં 5થી 8 મીટર ઊંચો ધોધ, સર્ક્યુલર તળાવ અને તેને જોડતા પુલો પણ બનાવવામાં આવ્યા છે.

પ્રાકૃતિક પથ્થરોથી તૈયાર કરાયેલું 20 ફૂટ ઊંચું અને 40 ફૂટ પહોળું પ્રવેશદ્વાર, નર્મદા પથ્થર તથા ઈંટ-ચૂનાથી બનાવેલા વૉકિંગ ટ્રેલ્સ, વૃક્ષોની હારમાળા અને વિવિધ સ્તરોમાં કરાયેલું થીમેટિક લેન્ડસ્કેપિંગ સ્થળની સુંદરતામાં વધારો કરશે.

આ પ્રોજેક્ટથી એકતાનગરમાં ઇકો-ટુરિઝમને વેગ મળવાની સાથે સ્થાનિક આર્થિક પ્રવૃત્તિઓને પ્રોત્સાહન મળશે. વિદ્યાર્થીઓ, સંશોધકો અને પ્રકૃતિપ્રેમીઓ માટે પણ આ સ્થળ પર્યાવરણ અને જૈવવિવિધતાના અભ્યાસનું કેન્દ્ર બનશે. આ રીતે રેઇન ફોરેસ્ટ પ્રકૃતિના અનુભવ સાથે શિક્ષણ અને મનોરંજનનો સમન્વય સાધશે તથા એકતાનગરની પ્રવાસન ઓળખને વધુ મજબૂત બનાવશે.

બાળકો માટે વિશેષ સુવિધાઓ પ્રવાસીઓને માહિતી આપવા માટે અહીં ઇન્ફોર્મેશન સેન્ટર બનાવવામાં આવ્યું છે. તેમાં નકશા, ચિત્રો, માહિતીપ્રદ ડિસ્પ્લે અને ક્યૂઆર કોડ દ્વારા વરસાદી જંગલોની ઇકોલોજી, જૈવવિવિધતા અને વનસંરક્ષણ અંગે જાણકારી મળશે. બાળકો માટેના પ્લે એરિયામાં રોક ક્લાઇમ્બિંગ વૉલ, વિવિધ ઊંચાઈની સ્લાઇડ્સ, સીડીથી જોડાયેલી ટ્રી બાલ્કની અને હીંચકાઓ જેવી સુવિધાઓ હશે.

બે દિવસના પ્રવાસમાં વડાપ્રધાનનાં શ્રેણીબદ્ધ કાર્યક્રમો

PM નરેન્દ્ર મોદી ગુજરાતમાં : 14000 કરોડના વિકાસ કાર્યોની ભેટ

બનાસકાંઠાથી અનેક વિકાસકામો રાષ્ટ્રને સમર્પિત કર્યા, કિસાન યોજના હેઠળ ખેડૂતોને 24 મો હપ્તો રિલીઝ : 19000 કરોડ જારી, સાંજે એકતાનગરમાં ભારત પર્વનું ઉદ્ઘાટન કરશે



અમદાવાદ : દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગુજરાતમાં બે દિવસના પ્રવાસી આવી પહોંચ્યા હતા. બે દિવસમાં શ્રેણીબધ્ધ કાર્યક્રમોમાં સામેલ થશે. આજે સવારે બનાસકાંઠા ખાતેથી 14000 કરોડના વિકાસ કાર્યોનું લોકાર્પણ-શિલાન્યાસ કર્યા હતા. ઉપરાંત કિસાન યોજના હેઠળ 19000 કરોડનો 24મો હપ્તો જારી કર્યો હતો. બે ટ્રેન સેવાને લીલી ઝંડી બતાવી હતી.

પ્રધાનમંત્રી ગુજરાતના બનાસકાંઠાના ભીલડી ખાતે ભારત બોવાઈન બ્રીડિંગ એન્ડ રિસર્ચ સેન્ટર (BBBRC) રાષ્ટ્રને સમર્પિત કયુ હતું. 127 એકરમાં પથરાયેલ આ કેન્દ્ર સ્ટેટ-ઓફ-ધી-આર્ટ સેન્ટર ઓફ એક્સેલન્સ તરીકે સ્થાપિત કરવામાં આવ્યું છે. BBBRC ગૌવંશ સંવર્ધન, જેનિટિક અપગ્રેડેશન અને અદ્યતન રીપ્રોડક્ટિવ ટેકનોલોજીને મજબૂત બનાવશે, જેનાથી ઓલાદ સુધારણા 10 થી 20 ગણી ઝડપી બનશે.

કાંકરેજ ગાયની ઓલાદ માટે સમર્પિત આ પ્રકારની દેશની આ પ્રથમ સુવિધા હશે. પ્રધાનમંત્રીએ થરાદ અને રાધનપુર ખાતે બનાસ ડેરીના બે બાયો-ઈગ્નિક્ષ પ્લાન્ટનો શિલાન્યાસ કર્યો હતો, જેની ગાયના છાણ પ્રોસેસિંગની ક્ષમતા અનુક્રમે પ્રતિદિન 75 મેટ્રિક ટન અને પ્રતિદિન 100 મેટ્રિક ટન છે.

પ્રધાનમંત્રીએ અમદાવાદ મેટ્રો ફેઝ-2એ (એરપોર્ટ એક્સટેન્શન) અને ફેઝ-2ઇ (ગિફ્ટ સિટી એક્સટેન્શન) નો શિલાન્યાસ કર્યો હતો. ફેઝ-2એ કોટેશ્વર રોડથી એરપોર્ટ સુધી 5 સ્ટેશનોને આવરી લેતી 6 કિમીથી વધુની લંબાઈ ધરાવશે, જ્યારે ફેઝ-2બી ગિફ્ટ સિટીથી શાહપુર સુધી 3 સ્ટેશનોને આવરી લેતી 3.3 કિમીથી વધુની લંબાઈ ધરાવશે.

ઉપરાંત આશરે 2,600 કરોડના ખર્ચે અમદાવાદ-મહેસાણા રોડ (સ્ટેટ હાઈવે-41) ને ચાર લેનમાંથી આઠ લેનમાં અપગ્રેડ કરવા અને મજબૂત કરવા માટેનો શિલાન્યાસ કર્યો હતો. આ પ્રોજેક્ટ અમદાવાદ અને ઉત્તર ગુજરાત વચ્ચેની મુસાફરીને વધુ ઝડપી, સુરક્ષિત અને આરામદાયક બનાવશે.

આ સિવાય 4,030 નવા બાળ-સહજ આંગણવાડી કેન્દ્રોનો શિલાન્યાસ કર્યો હતો અને ગુજરાતમાં પૂર્ણ થયેલા 361 બાળ-સહજ આંગણવાડી કેન્દ્રોનું ઉદ્ઘાટન કરશે. 800 કરોડના રોકાણ સાથેની આ પહેલથી 4 લાખથી વધુ લોકોને ફાયદો થશે.

પ્રધાનમંત્રી એગ્રીકલ્ચર ઈન્ફ્રાસ્ટ્રક્ચર ફંડ હેઠળ પૂર્ણ થયેલા 521 પ્રોજેક્ટ્સ રાષ્ટ્રને સમર્પિત કર્યો હતો. જેમાં આશરે 4,950 કરોડનો કુલ પ્રોજેક્ટ ખર્ચ શામેલ છે. આ પ્રોજેક્ટ્સમાં કોલ્ડ સ્ટોરેજ સુવિધાઓ અને કોલ્ડ ચેઈન્સ, વેરહાઉસીસ, સાયલો, પોલીહાઉસીસ અને ગ્રીનહાઉસીસ, સંકલિત પ્રાથમિક અને ગૌણ પ્રોસેસિંગ સુવિધાઓ અને પ્રાથમિક પ્રોસેસિંગ કેન્દ્રોનો સમાવેશ થાય છે.

સનાદર ખાતે બટાટા પ્રોસેસિંગ પ્લાન્ટના વિસ્તરણનું ઉદ્ઘાટન કર્યું હતું. અને પાલનપુર ખાતે અલ્ટ્રા-હાઈ-ટેમ્પરેચર (UHT) પ્રોડક્ટ્સ માટે ઓટોમેટેડ સ્ટોરેજ એન્ડ રિટ્રીવલ સિસ્ટમ (ASRS) દેશને સમર્પિત કરી હતી.

પ્રધાનમંત્રી અમદાવાદ (સાબરમતી)-વારાણસી એક્સપ્રેસ અને મહેસાણા-બેચરાજી-સાબરમતી ખઊખઝ ટ્રેન સેવાઓને લીલી ઝંડી બતાવી હતી. પ્રધાનમંત્રી પીએમ-કિસાનનો 24મો હપ્તો રિલીઝ કર્યો હતો. જેની રકમ 19,000 કરોડ છે, જે દેશભરના ખેડૂતોને સતત નાણાકીય સહાય પૂરી પાડશે.

તેઓ 12 મંજૂર થયેલા હોર્ટીકલ્ચર ક્લસ્ટર્સ હેઠળ જમીન પરની પ્રવૃત્તિઓની શરૂઆત પણ ચિહ્નિત કરશે. આશરે 1.46 લાખ હેક્ટર વિસ્તારને આવરી લેતા આ ક્લસ્ટરોથી 1.3 લાખથી વધુ ખેડૂતોને ફાયદો થવાની અપેક્ષા છે. ઉત્તર ગુજરાતના બે ક્લસ્ટરો બટાકા પર ધ્યાન કેન્દ્રિત કરશે.

આજે બપોર બાદ રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણીના ભાગરૂપે, પ્રધાનમંત્રી એકતા નગર ખાતે 'ભારત પર્વ 2026'નું ઉદ્ઘાટન કરશે. ભારતની સાંસ્કૃતિક વારસા અને રાષ્ટ્રીય એકતાની ઉજવણી તરીકે તથા 'એક ભારત શ્રેષ્ઠ ભારત' ની ભાવનાનું પ્રતિક તરીકે કલ્પના કરવામાં આવેલ આ મહોત્સવ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને તેમની વિશિષ્ટ પરંપરાઓ, લોક પ્રદર્શનો, પ્રાદેશિક વાનગીઓ, હસ્તકળા અને પ્રવાસન આકર્ષણો પ્રદર્શિત કરવા માટે એક મંચ પૂરો પાડશે. આ ઉત્સવથી એકતા નગર અને આસપાસના સ્થળોએ પ્રવાસનને વેગ મળવાની અપેક્ષા છે. તે 15 નવેમ્બર 2026 સુધી ચાલુ રહેશે.

31 ઓક્ટોબરે, પ્રધાનમંત્રી એકતા નગરમાં 400 કરોડથી વધુના વિવિધ વિકાસ પ્રોજેક્ટ્સનું શિલાન્યાસ, લોકાર્પણ અને રાષ્ટ્રને સમર્પણ કરશે. ઉદ્ઘાટન થનારા પ્રોજેક્ટ્સમાં સીવેજ અને વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ, ફેકેડ લાઈટિંગ, નર્મદા ઘાટનું અપગ્રેડેશન, IRCTC હોટેલ, અને એકતા નગર ખાતે રેનફોરેસ્ટ, યુનિટી અને ઈકો ટ્રેલ વગેરેનો સમાવેશ થાય છે. પ્રધાનમંત્રી ગોરા-ભાનદ્રા રોડ ડેવલપમેન્ટ; સંકલિત ઝીરો વેસ્ટ સ્માર્ટ સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ પ્રોજેક્ટ; ખાલવાણી ઈકો ટુરિઝમ ડેવલપમેન્ટ; કેક્ટસ અને બટરફ્લાય ગાર્ડન ખાતે સંકલિત વિકાસ સહિતના વિવિધ પ્રોજેક્ટ્સનો શિલાન્યાસ કરશે.

પ્રધાનમંત્રી 31 ઓક્ટોબર 2026 ના રોજ સરદાર વલ્લભભાઈ પટેલની 151મી જન્મજયંતી નિમિત્તે રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણીમાં ભાગ લેશે. વડાપ્રધાનનો શાના ભીલડીમાં રોડ શોઃ મોદી કહી નહી જાયેગા હમ તુમ્હારે સાથ હૈ ના નારા

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે બે દિવસની ગુજરાત મુલાકાતે આવી પહોંચતા જ ડીસા ભીલડીમાં જબરો મોદી માહોલ જોવા મળ્યો છે. વડાપ્રધાને આજે અહી એક રોડ શો કર્યો હતો. જેમાં બંને તરફ હજારો લોકો મોદી-મોદીના નારા સાથે જોડાયા હતા અને મોદી કહી નહી જાયેગા હમ તુમ્હારે સાથ હૈ ના નારા લાગ્યા હતા. તેમની સાથે રોડ શોમાં મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ તથા નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી જોડાયા હતા.

એકતાનગરમાં રૂ. 15.10 કરોડના ખર્ચે શૂલપાણેશ્વર નર્મદા ઘાટનું અપગ્રેડેશન; મુલાકાતીઓની ક્ષમતા 4,000થી વધારી 6,000 કરાઈ

વડાપ્રધાન મોદી નર્મદા મહાઆરતીમાં ઉપસ્થિત રહેશે



ગાંધીનગર : વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે, 30 ઓક્ટોબરે સાંજે એકતાનગર પહોંચશે અને નર્મદા ઘાટ ખાતે યોજાનારી નર્મદા આરતીમાં ઉપસ્થિત રહેશે. આ પ્રસંગે એકતાનગરમાં શૂલપાણેશ્વર નર્મદા ઘાટને રૂ. 15.10 કરોડના ખર્ચે વિકસાવવામાં આવ્યો છે. ઘાટના વિસ્તરણ, આધુનિક સુવિધાઓ અને સૌંદર્યીકરણથી હવે શ્રદ્ધાળુઓ તથા પ્રવાસીઓને વધુ સુવિધા મળશે.

ઘાટની મુલાકાતીઓની ક્ષમતા 4,000થી વધારીને 6,000 કરવામાં આવી છે, જેમાં આશરે 2,000 લોકો માટે બેઠક વ્યવસ્થા છે. નદીકાંઠે ઉપરવાસ તરફ 31 બાય 47 મીટર અને કિનારા તરફ 95 બાય 10.5 મીટરનું વિસ્તરણ કરવામાં આવ્યું છે. એકતા નર્સરી ગેટથી 190 મીટર લાંબો તમામ ઋતુમાં ઉપયોગી એપ્રોચ રોડ બનાવાયો છે, જેથી વાહનો અને યાત્રાળુઓની અવરજવર સરળ બને.

લાલ પથ્થરો, ભીંતચિત્રો અને શિલ્પોથી સૌંદર્યીકરણ

નર્મદા આરતી અને ધાર્મિક વિધિઓ માટે સુવ્યવસ્થિત પ્રાંગણ તથા ખુલ્લા રંગમંચ જેવી બેઠક વ્યવસ્થા વિકસાવવામાં આવી છે. ઘાટ પર લાલ રેતીના પથ્થરોનું આવરણ, કોતરણીવાળી રેલિંગ અને લપસી ન જવાય તેવી ફર્શ બનાવવામાં આવી છે.

એકતા નર્સરી ગેટથી ઘાટ સુધીના માર્ગ પર સાંસ્કૃતિક અને આધ્યાત્મિક વિષયો ધરાવતાં ભીંતચિત્રો તૈયાર કરાયાં છે. આ ઉપરાંત, BLW અને NEZCCના સહયોગથી સ્થાપિત થનારી ભગવાન શિવની વિરાટ પ્રતિમા માટે આધારપીઠ સંબંધિત સિવિલ કામગીરી પણ કરવામાં આવી છે.

નદીકાંઠાનું સંરક્ષણ અને યાત્રાળુઓને લાભ

ચોમાસા દરમિયાન પૂર અને ધોવાણ સામે રક્ષણ આપવા એન્જિનિયર્ડ આર.સી.સી. રિટેનિંગ સ્ટ્રક્ચર્સ બનાવવામાં આવ્યાં છે. નદીના પ્રવાહને નિયંત્રિત અને દિશામાન કરવા માટે પણ જરૂરી કામગીરી કરવામાં આવી છે, જેથી ઘાટની મજબૂતી અને લાંબા ગાળાનું ટકાઉપણું જળવાઈ રહે.

ઘાટના વિકાસથી દૈનિક નર્મદા આરતી, ધાર્મિક વિધિઓ, પવિત્ર સ્નાન અને મોટા તહેવારો દરમિયાન એકત્રિત થતા શ્રદ્ધાળુઓને વધુ સારી સુવિધાઓ મળશે. પાર્કિંગ અને અવરજવરની વ્યવસ્થા સુધારવાથી ભીડનું સંચાલન પણ સરળ બનશે. લાલ પથ્થરની સ્થાપત્યશૈલી, ભીંતચિત્રો અને શિલ્પો ઘાટના આધ્યાત્મિક વાતાવરણમાં વધારો કરશે.

આ વિકાસથી એકતાનગરને આધ્યાત્મિક અને સાંસ્કૃતિક પ્રવાસન સ્થળ તરીકે વધુ વિકસાવવામાં મદદ મળશે. પ્રવાસીઓની સંખ્યામાં વધારો થવાથી સ્થાનિક લોકો માટે રોજગારી અને આજીવિકાની નવી તકો ઊભી થવાની પણ શક્યતા છે.


ખેડૂતોની આવક બમણી કરવાના વચન અંગે સરકારને સવાલ; MSPની કાનૂની ગેરંટી, દેવા માફી અને પાક નુકસાનનું યોગ્ય વળતર આપવા માગ

ખેડૂત પ્રશ્ને ભાજપ સરકાર સામે કોંગ્રેસનું આંદોલન, વિવિધ ઝોનમાં 'કિસાન અધિકાર ધરણાં' યોજાશે

ખેતીના ખર્ચથી લઈને પાક વીમા અને સિંચાઈ સુધીના મુદ્દે 10 સવાલો; કોંગ્રેસે સરકાર સમક્ષ છ મુખ્ય માગણીઓ મૂકી

ગાંધીનગર: ભાજપ સરકારની ખેડૂત, ખેતી અને ગામડાં વિરોધી નીતિઓના વિરોધમાં કોંગ્રેસ દ્વારા ગુજરાતના વિવિધ ઝોનમાં 'કિસાન અધિકાર ધરણાં' સહિતના કાર્યક્રમો યોજવામાં આવશે. કોંગ્રેસે આક્ષેપ કર્યો છે કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ખેડૂતોની આવક વર્ષ 2022 સુધીમાં બમણી કરવાનું વચન આપ્યું હતું, પરંતુ આવક બમણી થવાને બદલે ખેતીનો ખર્ચ વધ્યો છે અને ખેડૂતોની આર્થિક સ્થિતિ વધુ મુશ્કેલ બની છે.

કોંગ્રેસના જણાવ્યા મુજબ, ગુજરાતના ખેડૂતો વધતા ખેતી ખર્ચ, પાકના અપૂરતા ભાવ, સિંચાઈની સમસ્યાઓ, કમોસમી વરસાદથી થતા નુકસાન અને પાક વીમાના વળતર જેવા પ્રશ્નોનો સામનો કરી રહ્યા છે. પક્ષે સરકાર પાસે ખેડૂતોની આવક, લઘુત્તમ ટેકાના ભાવ (MSP) અને આર્થિક સુરક્ષા અંગે જવાબ માગ્યો છે.



કોંગ્રેસના સરકારને 10 સીધા સવાલો

1. ખેડૂતની આવક અને ખેતીના ખર્ચ વચ્ચેનું અંતર કેવી રીતે ઘટશે?

બિયારણ, ખાતર, ડીઝલ, વીજળી, મજૂરી અને સિંચાઈના ખર્ચનો સામનો કરતા ખેડૂતોને વાસ્તવિક આવક કેટલી બચે છે? સરકાર પાકવાર ખેતી ખર્ચ અને ખેડૂતની ચોખ્ખી આવકના પારદર્શક આંકડા જાહેર કરશે?

2. ખર્ચ બમણો, આવક અડધી ત્યારે રૂ. 6,000ની વાર્ષિક સહાય પૂરતી છે?

PM-KISAN હેઠળ પાત્ર જમીનધારક ખેડૂત પરિવારોને દર વર્ષે રૂ. 6,000 મળે છે. સરકાર આ સહાય વધારવા અને ભાડે જમીન ખેડતા ખેડૂતોને પણ તેના વ્યાપમાં લાવવા શું પગલાં લેશે?

3. પાક બરબાદ થાય ત્યારે વળતર સમયસર કેમ ન મળે?

કમોસમી વરસાદ, પૂર, દુષ્કાળ અને અન્ય કુદરતી આફતો સામે ખેડૂતોને ઝડપી સહાયની જરૂર છે. પાકના નુકસાનનું પારદર્શક સર્વેક્ષણ, સમયમર્યાદામાં વળતર અને વીમા કંપનીઓની જવાબદારી સુનિશ્ચિત કરવા સરકાર શું કરશે?

4. ખાતર અને અન્ય કૃષિ સામગ્રી પોસાય તેવા ભાવે મળશે?

ખેડૂતને સમયસર ગુણવત્તાયુક્ત બિયારણ, ખાતર અને અન્ય જરૂરી સામગ્રી મળવી જોઈએ. પુરવઠામાં વિક્ષેપ, કાળાબજાર અને વધતા ખર્ચ સામે સરકાર કડક કાર્યવાહી કરશે?

5. ખેડૂતોને દેવાના બોજમાંથી રાહત કેવી રીતે મળશે?

નાના અને સીમાંત ખેડૂતોને સરળ શરતો પર બેંક લોન, સમયસર ધિરાણ અને આર્થિક સંકટમાં યોગ્ય રાહત મળવી જોઈએ. ખેડૂતો માટે અસરકારક દેવા-રાહત નીતિ અંગે કેન્દ્ર અને રાજ્ય સરકારની યોજના શું છે?

6. નિકાસ નીતિથી ખેડૂતોને નુકસાન થાય તો જવાબદાર કોણ?

ડુંગળી, ચોખા અને અન્ય કૃષિ ચીજોના નિકાસ પર મૂકાયેલા નિયંત્રણોને કારણે કેટલાક સમયગાળામાં ખેડૂતો સારા બજારભાવથી વંચિત રહી શકે છે. ગ્રાહકોને રાહત આપવાની સાથે ખેડૂતોને પણ યોગ્ય ભાવ મળે તેવી સંતુલિત નીતિ સરકાર બનાવશે?

7. ગુજરાતના ખેડૂતોને સિંચાઈ, વીજળી અને બજારની પૂરતી સુવિધા ક્યારે મળશે?

ખાસ કરીને સૌરાષ્ટ્ર, કચ્છ, ઉત્તર ગુજરાત અને અન્ય ખેતીપ્રધાન વિસ્તારોમાં પાણી, સિંચાઈ, વીજ પુરવઠો, સંગ્રહ અને માર્કેટ યાર્ડની સુવિધાઓનું મૂલ્યાંકન થવું જોઈએ. ગુજરાત સરકાર જિલ્લાવાર પ્રગતિ અને બાકી રહેલાં કામોના આંકડા જાહેર કરશે?

8. MSPની કાનૂની ગેરંટી કેમ નહીં?

કેન્દ્ર સરકાર ટેકાના ભાવ જાહેર કરે છે, પરંતુ દરેક ખેડૂતને દરેક પાક માટે એ ભાવ મળવાની ખાતરી નથી. ખેડૂતોની લાંબા સમયથી ચાલી આવતી કાનૂની ગેરંટીની માગ અંગે સરકારનો સ્પષ્ટ નિર્ણય શું છે?

9. ત્રણ કૃષિ કાયદા પાછા ખેંચવાની ફરજ કેમ પડી?

વર્ષ 2020માં લાવવામાં આવેલા ત્રણ કૃષિ કાયદાઓ સામે દેશભરમાં ખેડૂતોનું આંદોલન થયું હતું. નવેમ્બર 2021માં સરકારે આ કાયદા પાછા ખેંચ્યા અને સંસદે રદ કર્યા. ભવિષ્યમાં ખેડૂતોને અસર કરતા નિર્ણયો તેમની સલાહ વિના નહીં લેવાય તેની ખાતરી સરકાર આપશે?

10. ખેડૂતોની સમસ્યાઓ અંગે જવાબદારી કોણ લેશે?

ખેતીના પ્રશ્નોમાં કેન્દ્ર અને રાજ્ય સરકારોની જવાબદારીઓ અલગ છે, પરંતુ ખેડૂતને રાહત આપવાની જવાબદારી બંનેની છે. ખજડ, પાક ખરીદી, પાક વીમો, નુકસાનનું વળતર અને સિંચાઈ અંગે સમયમર્યાદા સાથે જવાબદારી નક્કી કરવામાં આવશે?

કોંગ્રેસે સરકાર દ્વારા SDRFના નિયમો મુજબ હેક્ટર દીઠ રૂ. 8,500 અને વધુમાં વધુ બે હેક્ટરની મર્યાદામાં સહાય આપવાની જોગવાઈ સામે પણ સવાલ ઉઠાવ્યો છે. પક્ષના જણાવ્યા મુજબ, વર્તમાન ખેતી ખર્ચની સરખામણીએ આ સહાય અપૂરતી છે. DAP ખાતરની એક થેલીની કિંમત આશરે રૂ. 2,000 હોવાનો ઉલ્લેખ કરીને કોંગ્રેસે કહ્યું છે કે આવી સહાયથી ખેડૂતોને પૂરતી રાહત મળી શકે તેમ નથી. કોંગ્રેસે જણાવ્યું છે કે ખેડૂતો, પશુપાલકો અને ગ્રામ્ય વિસ્તારના લોકોના પ્રશ્નો અગાઉ પણ રજૂ કરવામાં આવ્યા છે અને વિધાનસભામાં પણ આ મુદ્દા ઉઠાવાયા છે. સરકાર ખેડૂતોના નુકસાનનું વાસ્તવિક મૂલ્યાંકન કરી સમયમર્યાદામાં વાજબી આર્થિક સહાય જાહેર કરે. ખેડૂતોની સ્થિતિનું મૂલ્યાંકન માત્ર યોજનાઓની જાહેરાતોથી નહીં, પરંતુ તેમને મળતા ભાવ, ચોખ્ખી આવક, ખેતીના ખર્ચ અને સમયસર મળતા વળતરથી થવું જોઈએ.

કોંગ્રેસની છ મુખ્ય માગણીઓ

કોંગ્રેસે 'કિસાન અધિકાર ધરણાં' અંતર્ગત સરકાર સમક્ષ નીચે મુજબની છ માગણીઓ રજૂ કરી છે:

1. સંપૂર્ણ દુકાળની જાહેરાત: ઓછો વરસાદ કે અછત ધરાવતા તમામ અસરગ્રસ્ત વિસ્તારોને તાત્કાલિક દુકાળગ્રસ્ત જાહેર કરવા.
2. દેવા માફી: આફતમાં ફસાયેલા ખેડૂતોનાં બેંક અને સહકારી સંસ્થાઓનાં તમામ દેવા માફ કરવા.
3. વીજ થાંભલાનું વળતર: ખેતરોમાં વીજળીના થાંભલા અને લાઈનોને કારણે થતા નુકસાનનું પૂરતું વળતર આપવા.
4. પાક વીમા યોજના: પાક નિષ્ફળ જાય ત્યારે ખેડૂતોને રાહત આપવા પાક વીમાની પ્રક્રિયા તાત્કાલિક શરૂ કરવા.
5. જમીન માપણીમાં સુધારો: ખેડૂતોને હેરાન કરતી ખોટી જમીન માપણીઓ રદ કરવા.
6. સહાયના ધોરણોમાં વધારો: દુકાળના નિયમોમાં સુધારો કરી સહાય વધારવા, અસરગ્રસ્ત વિસ્તારોમાં ઘાસચારો પૂરો પાડવા, રોજગારીનાં કામો શરૂ કરવા તથા પીવાના અને પશુપાલન માટેના પાણીની વ્યવસ્થા કરવા.

ધો.6 અને 8ના પુસ્તકો ભૂલો સુધાર્યા વિના જ આપી દેવાયા : હાઈકોર્ટ નારાજ

અમદાવાદ : ધોરણ 6 અને ધોરણ 8ના પાઠ્યપુસ્તકોમાં કથિત ભૂલો સુધારી દીધાનો દાવો કરવા છતાં સરકારી શાળાઓ અને ખુલ્લા બજારમાં ભૂલભરેલા પુસ્તકો ફરતા હોવાના ગંભીર મામલે ગુજરાત હાઈકોર્ટ સમક્ષ એક જાહેરહિતની રિટ અરજી દાખલ કરવામાં આવી છે.

આ કેસની સુનાવણી દરમિયાન હાઈકોર્ટે પાઠ્ય પુસ્તક મંડળની ગંભીર ચૂક પર ભારે નારાજગી વ્યક્ત કરી છે અને સમગ્ર મામલે રાજ્ય પાઠ્ય પુસ્તક મંડળને નોટિસ જારી કરીને જવાબ માંગ્યો છે. અદાલતે આ કેસની વધુ સુનાવણી આગામી ડિસેમ્બર માસમાં મુકરર કરી છે.

સુનાવણી દરમિયાન હાઈકોર્ટે ટકોર કરતા જણાવ્યું હતું કે અરજદાર દ્વારા આ સમગ્ર મામલે રજૂઆત કરવામાં આવ્યા બાદ ગુજરાત રાજ્ય પાઠ્ય પુસ્તક મંડળની બેઠક મળી હતી, જેમાં નિષ્ણાતો દ્વારા અરજદારે રજૂ કરેલી મોટાભાગની ભૂલો સ્વીકારી લેવામાં આવી હતી. પરંતુ ત્યારબાદ પ્રશ્ન એ થાય છે કે ભૂલો સુધાર્યા વગર જૂના પુસ્તકો ચાલુ રાખવાનો શું મતલબ છે? અદાલતે આ બેદરકારી બદલ મંડળ પાસેથી સ્પષ્ટતા માંગી છે. રાજકોટના એમ.ડી. પેથોલોજિસ્ટ ડો. ભરતકુમાર કોયા દ્વારા હાઈકોર્ટમાં દાખલ કરવામાં આવેલી આ પીઆઈજીમાં રજૂઆત કરાઈ હતી કે વર્ષ 2025ના જુલાઈ મહિનામાં ધોરણ 8ના ગુજરાતી માધ્યમના સંસ્કૃતના પુસ્તકમાં તેમને કેટલીક ભૂલો ધ્યાને આવી હતી. તેમણે આ ભૂલો નોંધીને સુધારી હતી અને સુધારા સાથેનું પુસ્તક તથા પત્ર ગુજરાત રાજ્ય પાઠ્યપુસ્તક મંડળને મોકલી આપ્યા હતા. લગભગ બે મહિના પછી પાઠ્યપુસ્તક મંડળે તે ભૂલો સુધારીને પોતાની વેબસાઈટ પર અપલોડ પણ કરી દીધી હતી.



પાઠ્યપુસ્તક મંડળને નોટીસ આપી ખુલાસો માંગ્યો

આ જ પ્રકારે ધોરણ 6ના પ્રથમ સત્રના સંસ્કૃતના પુસ્તકમાં પણ અનેક ભૂલો હોવાનું સામે આવતા અરજદારે તે પુસ્તક પણ સુધારા સાથે પાઠ્યપુસ્તક મંડળને મોકલ્યું હતું, જેને પણ બે મહિના પછી સુધારીને વેબસાઈટ પર અપલોડ કરાયું હતું. જો કે, જૂન 2026માં શાળાઓમાં નવું શૈક્ષણિક સત્ર શરૂ થઈ ચૂક્યું છે ત્યારે અરજદારે ખુલ્લા બજાર અને સરકારી શાળાઓમાં ઉપલબ્ધ પુસ્તકોની તપાસ કરી હતી. ખુલ્લા બજારમાં મળતા પુસ્તકોમાં તો ભૂલો સુધારેલી જોવા મળી હતી, પરંતુ સરકારી શાળાઓમાં ભૂલો સુધાર્યા વગરના જૂના પુસ્તકો પર નવું લેબલ લગાવીને વિદ્યાર્થીઓને વિતરણ કરી દેવામાં આવ્યા હોવાનો ચોંકાવનારો ખુલાસો થયો હતો.

આ પીઆઈજીમાં અરજદાર દ્વારા ક્ષતિવાળા તમામ પુસ્તકો પાછા ખેંચી લેવામાં આવે અને વિદ્યાર્થીઓને સાચા તથા ભૂલ વગરના સુધારેલા પુસ્તકો પૂરા પાડવામાં આવે તેવી વિશેષ માંગણી કરવામાં આવી છે.

PRINTER / PUBLISHER / OWNER / EDITOR : **SEEMA SHAH** PUBLISHED : "STOCK TODAY" M : 99985 29220 : 102, Atithi Annexi Pritamnagar Akhada Paldi, Ahmedabad. (GUJARAT) 380 007.
Printed at JAY GRAPHICS AND PRINTERS, C/15, Vikram Chambers, Income Tax, Ashram Raod, Ahmedabad - 380 009.